ફ્રૂ૬ - ૧૯ - ૯ - ૯૨ . ૯/૨
ANAND ARTS COLLEGE LIBRARY

વેદ પરિચય પુસ્તિકા શ્રેણી : ૧૧

# યજુર્વેદ પરિચય

[ પુસ્તિકા : ૫ ]

5 NOV 1979
26 JUN 1976
1/66

આચાર્યશ્રી વિષ્ણુદેવ પંડિત

12581-62
(A.A.C) (GENERAL)
Comp. No 12581
Class No. 891.28 Cupb. No 9//2
Computer Library Acc No 12581

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ - ગુજરાત રાજ્ય

491.20
14121

વેદપરિચય પુસ્તિકા શ્રેણી : ૧૧

सुमतौ भद्रे सौमनसे स्याम । वा. सं. २०, ५२

અમે મન મતિ વિષે સારાં હિત વિચારીએ.

ANAND ARTS COLLEGE LIBRARY 14121 ANAND
5 NOV 1979

# યજુર્વેદ પરિચય

[ પુસ્તિકા : ૫ ]

26 JUN 1976
12581-62
ANAND ARTS COLLEGE LIBRARY ANAND

આચાર્યશ્રી વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત, એમ. એ.
વેદાન્તાચાર્ય, વ્યાકરણતીર્થ, વ્યાખ્યાન દિવાકર

ANAND ARTS COLLEGE, ANAND.
LIBRARY
Computer Code No.
Computer Library Acc No.
12581

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ
ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬

પ્રકાશક :
**ઇશ્વરભાઈ જે. પટેલ**
અધ્યક્ષ,
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.
**અમદાવાદ-૬**

© યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ

પ્રથમ આવૃત્તિ : માર્ચ, ૧૯૭૩

**હરિ ૐ આશ્રમ પ્રેરિત સ્વ. સાતવળેકરજી**
**સ્મારક શ્રેણી : મણકો અગિયારમો**

મૂલ્ય : રૂા. ૨-૦૦

મુદ્રક :
વિષ્ણુપ્રસાદ સો. પંડ્યા
સાહિત્ય મુદ્રણાલય, સિટી મિલ કંપાઉન્ડ,
કાંકરિયા રોડ, અમદાવાદ-૨૨

**વિક્રેતા :**
બાલગોવિંદ બુકસેલર્સ
ગાંધી રોડ,
અમદાવાદ-૧

ANAND ARTS COLLEGE LIBRARY ANAND

# નિવેદન

ભારતનાં ધર્મશાસ્ત્ર અને તત્ત્વજ્ઞાનના પાયાનો ગ્રંથ એ વેદસંહિતા. વેદકાળમાં ઋષિઓએ જે અનુભવદર્શન કર્યું, તેને વેદની ઋચાઓ દ્વારા વાચા આપી અને શબ્દબદ્ધ કરી. વેદ એ ભારતીય સંસ્કૃતિની પ્રાચીનતમ સંપત્તિ. સામાન્ય શિક્ષિત જનને વેદની વૈચારિક અને આધ્યાત્મિક સંપત્તિથી પરિચિત કરવાનો આ શ્રેણીનો હેતુ છે અને એટલે આમપ્રજાનું સત્ત્વ ખીલે અને એનું તેજ વધે તેવા પ્રયાસોમાં મગ્ન હરિૐ આશ્રમવાળા પૂજ્યશ્રી· મોટાએ રુપિયા ૨૦,૦૦૦/–નું દાન યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડને ટ્રસ્ટરૂપે સોંપ્યું તે અતિ આવકાર્ય બાબત બની છે. બોર્ડનું એ સદ્‌ભાગ્ય છે કે પૂજ્ય મોટાએ એના આ કાર્યનું નિમિત્ત બનવાનો પ્રસંગ આપ્યો અને શ્રી. વિષ્ણુદેવ પંડિત જેવા લેખક તથા ડૉ. ભગવતીપ્રસાદ પંડયા જેવા પરામર્શક અમને મળ્યા. સાહિત્ય મુદ્રણાલયવાળા શ્રી વિષ્ણુપ્રસાદ પંડયાનું ભાવપૂર્વકનું મુદ્રણકાર્ય એ પણ આ શ્રેણીની ખુશનસીબી છે.

પહેલી ૭ પુસ્તિકાઓમાં ઋગ્વેદને આવરી લેવાયો છે. યજુર્વેદની પ્રથમ પુસ્તિકાને જગદ્‌ગુરુ પૂ. શંકરાચાર્યજીએ પ્રેમપૂર્વક આવકાર આપ્યો તે અમારે મન સૌભાગ્યની વાત છે. બીજી પુસ્તિકાનો આમુખ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી અને સાક્ષરવર્ય ઉમાશંકર જોષીએ લખી આપ્યો છે તે આનંદની વાત છે. ત્રીજી પુસ્તિકાની ભૂમિકા વેદભાષ્યકાર પંડિતરાજશ્રી ભગવદાચાર્યજી મહારાજે લખી આપી છે. તેમનો આ તકે હું આભાર માનું છું. ચોથી પુસ્તિકાને ગોસ્વામી શ્રી વ્રજરત્નરાયજી મહારાજના આશીર્વાદ મળ્યા છે. એનો પણ કૃતજ્ઞતાપૂર્વક ઉલ્લેખ કરવો રહ્યો.આ પાંચમી પુસ્તિકા પ્રગટ થઈ રહી છે, તેને જાણીતા સાહિત્યકાર શ્રી કરસનદાસ માણેકનો આવકાર મળેલ છે. તેમનો પણ હું કૃતજ્ઞતાપૂર્વક આભાર માનું છું.

શ્રી. જગદ્‌ગુરુ શંકરાચાર્ય સ્મારક ન્યાસ દ્વારકા તરફથી યજુર્વેદ પરિચય પુસ્તિકા શ્રેણીના પ્રકાશનાર્થે રૂા. ૧૦૦૧) એક હજાર ને એક યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડને જગદ્‌ગુરુ શંકરાચાર્યશ્રી અભિનવ સચ્ચિદાનંદતીર્થ મહારાજે ભેટ આપ્યા છે તે સાભાર સ્વીકાર્યા છે.

સદ્‌વિચાર અને સદ્‌વિચારપ્રેરક તેમ જ ધર્મમૂલક સાહિત્યના પ્રચાર માટે આજીવન આપકમાણીનો ઠીક હિસ્સો ખર્ચનાર ટાઈલ્સવાળા શ્રી. ઓચ્છવલાલ ગોરધનદાસ શાહે (ખાડિયા ચાર રસ્તા, અમદાવાદ) આ વેદ પરિચય પુસ્તિકાના પ્રચાર અર્થે રૂા. ૨૫૧)–બસો એકાવન પૂરાનું દાન આપ્યું છે, તેની સાભાર નોંધ લેતા હું આનંદ અનુભવું છું. એજ પ્રમાણે શ્રી. વાલ્મિકભાઈ ગજેન્દ્રરાવ મજમુદારે રૂા. ૫૦૧)–પાંચસો એકનું દાન આપ્યું છે, તેમનો પણ હું આભાર માનું છું.

આવી સદ્‌ભાગી શ્રે[illegible] વાચકગણને પણ એવો જ ભાગ્યયુક્ત પ્રેમ [illegible] થાય તેવી પ્રભુ પ્રાર્થના.

યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, [illegible] ઈશ્વરભાઈ [illegible]
ગુજરાત રાજ્ય–અમદાવાદ. અધ્યક્ષ

ANAND ARTS COLLEGE, ANAND.
LIBRARY
Computer Code No. ______
Computer Library Acc No. ______
12581

# અનુક્રમ

સ્વાયંભુવઃ


| | | |
|---|---|---|
| (૧) | મન-મતિનાં જોડાણ | ૧-૧૫ |
| (૨) | જીવનનું માધુર્ય | ૧૬-૨૮ |
| (૩) | મૃત્યુ પર વિજય | ૨૯-૪૧ |
| (૪) | જીવન-મહાવ્રત | ૪૨-૭૨ |
| | પરિશિષ્ટ-૧ ટિપ્પણ | ૭૩-૮૨ |
| | પરિશિષ્ટ-૨ સ્વાધ્યાય પ્રશંશા | ૮૩-૮૮ |


સંકેત :

| | | | |
|---|---|---|---|
| ઋ. સ. | ઋગ્વેદ સંહિતા | તૈ. બ્રા. | તૈત્તિરીય બ્રાહ્મણ |
| અ. સ. | અથર્વવેદ ,, | શ. બ્રા. | શતપથ બ્રાહ્મણ |
| સા. સ. | સામવેદ ,, | તા. બ્રા. | તાંડયમહા બ્રાહ્મણ |
| તૈ. સ. | તૈત્તિરીય કૃષ્ણ યજુર્વેદ ,, | તૈ. આ. | તૈત્તિરીય આરણ્યક |
| કા. સં. | કાઠક ,, ,, ,, | | |
| મૈ. સં. | મૈત્રાયણી ,, ,, ,, | | |
| વા. સં. | વાજસનેયી શુકલ ,, ,, | | |

ANAND ARTS COLLEGE, ANAND
LIBRARY
Computer Code No ________
Computer Library Acc No ________

# ૧
# મન–મતિનાં જોડાણ

મન હોય, મતિ હોય, માનવને હિત કરવાનું ગમે અને તેને સફળતા પણ મળે. ભાવનાને વશ મન બને, એકલું તરંગે ચઢી જાય. જ્ઞાનનો ભાર વધી જાય, તો એકલી મતિ જડ બની જાય. જીવનમાં જ્ઞાન અને ભક્તિ બંનેનો સુમેળ કરવાનો છે. જ્ઞાન શિરના સ્થાને છે, ભક્તિ હૃદયનું રૂપ છે મસ્તક અને હૃદય જોડવાનાં છે. આ વિષે પ્રાચીન ઋષિ બોધ આપે છે :

૧ "આ પુરુષના મસ્તકને અથર્વા–સ્થિર ઋષિએ હૃદયની સાથે સીવી દીધું. આથી બન્યું શું ? જે હૃદયનો ભાવ હતો તે મસ્તક સુધી ઊંચે પહોંચી ગયો અને જે શિરમાં રહેલ જ્ઞાન હતું, તે અધિક શુદ્ધ બની ગયું. હળવું બની ગયું.

આ વિષે બીજા પણ ઘણા ઋષિમુનિઓ સંમત થયા છે :

૨ જે પુરુષ વિપ્ર–જ્ઞાની છે. ઉદાર ચરિત છે અને અનુભવે કસાએલ છે, તેના મનનો મેળ; એવા જ બીજા વિપ્ર–જ્ઞાની–જનોએ કરી લીધો, સાથે સાથે તેની મતિનો સુમેળ પણ સાધી લીધો.'

આમ તો શરીરના બે ભાગ ગણાય. એક માથું અને બીજું ધડ. એ બંને જોડાએલાં જ હોય, પણ ઘણીવાર બને છે, તેમ ઉપર ઉપરનાં જોડાણ હોય; અંદરના મેળ ન હોય. એવું બને છે કે, સમજણ બીજી હોય ને ભાવ જુદો હોય. ક્યાંક નાટક કરવું પડે, ક્યાંક સમજણ વિના કરવું પડે. જીવનનો આનંદ ચાલ્યો જાય. જીવન નિષ્ફળ બની જાય.

---

૧. અ. વે. ૧૦, ૧૨, ૧૫ ૨. ઋ. વે. ૫, ૮૧, ૧, તૈ. સં. ૧, ૨, ૧૩, ૧ મૈ. સં. ૪, ૯, ૧, ૧ વા. સં. ૫, ૧૪ તૈ. આ. ૪, ૨

ANAND ARTS COLLEGE, ANAND
LIBRARY
Computer Code No
Computer Library Acc No
12581

આ વિષેની એક પ્રાચીન કથા બ્રહ્મવાદી રજૂ કરે છે :

૧ ‘એક વખતે દેવોએ મોટા એક યજ્ઞમાં બેસવાનું ગોઠવી દીધું. લાંબા કાળ સુધી ચાલે એવું એ સત્ર હતું. આમાં દેવ અગ્નિ, ઈન્દ્ર, સોમ, મખ, વિષ્ણુ અને વિશ્વેદેવો બેસવાના હતા. દેવ અશ્વિનીકુમારોને પડતા મુકવામાં આવેલા.’

આ સત્ર દેવયજન માટે તેમણે કુરુક્ષેત્રમાં બેસવાનું પસંદ કર્યું. સત્ર શરુ કરતા પહેલાં તેમણે વિચાર કર્યો : ‘આપણે આ કાર્યથી મોટી પ્રતિષ્ઠા–શ્રી શ્રમની પ્રતિષ્ઠા સાધવી છે; જેથી આપણે યશ મેળવીએ અને ઉત્તમ પ્રકારનાં અન્નના દાની બનીએ.

‘હવે આપણે એક કામ કરવાનું છે. સત્ર તો ઘણું લાંબુ છે; એટલે આપણે બધાએ શ્રમ કરવાના છે, તપ આચરવાનાં છે, શ્રદ્ધાથી કામ પાર પાડવાનું છે. અને યજ્ઞ–સેવાનાં કાર્ય કરવાનાં છે. આહુતિ–બલિદાન આપવાનાં. આમાં એવું બને કે, આપણામાંનો કો'ક એક દેવ સૌથી પહેલાં યજ્ઞ સમાપ્ત કરી લે, તો તે આપણા બધામાં મોટો–શ્રેષ્ઠ ગણાય; પણ તેણે આપણા બધાના સાથ સહકાર સાધવાનો; તેણે એકલા પડી જવાનું નહિ.’

આ શરત બધાએ માની લીધી અને યજ્ઞ કાર્યમાં બધા દેવો બેસી ગયા.

આ યજ્ઞ કાર્યમાં દેવ વિષ્ણુએ સૌથી પહેલાં સમાપ્તિ કરી લીધી. આને કારણે તો તે વિષ્ણુ દેવોમાં શ્રેષ્ઠ ગણાયા.

આમ વિષ્ણુને જે યશ મળ્યો; તેને તે જીરવી શકયા નહિ. આવું બને છે. કો'કને કાર્યમાં સફળતા મળી જાય; તો તેનો યશ બધાને ભાગે જવો જોઈએ. કારણ કે બધાના સાથ સહકાર હોય છે. તેને બદલે એકલો યશભાગી બને; તો જાણવું કે; આ માણસ યશને જીરવી શકયો નહિ.

દેવ વિષ્ણુએ પોતાના હાથમાં એક ધનુષ્ય અને ત્રણ બાણ લીધાં. થોડે દૂર તે ચાલ્યા ગયા અને ધનુષ્યની અણી પર માથું ટેકવી બેસી ગયા. વિષ્ણુના એ વર્તનને બીજા દેવો સહન કરી શકયા નહિ. તેમણે બધાએ ભેગા મળીને વિચાર કર્યો; ‘આનો કોઈ ઉપાય શોધવો જોઈએ.’

તે વખતે આ દેવોની સહાયે ઉધાઇ આવી. વસ્તુમાં છેદ પાડે, માટે તે વવ્રિ ગણાય છે અને તે જ્યાં લાગે, ત્યાં જલ ચૂસી લે, માટે ઉપદીકા કહેવાય છે. આ ઉધાઇની દેવીએ જણાવ્યું : અમારામાંથી કો'ક ઉધાઈ વિષ્ણુ પાસે જાય અને ધનુષ્યની દોરી ખાઈ જાય, તેને તમે શું આપશો ?

---

૧. શ. બ્રા. ૧૪, ૧, ૧

તેના ઉત્તરમાં દેવોએ કહ્યું 'અમે તેને ઉત્તમ પ્રકારનાં અન્ન આપીશું. વર-દાન આપીશું કે નપાણીઆ મરુદેશમાં ખોદશે, તો ત્યાં પણ પાણી મળશે.'

તે પ્રમાણે ઉધાઈ તે વિષ્ણુની પાસે પહોંચી ગઈ અને ધનુષ્યની દોરી ખાઇ ગઈ. આમ દોરી તો કપાઈ ગઈ; તેની સાથે જ ધનુષ્યની બંને અણીઓ છટકી ને તેમણે વિષ્ણુના શિરને છેદી નાખ્યું.

આ શિર છેદાયું, ત્યારે તે 'ઘૃહ્' અવાજ સાથે પડયું અને તે પડતાંની સાથે જ સૂર્યમંડલમાં ચાલી ગયું; તેણે સૂર્યનું રૂપ ધારણ કરી દીધું. બાકીનું જે ધડ રહી ગયું, તે તો પૂર્વ દિશા તરફ ફેલાઈને રહી ગયું.

શિર પડવાને કારણે જે ઘૃક્ અવાજ થયો, તેથી તો 'ધર્મ' શબ્દ બન્યો. ધડ ફેલાઈને પડયું : प्राबृज्यत એમાંના प्रबृज ધાતુ પરથી પ્રવર્ગ્ય શબ્દ બન્યો.

આ ઈન્દ્ર વગેરે દેવો બોલી ઉઠયા : 'અરે, આપણામાં આ તો મહાન વીર હતો જેનું આમ પતન થયું છે. દેવોના કથન પરથી 'મહાવીર' શબ્દ બન્યો. એ શરીરમાંથી જે રસ વહી જતો હતો; તેને બધા દેવોએ હાથ વડે ભેગો કરી દીધો : सममृज्जु : એ सम्‌मृज् ધાતુ પરથી સમ્રાટ્ શબ્દ બન્યો છે.

ધર્મ, પ્રવર્ગ્ય, મહાવીર અને સમ્રાટ આ ચાર શબ્દો પારિભાષિક છે.

એ બધા દેવો ત્યાં પહોંચી ગયા, જ્યાં વિષ્ણુનું શરીર પડયું હતું. વિષ્ણુએ જે યશ લાભ–વિત્તિ મેળવી લીધાં હતાં; તેમાં પોતાને ભાગ મળી જાય; એ ઇચ્છા દેવોના મનમાં હતી. સૌથી પહેલાં તો દેવ ઈન્દ્ર પહોંચી ગયા. તેમણે તે શરીરનાં અંગ અને ઉપાંગ જોડી દીધાં. આને કારણે તેમને શરીરમાં રહેલ યશની પ્રાપ્તિ થઈ. આજ રીતે જે અંગ ઉપાંગને જોડે છે, તેને એ યશ મળે છે.

આમ ઇન્દ્રે જે અંગ ઉપાંગ જોડયાં, તે તો મખ–યજ્ઞ હતો અને એ મખ તો વિષ્ણુરૂપે હતો. આમ ઈન્દ્રે મખનાં અંગ ઉપાંગ જોડયાં; માટે તે ઈન્દ્રનું નામ મખવાન્ બન્યું. ઇન્દ્રને મખવાન્ કહેવાને બદલે મઘવાન કહે છે. તેનું કારણ આ છે. કોઈ મોટા માણસને તેના નામથી બોલાવો; તે તેને ગમતું નથી. એકાદ ઉપ-નામ કે બિરુદ આપવામાં આવે છે. દેવોને પણ આવાં પરોક્ષ નામ ગમતાં હોય છે. આમ ઇન્દ્ર મખવાન્‌ને બદલે મઘવાન ગણાય છે.

પેલી વમ્રિ–ઉધાઇને દેવોએ ઉત્તમ અન્ન ખાવા માટે આપ્યું. ઉપદીકા–ઉધાઇ ચીજને ભીની બનાવી ખાઇ જાય છે. માટે તેમને અન્નરૂપે પાણી મળે છે.

આમ જ્યારે ઈન્દ્રે વિષ્ણુરૂપ યજ્ઞનાં અંગ જોડી દીધાં; ત્યારે દેવોએ ભેગા મળી, તે યજ્ઞના ત્રણ વિભાગ કર્યા. વસુ નામના દેવોએ પહેલો ભાગ લીધો; તેથી સવારે સેવા–પૂજા થાય છે, માટે તેને प्रातःसवन કહે છે. રુદ્ર દેવોએ બીજો ભાગ

લીધો, તેથી બપોરના સેવા પૂજા થાય છે, માટે તેને માધ્યન્દિન સવન કહે છે. આદિત્ય દેવોએ ત્રીજો ભાગ લીધો, તેથી સાંજની સેવા પૂજા થાય છે, માટે તેને तृतीयसवन કે सायं સવન કહે છે. प्रातः सवनના દેવ અગ્નિ, माध्यंदिन સવનના દેવ ઇન્દ્ર અને तृतीय सवनના દેવ विश्वेदेवाः છે. प्रात : સવનનો છંદ ગાયત્રી, माध्यंदिन નો त्रिष्टुप् અને तृतीय सवनનો જગતી છંદ છે.

દેવોએ આમ યજ્ઞની રચના કરી અને તેનાં અર્ચન–સેવન પણ શરુ કર્યાં. જોકે આ યજ્ઞનાં અંગ ઉપાંગ જોડેલાં હતાં, પણ તેનું શિર તો ઊડી ગયું હતું. પરિણામ એ આવ્યું કે, દેવોએ યજ્ઞ કરવામાં ઘણા પ્રકારના પરિશ્રમ ઉઠાવ્યા; પરંતુ તેમને તેમાં સફળતા મળી નહિ.

આ કથાનું રહસ્ય આ છે : દેવોએ યજ્ઞ જેવા પરમાર્થના કાર્યમાં મન તો જોડયાં, પણ મતિ જોડી નહિ. વિષ્ણુએ મનમતિ બંને જોડયાં, પણ સિદ્ધિ મેળવી લીધા પછી દેવોની સાથે મનના મેળ જોડયા નહિ. પરિણામે સેવાનાં કાર્ય અધૂરાં રહી ગયાં. સમાજ અને રાષ્ટ્રની સેવા કરવામાં પરસ્પર સાથ સહકાર લેવાય છે; પણ સિદ્ધિ મેળવી લીધા પછી અગ્રણી લોકો જુદા પડી જાય છે ને પ્રજાજનોનાં કાર્ય અધૂરાં રહી જાય છે. મન મતિના સુમેળ હોય, તો જ રાષ્ટ્રની પ્રગતિ સધાય.

આ જ કથાને બીજા એક બ્રહ્મવાદીએ આ રીતે રજૂ કરી છે :

[૧] 'પહેલાં દેવોએ યશ પ્રતિષ્ઠા મેળવવાની ઇચ્છાથી એક લાંબા સમયની યોજના કરી. તેને માટે તેમણે ઘણા પ્રકારનાં સાધન સામગ્રી સમૃદ્ધિ મેળવી લીધાં હતાં. તે દેવોએ ભેગા થઈને વિચાર કર્યો. 'આ સત્રમાં બેઠેલા દેવોમાંથી જેને પહેલો યશ મળે, તે યશ તેનો પોતાનો ન ગણાય; પરંતુ તે યશના ભાગીદાર આપણે બધા સમાન રીતે ગણાઈએ.'

આ વિશાળ સત્રના યજ્ઞની વેદિ તેમણે કુરુક્ષેત્ર પ્રદેશને બનાવી. તે પ્રદેશની દક્ષિણ ભાગે ખાંડવ વન આવેલું છે. ઉત્તરના તૂર્ઘ્ન નામે પ્રદેશ છે અને નીચેના પડખામાં પરીણત્ નામનો પ્રદેશ છે. ઉત્તર ભાગની બાજુએ મરુ પ્રદેશ છે; તેને તો ઉત્કર–કચરો નાખવાનો ખાડો બનાવ્યો.

હવે એવું બન્યું કે, જુદા જુદા યજ્ઞોના ગૃહપતિ–યજમાન જુદા જુદા દેવો બન્યા હતા. તેમાંના જે એક યજ્ઞના ગૃહપતિ વિષ્ણુ બન્યા હતા. તે યજ્ઞને યશ પ્રતિષ્ઠા મળી ગયાં. એથી એમ કહેવાયું કે, વિષ્ણુએ સત્રનાં અનુષ્ઠાન કર્યાં છે.

આ રીતનો યશ મળી ગયો, તે વિષ્ણુને ગમી ગયું. તે તો ત્યાંથી યશ લઇ, દેવોથી દૂર અપક્રમણ કરી ગયા; પલાયન થઇ ગયા. બીજા દેવો તે યશને રોકી

---

૧. તૈ. આ. ૫, ૧

લેવાની ઇચ્છાથી વિષ્ણુની પાછળ પડયા. દેવો પાછળ પડયા છે, તે વિષ્ણુએ જોયું. તેમના ડાબા હાથે તો ધનુષ્ય અને જમણા હાથે બાણ આવી ગયાં.

જ્યાં વિષ્ણુને ધનુષ્ય અને બાણ મળી ગયાં, તે પ્રદેશ તો ઇષુધન્વા નામે પ્રસિદ્ધ થયો. ત્યાં યજ્ઞનો જન્મ થયો હતો, માટે તે પુણ્યપ્રદેશ ગણાયો.

આ વિષ્ણુ હતા એકલા; પણ તેમણે ડાબે હાથે ધનુષ્ય અને જમણે હાથે બાણ રાખ્યાં હતાં, તેને કારણે દેવો ઘણા હતા; તોપણ તે વિષ્ણુને હરાવી શકયા નહિ. આમજ લોકમાં પણ બને છે. બાણ અને ધનુષ્ય લઈ, એકલો વીર પુરુષ ઊભો હોય; તેને બીજા લોકો હરાવી શકતા નથી.

દેવોની એ દશા જોઈ, ધનુષ્યધારી યજ્ઞપુરુષને હસવું આવ્યું. 'જુઓ તો ભલા મને એકલાને પણ આ બધા દેવો ભેગા થઈને હરાવી શકતા નથી.' કોઈની લાચારી જોઈ હસવું સારૂં તો ન ગણાય; એ તો ગર્વ ગણાય. આ હસવાને કારણે વિષ્ણુએ જે ગર્વ બતાવ્યો, તેને કારણે તેમના શરીરનાં તેજ ચાલ્યાં ગયાં. હવે તે તેજને ભેગાં કરી, દેવોએ તેને ઓષધિઓમાં રાખી દીધાં, આને કારણે ઓષધિઓ श्यामक નામે બની ગઈ. તેને જ સામો કહે છે; જેને યજ્ઞમાં દીક્ષા લેનાર અન્ન તરીકે લે છે.

આ પરથી બોધ લેવાનો છે કે, જેણે યજ્ઞમાં દીક્ષા લીધી હોય; તેણે ગર્વ કરવો નહિ. ગર્વ ન કરે, તો તેજ ધારણ કરાય.

વિષ્ણુ તો થોડે દૂર જઈ, ધનુષ્યને ટેકવી ઉભા રહી ગયા. ત્યારબાદ જે ઉપદીકા-ઉધાઈ હતી, તે દેવોની પાસે પહોંચી અને તેમણે વરદાન માટે માંગણી કરી. જો તમે અમને વરદાન આપો, તો અમે તમારા વતી આ યજ્ઞપુરુષ વિષ્ણુને સાધી લઈએ, હરાવીએ. અમારી માંગણી આ છે. અમે ભૂમિમાં જે ઠેકાણે ખોદીએ ત્યાં અમને પાણી મળે, જેથી વસ્તુને ભીની કરી લઈએ. આને કારણે ધરતી પર રાફડો બનાવી દેનાર આ જીવાતને ઉપદીકા-ઉધાઈ કહી છે. તે જયાં પણ ખોદે, ત્યાં તે જલથી ભીનાશ લાવી દે છે. આ સિદ્ધિ તેમને વરદાનથી મળેલી છે.

એ પ્રમાણે પેલી ઉધાઈ ધીરે ધીરે વિષ્ણુની પાસે પહોંચી ગઈ અને ધરતી પર ધનુષ્યની દોરી અડેલી હતી, તે દોરીને ખાઈ ગઈ. આને લીધે તે ધનુષ્ય છુટું પડતાં, ઊંચે ચઢી ગયું અને તેણે યજ્ઞપુરુષનું શિર ઉપાડી લીધું. એ શિર ઊંચે દ્યુલોક સુધી પહોંચ્યું અને ત્યાંથી પૃથ્વીલોક પર આવીને પડયું. આમ તે શિર અનુક્રમે દ્યુલોક અને પૃથ્વીલોક સુધી ફર્યું હતું. આમ તે શિર ફર્યું : प्रावर्तत તેથી તેનું નામ પ્રવર્ગ્ય પડયું. ધરતી પર પડતી વેળાએ ध्रां શબ્દ થયો, તેથી घर्म નામ પડયું. વિષ્ણુરૂપ તે મહાન વીર યજ્ઞપુરુષથી યજ્ઞના સારરૂપ શિર પડયું, માટે તેનું નામ महावीर પડયું. તે શરીરનો રસ પૃથ્વી પર ફેલાયો; તેને દેવોએ ભરી

લીધો અને તે રસ સારી રીતે રાજમાન–ચમકતો હતો, માટે તેનું નામ સમ્રાટ્ પડ્યું.

દેવોએ શિર વિનાના દેહના ત્રણ ભાગ કરીને વહેંચી દીધા. અગ્નિને પ્રાતઃ સવન, ઇન્દ્રને માધ્યંદિન સવન અને વિશ્વેદેવોને તૃતીયસવન. એ યજ્ઞ તો શિર વિનાનો હતો, એટલે તેના અનુષ્ઠાનથી યજમાનોને ધારેલાં ફળ મળ્યાં નહિ અને સ્વર્ગલોક પણ મળ્યા નહિ.

ત્યારબાદ આ દેવોએ અશ્વિનીકુમારોને બોલાવીને કહ્યું કે, 'તમે બે અમારા ભિષગ વૈદ્ય છો. તો અમારા યજ્ઞનું શિર જોડી આપો.' તેમણે કહ્યું, અમે તમારી પાસે વરદાન માંગીએ છીએ. તે એ કે; તમે જે આ સોમયાગ કરો છો, તેમાં અમને ભાગ મળવો જોઈએ. અમારે માટે પણ સોમરસ ગ્રહપાત્રમાં ભરવામાં આવે. આમ તેમણે વરદાનથી સોમયાગનો ભાગ માંગી લીધો. ત્યારબાદ તેમણે યજ્ઞપુરુષનું શિર જોડી દીધું. આમ તેમણે યજ્ઞના શરીર પર શિરનું જોડાણ કર્યું; તે શિર તો પ્રવર્ગ્ય નામે ગણાય છે. તેમજ યજ્ઞના ધડ પર શિર જોડવાની ક્રિયાને પણ પ્રવર્ગ્ય કહે છે. આ રીતે શિર સાથેના યજ્ઞથી યજન કરનારા દેવોને ધારેલાં ફળ મળી ગયાં અને સ્વર્ગલોક પણ મળી ગયા.

આ રીતે જે યજમાન પ્રવર્ગ્ય નામના કર્મનું અનુષ્ઠાન કરે છે; તે તો યજ્ઞના શિરને જોડવાનું કામ કરે છે. આમ શિર સાથેના યજ્ઞના યજનથી યજમાન પોતાની સેવેલી આશાઓ પ્રમાણેનાં ફળ મેળવે છે. અને સ્વર્ગ લોક પણ મેળવે છે. આ પ્રવર્ગ્ય યજ્ઞમાં અશ્વિનીકુમારોને ઉદ્દેશીને વધારાના મંત્રો પણ જોડવામાં આવ્યા છે.

ઉપર એક કથાનાં બે અવતરણ આપ્યાં છે. કથા એક સરખી છે, પણ કથનમાં ફેર પડે છે. તેનું કારણ એક છે, કથા રૂપકની રીતે રજૂ થઇ છે. ઇન્દ્ર, વિષ્ણુ જેવા દેવો તો પરહિતનાં કાર્યો કરતા હોય છે. તેમને પણ ગર્વ આવી જાય. એક બીજાને ગણે નહિ અને મનમાની કરે. તો તેનું પરિણામ વિપરીત આવે. આ પરથી બોધ લેવાની સૂચના છે. સાચી વસ્તુ મેળવવા માટે, સિદ્ધિ અને સફળતા પામવા તો શ્રદ્ધાની જરૂર છે. આ વિષે ઋષિની બોધવાણી છેઃ

૧ 'તમે જીવનમાં સારૂં વર્તન, પરોપકાર, યજ્ઞ જેવું ઉદાર કર્મ કરવાની, ભાવના સેવતા હો; તો તે કર્મને તમારા જીવનનું એક વ્રત ગણવું જોઈએ. એ વ્રત એક પ્રતિજ્ઞા બની રહે; તેને માટે તમારે દીક્ષા લેવી જોઈએ. વ્રત કરવાની વૃત્તિ હોય. તો દીક્ષા મળે. કો'ક અધિકારી, અનુભવી, તત્ત્વજ્ઞાનીના માર્ગદર્શન વિના દીક્ષા મળતી નથી. એ દીક્ષા મેળવી લીધા પછી સાધકજનને દક્ષિણા મળે છે;

---

૧. વા. સં. ૧૯, ૩૦

કાર્ય કરવાની કુશળતા મળે છે. એ કુશળતા જ શ્રદ્ધા પેદા કરે છે. એ અંદરની ભાવના છે; જેને કાર્યકુશળ, દક્ષ, સાધકજન જગાડે છે. એ શ્રદ્ધાને આધારે સત્યની પ્રાપ્તિ થાય છે.

અહીં શ્રદ્ધાને સત્યની સાથે જોડે છે. શ્રદ્ધામાં જે શ્રત્ શબ્દ છે; તે જ સત્યનો વાચક છે. સત્યને ધારણ કરે; તે જ શ્રદ્ધા છે. આ પ્રકારની શ્રદ્ધા દેવોના હૃદયમાં જાગી ન હતી. તેમણે જે યજ્ઞનો આરંભ કર્યો; તેમાં શ્રદ્ધાની ઉણપ હતી અને તેથી તેમનાં યજ્ઞ કાર્ય અધૂરાં રહી ગયાં હતાં. યજ્ઞનું મસ્તક ઉડી ગયું હતું; એમ કથામાં કહ્યું છે, તેનું તાત્પર્ય આ છે. એ મસ્તકને જોડવાનું છે. તે માટે આ બ્રહ્મવાદીઓએ એક વિશેષ પ્રકારનો યજ્ઞ કરવાનું સૂચન કર્યું છે. અશ્વિનીકુમારોએ યજ્ઞપુરુષના મસ્તકને જોડી દીધું; એ જ રીતે સાધકજને યજ્ઞ પુરુષના મસ્તકને જોડવાનું છે. આ પ્રકારના યજ્ઞને પ્રવર્ગ્ય કહે છે.

પ્રવર્ગ્ય કરવાની પ્રક્રિયા પણ રહસ્યથી ભરેલી છે. એ ખાલી કર્મ નથી, એકલો પરિશ્રમ નથી. શ્રમ સાથેની શ્રી છે. જ્ઞાન સાથે ગમ્મત છે. વિજ્ઞાનનો એકાદ પ્રયોગ કરો. એ પ્રયોગ તો સફળ થવાનો છે; પણ જે વિજ્ઞાની છે, તેને તો પ્રયોગમાં આનંદ આવે છે, તેટલો પ્રયોગ સફળ થયા પછી કદાચ આનંદ ન પણ આવે. પેલો વિજ્ઞાની પ્રયોગ કરતો જાય છે, સમજણ વધારતો જાય છે અને પગલે પગલે મન–મતિને જોડતો જાય છે.

આ પ્રવર્ગ્ય પણ એક પ્રકારનો સાદો પ્રયોગ છે. આજે પણ આ પ્રયોગ થઈ શકે છે. તેની પ્રક્રિયા સીધી સાદી છે, પણ તેની સાથે સમજણ મૂકવામાં આવી છે. પ્રક્રિયાની સાથે સાથે મંત્ર ભણવાના છે. આ મંત્ર મનનપૂર્વક ભણતા જાઓ અને પ્રયોગ કરતા જાઓ. તેની શરુઆત મંત્રથી થાય છે :

'અમે મનને જોડીએ છીએ, અમે મતિ–ધીને જોડીએ છીએ.'

પ્રયોગ શરુ કરો, તે પહેલાં શાંતિપાઠ ભણવાની સૂચના છે.

૧'ઋચાને વાણીરૂપે મેળવીએ, યજુને મનરૂપે મેળવીએ, સામને પ્રાણરૂપે મેળવીએ.'

૨ 'એ ઉદિતા વાણીને નમસ્કાર; જેનો પહેલાં–કાર્ય કરતા પહેલાં ઉદય થયો છે; હવે કાર્ય કરતા પહેલાં જેનો ઉદય થયો ન હોય; અનુદિતા વાણી છે; તેને નમસ્કાર; કારણ કે કર્મ કરતાં તેનો ઉદય થતો રહે છે. વાણીને નમસ્કાર; તેની સાથે વાચસ્પતિને નમસ્કાર.

'એ ઋષિઓને નમસ્કાર; જેમને મંત્રોના લાભ થયા છે, જેમણે મનન કરીને

---

૧. વા. સં. ૩૬. ૨. તૈ. આ. ૪, ૧

અનુભવની વાણી મેળવી લીધી છે. પરાપૂર્વ–પરંપરાને અનુસરી જેમણે મંત્રોનાં પાલન કર્યાં છે, શ્રવણથી તે સાંભળી લીધા છે અને મુખમાં ધારણ કરી લીધા છે, માટે તે ઋષિઓ મંત્રકૃત, મંત્રપતિના રૂપે રહેલા છે. એ ઋષિઓ કૃપા કરીને મારી તરફ મીઠી નજર રાખે. મારો અનાદર ન કરે. મને અવગણે નહિ. એ જ રીતે હું અનુષ્ઠાન કરનાર, સાધકજન. એ ઋષિઓની અવજ્ઞા ન કરૂં. તેમની તરફ આદર ભાવ રાખું, કારણકે આ ઋષિઓ મંત્રકૃત્ છે, મંત્રપતિના રૂપે રહેલા છે.

'હાં, પ્રવર્ગ્ય યજ્ઞ મારે કરવાનો છે, તેનાં મનન–મંત્ર પઠન હું મધુર રીતે કરું, કર્મની પ્રક્રિયા પણ મધુર રીતે કરૂં. કર્મની શરૂઆતથી સમાપ્તિ સુધીનો મારો વ્યવહાર મધુર બની રહો. મારી વાણી મધુર–મંત્રો ભણે. આ યજ્ઞમાં જે દેવોને મારે બોલાવવા છે, તેમને માટે મધુર વાણીનો ઉદય થાય. આ યજ્ઞમાં જે જે મનુષ્યોની સાથે મારે કાર્ય કરવાનાં છે: તેમની સાથે આદરથી વ્યવહાર કરૂં. તેમની તરફ સેવા ભાવ જાગે–હું આપની શું સેવા કરી શકું ? એવી શુશ્રૂષાભરી વાણી હો. મારા આ વ્યવહારની શોભા માટે દેવો મારાં રક્ષણ કરો. પિતૃજનો રાજી રહો.'

લોક વ્યવહારમાં જે કર્મ કરવાનાં છે; તે તો એકલાં કર્મ છે. આ યજ્ઞ કર્મ તો જીવનનું અનુષ્ઠાન છે; માટે કર્મની સાથે મંત્રનો વિનિયોગ કરવાનો છે. એ મંત્રોનાં રક્ષણ કરનારા ઋષિઓ છે; તેમને મંગળાચરણમાં યાદ કરવા માટેનો આ શાંતિપાઠ છે.

આ પ્રવર્ગ્ય માટે મહાવીર નામના ઘડાની રચના કરવાની છે. જેમ એક કુંભાર કુહાડી લઈ ખાણમાંથી માટી લાવે, તેમાં પાણી મેળવે. માટીને સારી રીતે કમાવે, કેળવે, પીંડો બનાવે. માટીના એ પીંડાને ચાક પર ચઢાવે. પીંડાને ઘડતો જાય, ઘાટ આપતો જાય અને આકાર બનાવતો જાય. એ રીતે ઘડો તૈયાર થાય. તેને નિભાડામાં મુકી પકાવે. એ પાકો ઘડો તૈયાર થાય.

વ્યાકરણ મહાભાષ્યની રચના કરનાર ભગવાન પતંજલિ જણાવે છે:

[1]'જેને ઘડો જોઈએ છે, તે માણસ કુંભારવાડામાં જાય છે ને કુંભારને જણાવે છે, 'ઘડો બનાવ, મારે તેનું કામ પડયું છે. આ રીતે કોઈ માણસ કુંભાર પાસે જાય અને ઘડો બનાવવાનું કહે, તે વાત બરાબર છે, પણ જેને ભાષામાં શબ્દોનો પ્રયોગ કરવો છે, તેને શબ્દોનું કામ પડે છે. એટલા માટે તે કો'ક શબ્દ ઘડનારા વ્યાકરણ શાસ્ત્રી પાસે પહોંચી જાય, એવું તો બનતું નથી. આનું કારણ શું ? ઘડો ઘડવો એ કાર્ય છે, એ રીતે શબ્દો ઘડવા, તે કાર્ય નથી. શબ્દો ઘટતા વધતા નથી. ઘડેલા–સિદ્ધ થએલા શબ્દો જ પ્રયોગમાં આવે છે. શબ્દ ઘડેલા છે, શબ્દનો અર્થ સાથે સંબંધ પણ ઘડેલો છે, તો સાથે અર્થ–પદાર્થ પણ ઘડેલા છે.

---

१. पातञ्जल महाभाष्य (पस्पशाह्निक)

એ પ્રમાણે આ પ્રવર્ગ્ય યજ્ઞમાં મંત્રો ઘડવાના નથી. મંત્રોનો વિનિયોગ કરવાનો છે. એક એક મંત્ર ભણતા જવાનું, મહાવીર ઘડાંને ઘડવાનું કાર્ય અને તેને પ્રવર્ગ્ય યજ્ઞમાં જોડવાનો પ્રયોગ કરવાનો છે. કાર્ય અને મંત્ર સાથે સાથે ચાલે, તો કાર્ય મધુર બને. આનંદ સાથે કાર્ય થાય, તો કાર્ય શોક સંતાપ હરી લે આ તો શ્રમનો મહિમા છે. હાથ રમતા હોય અને મનમાં શમતા હોય. શાંતિ ન હોય, તો બળતરા થાય અને તેમાંથી બળવો જાગે ને કાર્ય અધુરાં રહી જાય વિશેષ કરીને સમાજ અને રાષ્ટ્રના હિતનાં કાર્ય કરવાં હોય; તો પરસ્પરના સાથ સહકાર અને મધુર વ્યવહાર હોવા જરૂરી છે. આજે તો જ્યાં ત્યાં સહકારનો અભાવ દેખાય છે.

સાધકજને કુંભકાર પ્રજાપતિ બનવાનું છે. ખાણમાંથી માટી ખોદી લાવવાની છે. આમાં સાધારણ કુહાડી કામ નહિ આવે. ખદિરની કુહાડી બનાવે, કારણ કે,

[1]'પહેલાં ગાયત્રી નામના છંદને મનમાં ગર્વ જાગ્યો 'હું બધા છંદો કરતાં મહાન છું. પહેલાં સ્વર્ગમાં સોમ હતો, તે લેવા છંદ ગયા, હારીને પાછા આવ્યા. હું જાતે સોમ લઇ આવી.' આમ ગાયત્રીએ તો બધા છંદોનાં અપમાન કરવા માંડયાં. વષટ્કાર નામના દેવે આ જોયું. તેણે તો ગાયત્રી પાસે જઈને, તેનું શિર છેદી નાખ્યું, તેના શરીરમાંથી બે પ્રકારના રસ વહેવા લાગ્યા. અડધો રસ પૃથ્વીમાં ગયો, અડધો પશુઓમાં ચાલ્યો ગયો. જે રસ પૃથ્વીમાં ગયો, તેમાંથી આ ખદિર નામનું વૃક્ષ બન્યું છે. જે પશુઓમાં ગયો, તેથી અજા–બકરી બની છે. હવે જે અભ્રિ–કુહાડી બનાવો, તે આ ખદિરના લાકડાની બનાવો, કારણકે છંદોના રસથી યજ્ઞના શિરને ભરવાનું છે.

ઉદુંબરના લાકડાની બનાવો, કારણ કે ઉદુંબર એ તો ઉર્જ–બલ છે. બલથી તો યજ્ઞના શિરને ભરવાનું છે. વાંસની બનાવો, કારણકે વાંસ એ તેજનું રૂપ છે અને તેજથી તો યજ્ઞના શિરને ભરવાનું છે. વિકંકત–વૃક્ષની બનાવો, કારણ કે તે વૈકંકત ભાને રોકી રાખે છે, પ્રતિભાને સાચવે છે.

એ અભ્રિ–કુહાડીને હાથમાં લઇ, માટી ખોદતી વખતે આ મંત્ર ભણવોઃ [2]'હે દેવિ અભ્રિ, દેવ સવિતાની આજ્ઞામાં રહીને હું આ કાર્ય કરૂં છું. મારા હાથ તે અશ્વિનીકુમારોના છે. અને બાહુ પૂષાદેવના છે. તું નારી છે. દેવોના અધ્વર–યાગનાં કાર્ય તારાથી થવાનાં છે.'

અભ્રિથી માટી ખોદતાં, આ મંત્રનો જપ કરવો.

[3]'હોમ કરનારા ડાહ્યાજનો અનુભવી ઉદારચરિત વિદ્વાનના મનનો યોગ કરે

૧. તૈ. આ. ૫, ૨, ૬ ૨. વા. સં. ૩૭, ૧ તૈ. આ. ૪, ૨ ૩. વા. સં. ૩૭, ૨

છે, મતિનો યોગ કરે છે. સૌનાં વચન અભિપ્રાય જાણનાર દેવ તો એક સવિતા છે. કારણકે એ સવિતા દેવની સ્તુતિ તો બધા દેવો પાસેથી મોટા પ્રમાણમાં ઉદાર રીતે સાંભળવાની મળે છે.

કુહાડીથી જે માટી ખોદી; તેને હાથમાં લેતી વખતે આ મંત્ર ભણવો : [1]'હે દ્યાવા અને પૃથ્વી નામની દેવીઓ, જે ભૂમિ પર દેવયજન કરવાનાં છે, ત્યાં મખ–યજ્ઞનાં શિર જોડવાનાં છે, તેમાં તમે સંમતિ આપો. હે દેવી માટી, મખને માટે, મખના શિરની રચના કરવા માટે હું તમને લઇ જાઉં છું.'

ખાણની માટીમાં જે પાણી છે, તે દ્યાવા–આકાશનું અને માટી છે, તે પૃથ્વીનું રૂપ છે. આ માટીથી મહાવીર નામે ઘડો બનાવવાનો છે. જેને યજ્ઞનું મસ્તક કહ્યું છે.

માટીની સાથે વરાહે ખોદેલા સ્થાનની માટી, ઉધાઇના રાફડાની રેતી, પૂતીકા ઘાસ અને બકરીનાં લોમ એમ પાંચ સામગ્રી ભેગી કરવાની છે. તે પાંચ ચીજોને યજ્ઞના સંભાર સામગ્રી કહે છે. યજ્ઞ પણ પાંચ પ્રકારે બનેલા છે, માટે તેના સંભાર પણ પાંચ જોઈએ. જેવો યજ્ઞ હોય, તેવા સંભાર જોઈએ. યજ્ઞ પાંક્ત=પાંચ પંક્તિ છંદનો બનેલો છે. માટે સંભાર પણ પાંકત=પાંચ પ્રકારનો જોઇએ. આ સંભાર લેતી વખતે એક એક મંત્ર ભણવાનો છે. દરેક મંત્રમાં આ ભાવ તો આવવાનો :

[2]'તમે મખનું શિર છો. તમને મખને માટે, મખનાં મસ્તક જોડવા માટે લઈ જાઉં છું.

કૃષ્ણમૃગચર્મ પર માટી મૂકી, પાણી છાંટી, માટીનો પિંડ બનાવવાનો છે, આ પાણી તો મધુ છે, મદન્તી છે. જ્યાં જળ સીંચવામાં આવે છે, ત્યાં પિંડની એકતા થાય છે, આકાર ઘડાય છે. મધુર ભાવ જાગે છે.

માટીના એ પિંડને મહાવીરનો આકાર આપવાનો છે. આ કોઈ મોટો ઘડો બનાવવાનો નથી. એક કુલડીનો આકાર આપવાનો છે. નીચેના ભાગમાં અંગુઠાથી બે ચિહ્ન કરવાનાં છે. એ તો એના બે પગ છે. ઉપર કંઠનો આકાર કરવાનો છે. તેની નીચે રેખા કરવાની છે. આમાં ત્રણ લોકની ભાવના છે. નીચે પૃથ્વી, વચમાં અંતરિક્ષ અને ઉપર આકાશ.

પ્રવર્ગ્યમાં તો એકજ મહાવીર પાત્રનો ઉપયોગ છે, પરંતુ એ પ્રકારની ત્રણ કુલડીઓ બનાવવાની છે. એ મહાવીરને ગાર્હપત્ય અગ્નિની ભઠ્ઠીમાં પકાવવાનો છે. લાકડાનો ચીપીયો–પરિશંસથી પકડી બહાર કાઢી, બકરીનાં દૂધ છાંટી, તેને ટાઢો પાડવાનો છે.

---

૧. તૈ. આ. ૫, ૨, ૨૬ ૨. વા. સં. ૩૭, ૮

તે પર દૂધનાં સીંચન કરતાં પણ કેટલાક ઋત્વિજો મંત્ર ભણે છે:

૧'હે મહાવીર, બકરીનું દૂધ છે, તે તો ગાયત્રી છંદના દેવ રૂપે છે, તેથી તારી ગરમી શાંત થાય, એ માટે સિંચન કરું છું. એજ રીતે ત્રૈષ્ટુભ છંદથી અને જાગત છંદથી સિંચન કરું છું. વાણી તને શાંત કરો, ઉર્જ-બલ તને શાંત કરો, હવિ-અન્ન તને શાંત કરો. એ જ રીતે તમે વાણીને શાંત કરો, ઉર્જને શાંત કરો, હવિને શાંત કરો.'

આ મહાવીર ઘટ તો તૈયાર થઇ ગયો. તેને સૂર્યનો તાપ આપ્યો, અગ્નિમાં પકાવ્યો. સૂર્ય અને અગ્નિ તો પ્રત્યક્ષ દેવો છે. તેમની આજ્ઞાથી જે કાર્ય થાય, તે તો સફળ થાય. હવે પ્રવર્ગ્ય યજ્ઞ કરવાનો છે, તેમાં ડાહ્યાજનોના સાથ સહકાર મળે, તે માટે પ્રાર્થના કરવી જોઇએ. અહીં ડાહ્યાજનો યજ્ઞના ઋત્વિજો છે, તેમાં અધ્વ તો અધ્વર-યજ્ઞનો યોગ કરનાર છે. તે યજ્ઞમાં બીજા ઋત્વિજોને આમંત્રણ આપે છે.

આ પ્રવર્ગ્ય યજ્ઞની શરૂઆતમાં અધ્વર્યુ બ્રહ્માની આજ્ઞા માંગે છે. એ બ્રહ્માની સાક્ષીમાં બધી ક્રિયાઓ થાય છે. તેણે તો મૌન રાખવાનું છે. તે અથર્વવેદનો જાણકાર છે. તે સાથે તેણે ઋચાઓ, યજુઓ અને સામગાન પણ જાણવાં જોઇએ. યજ્ઞના કાર્યમાં ક્ષતિ રહે, તેને સુધારે છે. હોતા ઋચાઓ ભણી શંસન-પ્રશંસા કરે, ઉદ્ગાતા સામગીતિ ગાઈ સ્તુતિ કરે છે, તેની સાથે પ્રસ્તોતા પણ સામના પ્રસ્તાવ કરે છે. બ્રહ્માનો સાથી આગ્નાધ્ર છે, અને પ્રતિપ્રસ્થાતા અધ્વર્યુનો સાથી બને છે.

'હે બ્રહ્મા, હવે અમે પ્રવર્ગ્યનાં અનુષ્ઠાન કરવા માંગીએ છીએ, તો અમને આજ્ઞા આપો. હે હોતા, આ પ્રવર્ગ્યમાં ઘર્મ નામનાં હવિ તૈયાર કરવાનાં છે, તેનાં તમે ઋચાઓથી શંસન કરો, શસ્ત્ર ભણો. ઓ આગ્નીધ્ર ! દેવો માટે રોહિણ નામના બે પુરોડાશ-ભાખરા પકાવવાના છે. ઓ પ્રતિપ્રસ્થાતા, આહવનીય અગ્નિની બાજુએ પરિધિઓ ગોઠવી દ્યો. ઓ પ્રસ્તોતા, તમે સ્તુતિ-સ્તોત્ર દ્વારા સામગાન શરુ કરો'.

આ રીતે અધ્વર્યુ આજ્ઞા અનુજ્ઞા, સંમતિ લીધા પછી પ્રવર્ગ્યની સંમતિ લે છે. અહીં મુખ્ય તો પ્રવર્ગ્ય છે. એ પોતે દેવ છે, યજ્ઞનું શિર છે, તેને બધાના સાથ સહકાર મળે, એ જરૂરી છે. તેની ખાત્રી અધ્વર્યુ આપે છે:

'હે પ્રવર્ગ્ય ! સામગાનમાં ગવાતાં સ્તોત્ર-સ્તુતિગાનો વિઘ્ન હરી લઈને તમને સમાપ્તિ સુધી દોરી જાઓ. આ સ્તોત્રની સાથે યજુઓના મંત્રો જોડાય છે, સામનાં ગાન ગુંથાયાં છે, જે તમારા પ્રાણોને પુષ્ટ કરે છે. વિશ્વેદેવો અને મરુતોએ અનુમતિ આપી છે, દક્ષિણાઓ તમારો વિસ્તાર કરી, તમને નિર્વિઘ્ને પાર પહોંચાડી

---

૧. તૈ. આ. ૪, ૩

દેશે. અનુષ્ઠાન કરનાર પર તમારાં મન પ્રસન્ન રહો. કોઈ પણ શસ્ત્ર તમારાં હરણ કરશે નહિ, માટે અમારે માટે રુચ ધારણ કરી, રુચા–તેજસ્વી બનો.

હે ઋત્વિજો, જેના સ્વામી ઈન્દ્ર છે, એવા આ દેવ પ્રવર્ગ્ય તૈયાર થઇ ગયા છે માટે તમે તે યજ્ઞનાં અનુષ્ઠાન કરવા તૈયાર થઈ જાઓ.

મહાવીર ઘટ તૈયાર કર્યો છે. તેમાં ઘી ભરવાનું છે. તેને અંગારા પર તપાવવાનું છે. ઘી ઉકળતું હોય; તેમાં થોડી થોડી વારે દૂધ છાંટવાનું છે. ઘી અને દૂધ ઘાટું બને, તેને ઘર્મ કહે છે. પ્રવર્ગ્ય યજ્ઞમાં મહાવીરની રચના કર્યા પછી ઘર્મ પકાવવાની પ્રક્રિયા પણ રહસ્યથી ભરેલી છે. મહાવીરમાં ઘીની સાથે દૂધનું મિશ્રણ કરવું, તેનું નામ પ્રવર્ગ્ય છે. અહીં ઘી તેજ છે અને દૂધ સોમ છે, શાંત છે. આમ અગ્નિ અને સોમ, ઉગ્ર અને શાંત, રુદ્ર અને સૌમ્યનાં મિલન છે. મતિ તેજસ્વી છે અને મન સૌમ્ય છે. મનમતિનાં જોડાણ કરવાં, તેનું જ નામ પ્રવર્ગ્ય છે.

પ્રવર્ગ્ય યજ્ઞમાં ગાયનું દૂધ વપરાય છે. આ દૂધ કો'ક જઈને દોહી આવે અને લાવી દે, એ ચાલે નહિ. આ દૂધ દોહવાની ક્રિયા પણ ઋત્વિજોએ મંત્રોને ભણીને કરવાની છે. ગાયને દોહતી વખતે બાંધવાની છે. તે માટે ઋત્વિજ હાથમાં દોરડું લે છે અને સાથે મંત્ર ભણે છે:

'દેવ સવિતાની આજ્ઞામાં રહીને હું આ કાર્ય કરું છું. અશ્વિનીકુમારોના અને પૂષા દેવના હાથથી ગ્રહણ કરું છું. હે દેવી રાસ્ના! ગો અદિતિ–ધરતીનાં રૂપ છે, તેમને બાંધવા માટે તમે રશના બનો.

ગાયને પાસે બોલાવવા અધ્વર્યુ મંત્ર ભણે છે.

'હે દેવિ ઈડા આવો, ઓ દેવિ અદિતિ આવો, ઓ દેવિ સરસ્વતી આવો'.

આ ત્રણ તો ગાયનાં દેવ નામો છે, સાથે માણસે પાડેલાં નામ હોય, તે પ્રમાણે પણ 'હે ગંગા આવો, હે જમના આવો, હે ગૌરી આવો' એ પ્રમાણે ગાયને બોલાવી રાશથી બાંધી, તેની પાસે વાછડું છોડવાનું છે:

'હે વત્સ. તું તો વાયુરૂપે છો. ગોમાતા જે ઈડા છે, તેનું વાછડું છે. પૂષા તને ગાય પાસે લઇ જાઓ. અશ્વિનીકુમાર તારી સંભાળ લો.

ગાયના આંચળમાં દૂધ રહેલું છે, તે પહેલું વાછડું ધાવે અને પછી તેનો યજ્ઞના કાર્યમાં ઉપયોગ થાય. આ માટે ગાયની સ્તુતિ કરે છે:

'હે કામધેનુ ગાય ! તારો આંચળ દૂધથી ભરેલો સ્થિરતાથી રહેલો છે, એ સુખ આપનાર છે. વિશ્વમાં જે બલ–વીર્ય વધારનાર પોષક તત્વો છે, તે આ દૂધમાં રહેલાં છે, તેથી તું વાછડાનું અને વિશ્વનું પોષણ કરે છે. આંચળ રત્ન–

૧. તૈ. આ. ૪, ૮ વા. સં. ૩૮, ૫

રમણીય દૂધને ધારણ કરે છે. વસાવવા લાયક ઉત્તમ વસ્તુને આપે છે. સારા પોષક પદાર્થનાં દાન કરે છે. આ વાછડું દૂધ ધાઈ રહ્યું છે, તે ધાતુને માટે તમે દૂધને છુટું કરી દ્યો'.

આમ દૂધ વાછડા માટે છુટ્ટું થઇ ગયું અને વાછડાએ ધાવવા માંડયું. એ વાછડું બધું દૂધ પી જાય, તો બચે શું અને યજ્ઞના કાર્યમાં દૂધ જોઇએ. આ દૂધનો માલિક વાછડું છે. તેને એ માટે સ્તુતિ કરવાની છે:

'હે પ્રેમી વત્સ, ઓ ઉસ્ત્ર, ઘર્મ નામનો પદાર્થ તૈયાર કરવો છે, તેને માટે દૂધ બચાવી લો. આ દૂધ પણ ઘર્મ છે, તેનાં તમે રક્ષણ કરો. ઘર્મ માટે દૂધ જોઈએ છે, તે તમે બાકી રાખો.

એ મંત્ર ભણીને વાછડાને વાળી લેવાનું અને તેને દોરીથી બાંધવાનું, ત્યાર બાદ ઋત્વિજ ગાય દોહવા બેસે. તે મંત્ર ભણે છે:

'હે કામધેનુ, હે સરસ્વતિ, આ સમયે દેવોના ગુરુ બૃહસ્પતિ દોહવા માટે તમારી પાસે આવીને બેસો.'

જે મંત્ર છે, તે બ્રહ્મ છે અને તેના પાલક પતિ બ્રહ્મણસ્પતિ, તેજ આ બૃહસ્પતિ છે. દેવોની સઘળી કામનાઓ પૂરી પાડવા માટે આ બૃહસ્પતિએ કામધેનુનાં દોહન કર્યાં હતાં. તેજ બૃહસ્પતિ આ પ્રવર્ગ્ય યજ્ઞમાં ગાયનાં દોહન કરી રહ્યા છે. એ સાંભળી ગોમાતાને આદર જાગે છે. તે રાજી થઇ કામના પ્રમાણે દૂધ આપે છે. આંચળ હાથમાં લેતાં ઋત્વિજ આ મંત્ર ભણે છે:

'હે આંચળ, તમે દાનુ છો, દાન આપવામાં કુશળ છો. તમે પેરુ છો; દૂધ પાવામાં ઉદાર છો. ગાયનાં શરીરમાં દૂધ છે અને લોહી પણ છે, તે બંને પદાર્થો જુદા પાડી, તમે દૂધને વહાવો છો.

'હે ગોમાતા, બે અશ્વિનીકુમારો માટે પુષ્ટ થાઓ ને વિશેષ દૂધ આપો. સરસ્વતીને માટે પુષ્ટ થાઓ. બૃહસ્પતિ માટે પુષ્ટ થાઓ. ઇન્દ્ર માટે પુષ્ટ થાઓ.'

પ્રવર્ગ્ય માટે જે દૂધ દોહવાનાં છે; તે દૂધનો સંબંધ આ દેવોની સાથે છે, તેમને યજ્ઞમાં હવિ આપવાનાં છે. લાકડાના પાત્રમાં દૂધ દોહીને તે પાત્ર અધ્વર્યુ આગ્નીધ્રને આપે છે.

અધ્વર્યુ ગાર્હપત્ય અગ્નિમાં મુંજનાં ઘાસ સળગાવી; તે અગ્નિપર પેલા મહાવીર પાત્રને મુકી, તેમાં ઘી ભરે છે, તે ઘી જેમ જેમ ગરમ થતું જાય; તેમ તેમ તેમાં દૂધ મેળવે છે. આ બંને સારી રીતે ગરમ થઇને ભળી જાય ને ઘટ્ટ થાય, તેને ઘર્મ કહે છે. અગ્નિને તેજ કરવા પંખો નાખવાનો છે. એ પંખાને ધવિત્ર કહે છે. ત્રણ પંખા લેવાના છે, તેનાં ત્રણ નામ મંત્ર રૂપે છે:

'હે પવિત્ર, તમે ગાયત્ર, ગાયત્રી છંદના સ્વરૂપે છો, તમે ત્રૈષ્ટુભ–ત્રિષ્ટુપ છંદને સ્વરૂપે છો. તમે જાગત–જગતી છંદના સ્વરૂપે છો. પંખો હલાવતાં હલાવતાં મધુ મધુ મધુ એ મંત્ર બોલવાનો છે.

આ મધુ એ તો પ્રાણ છે. મધુ એ તો વાયુ છે, મહાવીરમાં જે ઘર્મ તૈયાર થઇ રહ્યો છે, તે પણ મધુ છે. અગ્નિ પર મહાવીરને મુકે છે, ત્યારે મહાવીરની સ્તુતિ કરે છેઃ

[૧] પ્રવર્ગ્ય માટે જે ઘર્મ તૈયાર થઇ રહ્યો છે, તે પોતે સૂર્ય છે. તે સૂર્યના તાપે તમે તપો છો. દેવ સવિતા, તમે મધુના લેપથી બુપિત કરો. પૃથ્વી પર રહેલા વિઘ્નકારીઓથી અમને બચાવો.

હે મહાવીર, તમે પોતે તો ચંદ્રનાં શીતળ કિરણ–અર્ચિ છો. તમે અગ્નિની જ્વાળાઓ–શોચિ છો, તમે તો સૂર્યનાં કિરણો–તાપ છો'

સૂર્ય, અગ્નિ અને સોમ એ ત્રણ તો પદાર્થ છે. આ પ્રવર્ગ્યમાં જે ઘર્મ તૈયાર થઈ રહ્યો છે; તેનો આધાર મહાવીર છે. જેમ સૂર્ય મંડળના દેવ સવિતા છે, તેની અંદરનું તેજ ભર્ગ છે; તેમ જ આ મહાવીર પાત્ર તો સૂર્ય છે, પ્રવર્ગ્ય અગ્નિ છે અને તેની અંદરનો સારભાગ તે ઘર્મ છે. આમ ત્રણ પદાર્થની એકતા બતાવી, ઋત્વિજ સ્તુતિ કરે છે :

'આ દેદીપ્યમાન મહાવીર સૂર્યની સાથે સંગત થાય છે. આ ઘર્મ સૂર્યની સાથે એકતા સાધી દીપી રહ્યો છે. આ મહાવીર અને આ ઘર્મ એ બે જુદા નથી; પણ એક દેવ છે. તે દેદીપ્યમાન દેવોના ગર્ભરૂપે છે, તે સર્વ જનોની મતિના પોષક પિતા છે, તે પ્રજાજનોના પાલક પતિ છે.

'અગ્નિની સાથે એકતા કરવાને કારણે આ ઘર્મ અગ્નિરૂપ બને છે. આ સૂર્યની અંદરના દેવ સવિતાના અંદરના સાર ભર્ગની સાથે આ ઘર્મ ભર્ગરૂપ બને છે. આમ મહાવીર, ઘર્મ અને પ્રવર્ગ્ય ત્રણ જુદા પદાર્થ રહેતા નથી. મહાવીર અગ્નિથી તપે છે. એ તો તપીને સૂર્યના રૂપે જ પ્રકાશ આપે છે.

'આ તે દેવ ઘર્મ છે, જે દ્યુલોકને ધારણ કરે છે; જે અંતરિક્ષનાં કિરણોને અને દેવોને ધારણ કરે છે. જે અજર અમર છે, જે તપરૂપી સૂર્યથી જન્મ લે છે; તે દેવ આ યજ્ઞભૂમિ પર શોભી રહ્યા છે. આ યજ્ઞમાં દેવોનાં મિલન કરવા માટે મધુર વાણીનો વ્યવહાર કરવો છે, માટે હે દેવ ઘર્મ ! અમારી વાણીમાં સંયમ આપો, જેથી યજ્ઞની પ્રતિષ્ઠા થાય.

'હે દેવ ઘર્મ, તમે સર્વે લોકોના પાલક છો, તમે સર્વે પ્રાણીઓના મનના

---

૧. વા. સં. ૩૭, ૧૧

પોષક છો, તમે વિશ્વભરની વાણીના પતિ છો. તમારી વાત તો દેવો સુધી પહોંચી ગઈ છે, તમે દેવોમાં પ્રસિદ્ધ છો. તમે દેવ બનીને દેવોનાં રક્ષણ કરો.

¹ હે અશ્વિનીકુમારો, આ યજ્ઞમાં ઘર્મ ઇન્દ્ર વગેરે દેવોને પ્રસન્ન કરી લીધા પછી તમને તૃપ્ત કરી લે. તમે તૃપ્ત થશો, તો બધા દેવો તૃપ્ત થશે. તેનું કારણ છે. તમે મધુ મેળવવા માટે દધીચિ ઋષિ પાસે ગયા હતા અને તેમણે તમને મધુના રહસ્યને બતાવતું વ્યાખ્યાન-બ્રાહ્મણ કહ્યું હતું; એ રીતે તમે બંને ઘર્મરૂપ મધુથી પરિચિત છો.'

અહીં દધીચિ ઋષિ પાસે અશ્વિનીકુમારો ગયા હતા અને તેમને મધુવિદ્યા તેમજ મધુબ્રાહ્મણનો ઉપદેશ આપ્યો હતો; તેનાં સૂચન મળી આવે છે.

'હે મધુર ઘર્મ, તમે હૃદયને ગમી જાઓ; એટલા માટે અમે તમારી સ્તુતિ કરીએ છીએ. તમે દ્યુલોક રૂપે છો, તમે સૂર્ય રૂપે છો. આ અમારો પ્રવર્ગ્ય અધ્વર યજ્ઞ છે; તેને ઊંચે દ્યુલોકમાં લઈ જાઓ અને તેની દેવોમાં સ્થાપના કરો.

'હે દેવ ઘર્મ, તમે તો અમારા પાલક પિતા છો. પિતા પુત્ર પર કૃપા કરી, સારો બોધ આપે, એ રીતે તમે બોધ આપો : તમને અમે નમસ્કાર કરીએ છીએ અમને મારતા નહિ.'

ઘર્મ દેવોને રુચિકર થાય, મનુષ્યોને રુચિકર થાય; એ ભાવના સેવે છે :

²'મહાવીર પાત્રમાં રહેલ હે ઘર્મ! પૂર્વ તરફ પ્રગટ થતી દશ જ્વાલાઓની જેમ તું દીપી રહે છે. એજ રીતે પશ્ચિમ તરફ, ઉત્તર તરફ અને ઊંચેની બાજુએ તું દીપી રહે છે. તારે વિષે અમારાં મન સારી રીતે રહેલાં છે. તું અમારે વિષે રૂચિ પેદા કર. તારાં કોઇ અપહરણ ન કરે.

'દેવ અગ્નિ આઠ વસુઓ સાથે ગાયત્ર છંદથી તને પૂર્વદિશામાં રૂચિકર-પ્રકાશથી યુક્ત બનાવે એ રીતે રુચિત થઇ અમને રુચિ જા. દેવ ઇન્દ્ર અગિયાર રુદ્રો સાથે ત્રૈષ્ટુભ છંદથી દક્ષિણ દિશામાં તને રુચિકર બનાવે, તે રીતે તું રુચિ જા. દેવ વરુણ બાર આદિત્યો સાથે જાગત છંદથી પશ્ચિમ દિશામાં તને રુચિકર બનાવે; ને તું રુચિ જા.

'પ્રકાશતો દેવ મારુત ઓગણપચાસ મારુતો સાથે અનુષ્ટુપ છંદથી ઉત્તરદિશામાં તને રુચિકર બનાવે, એ રીતે તું અમને રુચિ જા. દેવ બૃહસ્પતિ અસંખ્ય વિશ્વદેવો સાથે પંક્તિ છંદથી ઉપરની દિશામાં તને રુચિકર બનાવે, એ રીતે તું અમને રુચિ જા.

હે દેવ, તું જેમ બધા દેવોમાં રુચિ ગએલો છે, ગમી ગયો છે, એજ રીતે હું પણ તારા સેવનથી મનુષ્યોમાં રુચિ જાઉં, ગમી જાઉં.'

---

૧. વા. સં. ૩૭. ૧૮ ૨. તૈ. આ. ૪, ૬ મૈ સં. ૪, ૯, ૫

અહીં વપરાએલ રુચ ધાતુ મૂલ પ્રકાશના અર્થમાં છે. પણ એ પ્રકાશ મધુર હોય, સેવવા લાયક હોય, તો મનને રુચિકર થાય, મનને ગમી જાય. આ ધર્મ મધુર પ્રકાશ સાથે દેવોને રુચિકર બને છે; એ રીતે માનવ પણ મધુર પ્રભાવ ધરાવે ને સેવા પરોપકારનાં કાર્ય કરે; તો તેનો પ્રભાવ અસહ્ય, અણગમતો બનતો નથી. કેટલાક માણસો ઘણા પ્રભાવશાળી હોય છે; પણ તે બધાને ગમતા નથી. તેમની પાસે જવાનું ગમતું નથી. જ્યારે કેટલાક સૌમ્ય શાંત પ્રભાવશાળી હોય છે, તે બધાને ગમી જાય છે.

'હે દેવ ધર્મ, તું હવે દશે બાજુઓથી, પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ અને ઉપરની દિશાઓથી મનગમતો બની ગયો છે અને પ્રકાશી રહ્યો છે. તું તો હવે અમારો સમ્રાટ–મનોરાજ્યનો રાજા બની ગયો છે. હવે તું બહારનાં ધન સાધન અને અંતરનાં બળ અમારે વિષે રાખી લે.

હવે આ રોચિત બન્યો છે અને તે આપણને રુચિ જાય.'

મહાવીરમાં ઘી અને દૂધનાં મિશ્રણ થયાં છે અને તેથી ઘટ્ટ પદાર્થ ધર્મ તૈયાર થઈ ગયો છે. તે દેવોને માટે હવિરૂપે આપવાનો છે. આહવનીય અગ્નિમાં તેનો હોમ કરવાનો છે. આ હોમમાં ઈન્દ્રની સાથે અશ્વિનીકુમારોને પણ ભાગ આપવાનો છે, કારણ કે તેમણે યજ્ઞના શિરનાં જોડાણ કર્યાં હતાં. આ પ્રવર્ગ્ય યજ્ઞ ગણાય છે.

પ્રવર્ગ્ય માટે અગ્નિના અંગારાથી ધર્મ તૈયાર થાય; તે વિષે આ બ્રહ્મવાદી જણાવે છે :

(૧) 'જે પ્રવર્ગ્ય છે, તે તો યજ્ઞનું શિર છે. હવે જે આકાશમાં આદિત્ય–સૂર્ય છે, તેજ આ પ્રવર્ગ્ય છે. તે સૂર્યની ચારે બાજુ મરુતો કિરણોના રૂપે રહેલા છે. તેજ રીતે પ્રવર્ગ્યની ચારે બાજુ અંગારા એકઠા કર્યા છે, તે તેના રશ્મિઓ–કિરણો છે. માનોને કે આદિત્યનેજ રશ્મિઓથી ઢાંકી દીધો છે. આને કારણે તો આકાશમાં પણ આદિત્ય રશ્મિઓથી ઢાંકેલો રહે છે. એ જ રીતે આ લોકમાં રાજા પ્રજાજનોથી વીંટળાએલો હોય છે. ગામનો નેતા સાથી સજાતિ જનોથી ઘેરાએલો રહે છે.'

જે અગ્નિમાંથી અંગારા લેવાના છે, તે અગ્નિની ચારે બાજુ એક એક ઈંધન મુકવામાં આવે છે, તેને પરિધિ કહે છે. તે માપ છે, મર્યાદા છે. તે પરિધિની અંદર અગ્નિ રહે, એ રીતે પ્રવર્ગ્ય પણ પરિધિમાં રહે. પ્રવર્ગ્યની જેમ માણસ પણ પરિધિમાં રહે, માપ મર્યાદામાં રહે, એ મંત્રમાં રજૂ થાય છે :

(૧) તૈ. આ. ૫, ૪, ૨૬

[1] હે પરિધિ, પૂર્વ દિશાથી દક્ષિણ દિશા તરફ કે ઉત્તર દિશા તરફ રહીને તું મહાવીરના સ્થાનને માપવામાં સમર્થ છે. ઉત્તર દિશાથી પૂર્વ દિશા તરફ કે પશ્ચિમ દિશા તરફ રહીને તું મહાવીરને માપવામાં સમર્થ છે. સાચે જ, તું મા છે, પ્રમા છે, પ્રતિમા છે, સમા છે, વિમા છે, ઉન્મા છે, અન્તરિક્ષ લોકની અંતર્ધિ–મર્યાદા છે.'

એ મહાવીરના પાત્રની ઉપર સોનેરી કે રૂપેરી પાત્ર ઢાંકવાનું છે :

'હે રુકમ, દ્યુલોકના તાપથી મહાવીરનું રક્ષણ કર.'

આ પ્રવર્ગ્યનું દ્રવ્ય ઘર્મ છે, તે મહાવીરમાં તૈયાર થઈ ગયું છે અને તેને સમ્રાટનું પદ આપવામાં આવ્યું છે. આમ ગણો, તો મહાવીર એક માટીનું પાત્ર છે અને ઘી દૂધનાં મિશ્રણથી ઘર્મ ઘટ્ટ પદાર્થ તૈયાર થયો છે; પરંતુ મંત્રો સાથે તેનો વિનિયોગ કરવામાં આવ્યો, પ્રવર્ગ્ય યાગ માટે તેનો ઉપયોગ કરવાનો; તેને કારણે મહાવીર, ઘર્મ, પ્રવર્ગ્ય, સમ્રાટ એ શબ્દો પારિભાષિક બન્યા છે અને તેમાં રહેલાં દિવ્ય રહસ્ય ઉકેલવામાં આવ્યાં છે.

યજ્ઞ એક પરોપકારી સેવાનું કાર્ય છેઃ એ પ્રકારની ભાવના મનુષ્યમાં જાગે, એ જરૂરી છે. તે સાથે સેવાનું રહસ્ય સમજવું પણ એટલુંજ અગત્યનું છે. લાગણીવશ બનીને કોઈ કાર્ય કરવામાં આવે અને તે વિષેની સાચી સમજણ ન હોય; તો કાર્ય અધુરૂં રહે; એટલુંજ નહિ એમાં દોષ પણ આવે; ઉલટાનું નુકશાન પણ થાય.

અંગત સ્વાર્થનાં કાર્ય સૌ કોઈ કરે છે અને ધન સાધન પણ સારાં મળે છે. સિદ્ધિઓ અને સફળતાઓ પણ મળતી જણાય છે. એમાં પણ સાવધાની રાખવી પડે. સારૂં વર્તન હોય. મનમાં ધીરજ હોય, મતિની સૂઝ હોય; આ બધું જોવું પડે છે, એમાં ક્યાંય બેદરકારી ન પાલવે.

હવે આ પ્રવર્ગ્યનું મુખ્ય કાર્ય હવન શરુ કરવામાં આવે છે. ઘર્મ એક મધુર રુચિકર સ્વાદિષ્ટ પદાર્થ તૈયાર થયો છે; તે હોમ–હવનથી દેવો સુધી પહોંચાડવાનો છે.

બાર પ્રકારના વાયુઓ છે, તેમને પહેલાં ઘર્મનાં હવિ આપવાનાં છે. આ બાર વાયુઓને હવિ આપવાનું રહસ્ય બ્રહ્મવાદી ઉકેલે છે :

[2] 'જે પ્રવર્ગ્ય છે, તે તો યજ્ઞનું શિર છે. તેનો આત્મા–મધ્ય દેહ તો વાયુ છે. પ્રવર્ગ્યને ઉદ્દેશીને આ વાતનામ–વાયુનાં નામ કહેવામાં આવે છે. તેનું કારણ આ છે : આ હોમમાં વાયુનાં નામ લઈને યજ્ઞના શિરને આત્માની સાથે જોડવામાં આવે છે.' મંત્રોનો ભાવ આ પ્રમાણે છે :

૧. તૈ. આ. ૪, ૫ તૈ. સં. ૪, ૪, ૧ મૈ. સં. ૪, ૯, ૪. ૨. તૈ. આ. ૫, ૭

૧ 'હે ધર્મ, હે પ્રવર્ગ્ય ! સમુદ્રરૂપ વાતને સ્વાહા, સલિલરૂપ વાતને સ્વાહા, એ રીતે અનાધૃષ્ય, અપ્રતિધૃષ્ય, અવસ્યુ–રક્ષણકરનાર, અશિમિદ–ક્લેશ હરનાર વાયુને સ્વાહા.

વસુઓ સાથે અને રુદ્રો સાથે ઈન્દ્ર નામના વાયુને સ્વાહા, આદિત્યો સાથેના ઈન્દ્ર નામના વાયુને, અભિમાતિઘ્ન–શત્રુનાશક ઈન્દ્ર–વાતને ઋભુઓ સાથે, વિભુઓ સાથે વાજ–અન્નની સાથે સવિતાને અને સર્વ દેવ સહિત બૃહસ્પતિને સ્વાહા.

અંગિરાઓ અને પિતરો સાથે યમરૂપ વાતને સ્વાહા અને પિતરોરૂપ વાતને સ્વાહા.

'આ યજ્ઞમાં અધ્વર્યુ દક્ષિણ દિશામાં બેસીને બધી દિશાઓ અને બધા દેવોને ઉદ્દેશીને હવન કરે છે. માટે હે અશ્વિનીકુમારો, છેવટે સ્વાહાકાર ભણાઈને વષટ્ કહેવાય, ત્યારે અગ્નિમાં આહુતિ અપાય; તે આહુતિરૂપ ધર્મનાં પાન તમે કરજો.'

અહીં બ્રહ્મા સંમતિ આપતાં જણાવે છે :

'હે અશ્વિનીકુમારો, તમે આ ધર્મનાં પાન કરો, જે તમારાં હૃદયને ગમી જાય એવો મધુર મનોહારી પદાર્થ છે. કાલ ચક્રનાં રક્ષણ કરનાર સૂર્યને અને દ્યાવાપૃથિવીને નમસ્કાર હો.'

અહીં યજમાન પોતાની અનુમતિ બતાવે છે :

'આ બંને અશ્વિનીકુમારોએ ધર્મનાં પાન કર્યાં છે. તે માટે દ્યાવા–આકાશના દેવ અને પૃથ્વી સંમતિ આપો. અશ્વિનીકુમારોની કૃપાથી અમારાં ઐશ્વર્ય બની રહો.

'આહુતિ આપવાથી વિશેષ પુષ્ટ બનેલ હે ધર્મ ! ઇષિ–વૃષ્ટિને માટે પુષ્ટ થાઓ, ઉર્જ–અન્ન માટે વધો, બ્રહ્મ–બુદ્ધિ માટે, ક્ષત્ર–બળને માટે વધતા રહો. દ્યાવા અને પૃથ્વી માટે વધો. કર્તવ્ય કર્મને સારી રીતે ધારણ કરનાર હે સુધર્મ ધર્મ ! તમે પોતે ધારક–ધર્મરૂપ છો. હે ધર્મ; તમે કૃપા કરો; જેથી કોઈની હિંસા તમારે હાથે થાય નહિ. અમારા માનવોની વૃદ્ધિ થાઓ; જેને કારણે અમે બ્રહ્મ–બુદ્ધિ, ક્ષત્ર–બળ અને વિશ–પ્રજાજનોના સાથ સહકારને ધારણ કરીએ. માનવોના સાથ સહકાર મળે; એજ મુખ્ય ધન–સાધન છે.'

૨ અહીં અશ્વિનીકુમારોનો વિશેષ નિર્દેશ કર્યો છે, તેનું રહસ્ય બ્રહ્મવાદી જણાવે છે :

'ધનુષ્યની કોટિથી યજ્ઞનું શિર છેદાઈ ગયું હતું; તેને ફરીથી દેહની સાથે જોડવાનું કામ અશ્વિનીકુમારોએ કર્યું હતું. તે સમયે અશ્વિનીકુમારોએ જણાવ્યું હતું કે, જ્યારે યજ્ઞમાં વષટ્ કરવામાં આવે, ત્યારે અમને હવિ આપવામાં આવે, એ રીતે ઈન્દ્રની સાથે અશ્વિનીકુમારોને યજ્ઞમાં હવિ આપવામાં આવે છે.

---

૧. વા. સં. ૩૮, ૭–૧૪ ૨. તૈ. આ. ૫, ૭, ૨૦

14121



વાતહોમની સાથે સાથે મુખ્ય હોમ કરવામાં આવે છે આ યજ્ઞ એક સ્વતંત્ર યજ્ઞ નથી. પરંતુ સોમયાગ કરતા પહેલાં ત્રણ દિવસ સુધી દરરોજ સાંજે ને સવારે પ્રવર્ગ્ય કરવાનું જણાવ્યું છે. યજ્ઞ કરવામાં એકલી ભાવના કે એકલાં જ્ઞાન કામ આવતાં નથી. હૃદયમાં ભાવના હોય અને મસ્તકમાં જ્ઞાન હોય; એ રીતે મન અને મતિને જોડવાનાં છે.

આ પ્રવર્ગ્યની પ્રક્રિયાને આવશ્યક ગણી નથી; પરંતુ તેના રહસ્યને સારી રીતે જાણવું જોઈએ; એ રીતે બ્રહ્મવાદીએ તેની સ્તુતિ કરી છે :

[૧] 'સંવત્સર–વર્ષ છે, તે પ્રવર્ગ્ય છે; કારણકે વર્ષમાં બધાનો સમાવેશ થઈ જાય છે; એ રીતે પ્રવર્ગ્ય બધાની પૂર્તિ કરે છે. જ્યારે આ પ્રવર્ગ્યના ધર્મ પદાર્થને પકાવવા અગ્નિ પર મુકવામાં આવે છે, ત્યારે વસંતઋતુ બને છે. તે પાક તૈયાર થાય અને રુચિકર બને ત્યારે ગ્રીષ્મ બને છે, જ્યારે તેનાં હવિ આપવાથી પુષ્ટ બને, ત્યારે વર્ષાઋતુ બને છે. જ્યારે વર્ષાઋતુ વધવા માંડે છે, ત્યારે બધા દેવો અને બધાં ભૂત પ્રાણીઓ નવાં જીવન મેળવે છે.

'આ બધા લોકો છે, તે પ્રવર્ગ્ય છે, કારણકે લોકમાં બધાનો સમાવેશ થઇ જાય છે. એ રીતે પ્રવર્ગ્ય બધાની પૂર્તિ કરે છે. જ્યારે તેને પકાવે છે, ત્યારે તે પૃથ્વી લોક બને છે. રુચિકર બને છે, ત્યારે અંતરિક્ષલોક અને હવિથી પુષ્ટ બને છે. ત્યારે સ્વર્ગ લોક બને છે.

'જે આ મુખ્ય ત્રણ દેવો અગ્નિ, વાયુ અને આદિત્ય છે, તે તો પ્રવર્ગ્ય છે. કારણકે આ દેવોમાં બધાનો સમાવેશ થઈ જાય છે. એ રીતે પ્રવર્ગ્ય બધાની પૂર્તિ કરે છે· જ્યારે તેને પકાવે છે, ત્યારે અગ્નિ બને છે. રુચિત હોય, ત્યારે વાયુ બને છે અને જ્યારે પુષ્ટ થાય, ત્યારે આદિત્ય બને છે. સાચેજ, આદિત્ય જ્યારે પુષ્ટ થાય છે, ત્યારે બધા દેવો અને બધાં પ્રાણીઓ નવાં જીવન મેળવે છે.

'જે યજમાન છે, તેનાં ત્રણ અંગ છે, પોતાનો દેહ, પ્રજાજનો અને પશુગણ. આ યજમાન તો પ્રવર્ગ્ય છે, કારણકે તે યજમાનમાં બધાનો સમાવેશ થઈ જાય છે, એ રીતે પ્રવર્ગ્ય બધાની પૂર્તિ કરે છે. જ્યારે તેને પકાવે છે, ત્યારે તે યજમાનનો દેહ બને છે. રુચિત થાય ત્યારે પ્રજા બને અને પુષ્ટ થાય ત્યારે પશુ બને.'

યજમાને પ્રવર્ગ્ય યજ્ઞ કર્યો અને ઇન્દ્ર વગેરે દેવોને ધર્મમાં હવિ આપ્યો. એ હવિમાંથી જે શેષ પ્રસાદ બચી ગયો; તેનું ભક્ષણ યજમાને કરવાનું છે. રોજે રોજ રસોઈ રાંધો અને એકલા પેટ ભરો; એ તો સાંકડું ગણાય. પોતાને માટે અંગત ભોગ ભોગવવા, એ તો પશુજીવન છે. માનવે તો જમાડીને જમવાનું છે, વહેંચીને

ANAND ARTS COLLEGE, ANAND.
Computer Library Acc No.

---

૧. શ. બ્રા. ૧૪, ૩. ૨, ૨૪-૩૧

ખાવાનું છે; છેવટે જે શેષ પ્રસાદ રહે; એ તો અમૃત છે.

ધર્મ–પ્રસાદનાં ભક્ષણ કરતાં, યજમાન આ ભાવના સેવી રહ્યો છે :

૧ ‘ હે દેવ ઘર્મ, તારાં ભક્ષણ કરવાથી મારામાં ઇન્દ્રિયની મોટી શક્તિ આવો. મારામાં, મતિની દક્ષ–કુશળતા અને મનની ક્રતુ–ભાવના જાગો. મારામાં સારાં વીર્ય અને સામર્થ્ય આવો. આ તે ઘર્મ છે, જે અગ્નિ, વીજળી અને સૂર્ય એ ત્રણ રૂપોથી રુચિકર બને છે, પ્રદીપ્ત બને છે. એ ઘર્મ મારી અંદર મન અને આકૂતિ–ભાવનાની સાથે નિવાસ કરો. વિરાટ્ અને જ્યોતિની સાથે, યજ્ઞ અને દૂધની સાથે, બ્રહ્મબુદ્ધિ અને તેજની સાથે, ક્ષત્રબળ અને યશની સાથે, સત્વ અને તપની સાથે મારામાં નિવાસ કરો.

‘અમે આ ઘર્મની સમૃદ્ધિને ભોગવીએ, તેનાં સુખ વૈભવ મેળવીએ. આ પ્રવગ્ય યજ્ઞના શેષરૂપે રહેલ ઘર્મનાં અમે પાન કરીએ. આ તે ઘર્મ છે, જે મધુ છે, મધુર રસ છે. આનાં પાન સૌથી પહેલાં ઈન્દ્રે કરેલાં છે. એ ઈન્દ્રની આજ્ઞા લઈને અમે આ મધુનાં પાન કરીએ. ’

ઋત્વિજોના સાથ સહકારથી યજમાને આ પ્રવર્ગ્ય યાગ સમાપ્ત કર્યો; તેનો શાન્તિપાઠ આ મંત્રોથી ભણાય છે :

૨ ‘ નમન હો, વાણીને અને વાચસ્પતિને. નમન હો મંત્રદ્રષ્ટા અને મંત્રોના પાલક ઋષિઓને. સર્વે દેવોને પ્રસન્ન કરે, એવી વાણી હું બોલું.

‘ શર્મ–સુખકારી હો મને દ્યૌ–સ્વર્ગ, શર્મ હો પૃથ્વી, શર્મ હો વિશ્વ આ જગત, શર્મ હો ચંદ્રને સૂર્ય, શર્મ બ્રહ્મ અને પ્રજાપતિ.

મધુ માનીશ, મધુ પેદા કરીશ, મધુ જણાવીશ, મધુ બોલીશ, દેવો માટે મધુરી વાણીનો વ્યવહાર કરું. મનુષ્યોને માટે સેવા–શુશ્રૂષાથી ભરેલી વાણીનો વ્યવહાર કરૂં. શાન્તિ : શાન્તિ : શાન્તિ :

તનની પુષ્ટિ, મનની તુષ્ટિ અને આત્માની શાંતિ : આ ત્રણ પ્રકારની શાંતિનો સુમેળ સાધનારી આ મધુવિદ્યા છે.

૧. તૈ. આ. ૪, ૨૧ ૨. તૈ. આ. ૪, ૪૨

# ૨
# જીવનનું માધુર્ય

હાં, જોઈ પેલી મધમાખ ? તે શું કરે છે ? ફૂલ ફૂલ પર બેસે છે અને મધ ચૂસે છે. આવી તો કેટલીય મધમાખ છે, જે મધ ચૂસવાના કાર્યમાં રત છે. અહીં ઊંચે આ ઝાડ પર એક મધુપડો બન્યો છે. તેમાં આ મધમાખીઓ મધુ સીંચે છે અને તેથી મધપુડો ભરાઈ જાય છે. મધ ચૂસવું અને મધ સીંચવું આ જાણે કે મધમાખીઓનુ એક કાર્ય છે, જીવનનું એક વ્રત છે, વ્યવસાય છે, આનંદ છે.

આ મધમાખને કો'ક વિજ્ઞાનીએ પૂછ્યું: 'અરે ઓ મધમાખ! આ તું શું કરે છે. બસ, રાતદિવસ એક જ કામમાં લાગી ગઈ છે. બીજું કશું તને સૂઝતું નથી. મધ ચૂસવાનું અને મધ સીંચવાનું કામ તને કોણે શીખવ્યું ?

અરે, આ મધમાખ તો ઉભી રહી ગઈ. વિજ્ઞાનીની વાણી તેણે જાણી લાગે છે, પણ તે બોલતી બંધ કેમ થઈ ગઈ ? ફૂલ પર બેસે છે, ત્યારે તો મધુરૂં ગુંજન કરે છે. જાણે કે ઉદ્‌ગાતા સામની ગીતિ ગાઈ રહ્યો છે. તે કાંઈક વિચારતી લાગે છે. હાં તેને ઉત્તર જડયો લાગે છે:

'અરે ઓ મતિશીલ માનવ; તેં પ્રશ્ન પૂછીને મને વિટંબણામાં મુકી દીધી. જીવનમાં જે કાર્ય કરવાનું મળી ગયું હોય; એ તો જાણે કે જીવનનો મહામૂલો લ્હાવો, અનેરો આનંદ ! આ કામ શા માટે કરવું અને કેમ ન કરવું; એ તો એક વાદ છે, વિવાદ છે.

સાચું કહું. તારા પ્રશ્નનો ઉત્તર મારી પાસે નથી. અમે તો એક આજ્ઞાને આધીન છીએ. જુઓ, મધપુડા પર પેલી સરઘા બેઠી છે ને; તે અમારી રાણી છે. તેના કહ્યા પ્રમાણે અમે કામ કરીએ છીએ; તેને પૂછો.

આમ કહીને મધમાખ તો ઉડી ગઈ. તેને વાત કરવી પાલવે પણ નહિને ? તેને ભાગે જે કામ આવ્યું; તે તેણે પુરૂં જ કરવાનું. તેમાં તે પાછળ રહી જાય, તે કેમ ચાલે !

આ વિજ્ઞાની તો પહોંચ્યો મધપૂડા પાસે અને પ્રશ્ન કર્યો:

'અલિ ઓ સરઘા, ઓ મધમાખની રાણી, મારે તને પૂછવું છે. તું આ બધી મધમાખીઓને કામે લગાડે છે ને મધનો સંચય કરે છે, તે શા માટે ? આ કામ કરવા પાછળ તારો હેતુ શું છે, મને જણાવશે ?

મધમાખની રાણી સરઘા થંભી ગઈ, વિચારમાં પડી ગઈ. તેણે જણાવ્યું; 'ઓ માથા ભારે માનવી; તને કોઈ કામ નથી, તે આમ રખડયા કરે છે ? મને આ કામ સૂઝયું છે અને કરૂં છું, તને સૂઝે તો તું કરવા માંડ.'

'હાં, મને સૂઝે તો હું જરૂર કરૂં, પણ મને કો'ક સૂઝાડનાર જોઈએ. એમને એમ, સમજણ વિના તો અમે કશું ન કરીએ ! અમારી મતિમાં ઉતરે અને મનમાં આવે, એ કામ તો અમે કરીએ.'

'અરે ભલા, આ બાબતમાં અમે સુખી છીએ. તમારા જેવો તર્ક અમને જાગતો નથી. તમારા જેવી મતિ પણ નથી. પણ હાં; તેં પ્રશ્ન પૂછયો છે, તો મારે તેનો ઉત્તર આપવો જોઈએ. મને તો સૂઝતું નથી. અમારા ગુરુ છે; એ અશ્વિનીકુમારો તે અમને પ્રેરણા આપે છે. તેમને પૂછી આવું. તેમને આ વાતની ખબર હશે.

આ સરઘા તો ગુંજન કરતી આકાશમાં ઉડી ગઈ અને પહોંચી અશ્વિની-કુમારોની પાસે. અશ્વિનીકુમારો તો અશ્વોને રથે જોડી, કયાંક જવાની ઉતાવળ કરી રહ્યા હતા. ત્યાં તેમણે સાંભળ્યું:

'ઉભા રહો, ઉભા રહો. ઓ અશ્વિનીકુમારો ! મારે તમને એક પ્રશ્ન પૂછવો છે.'

'ભાઈ અશ્વિની કુમાર, આ સરઘા અહીં કેમ આવી હશે ? તેને શું કામ સોંપવામાં આવ્યું નથી' ?

'ભાઈ દસ્ર, એ તો રાણી છે, મહારાણી. તેનો તો પડતો બોલ ઉપાડી લેનારા હજ્જરો સેવકો છે. કામ સોંપીને આવી હશે. ચાલો, તેની વાત સાંભળી લઈએ.

'હાં, સરઘા, તારે અમને પૂછવું છે. ભલે, આ ઘોડા થંભાવી દીધા; પૂછ.

'અરે ઓ દેવો, તમે અમને પ્રેરણા આપો છો, તે પ્રમાણે અમે કામ કરીએ છીએ. જુઓને, મધુ ચુસીએ છીએ, મધુ સીંચીએ છીએ ને મધુપડો ભરાઈ જાય છે. અમને તો આ કામમાં આનંદ આવે છે; પણ એક માથા ભારે માનવીએ પ્રશ્ન પૂછ્યો. કહે છે: એ કોઈ ભારે વિજ્ઞાની છે અને જીવનનાં રહસ્ય શોધવા નીકળ્યો છે. તેના પ્રશ્નનો ઉત્તર મને તો જડતો નથી; તે તમારી પાસે આવી છું. મને ઉત્તર આપો; તે પેલા વિજ્ઞાનીને જણાવી દઈશ.

એ સાંભળી, બંને અશ્વિનીકુમારો પણ વિચારમાં પડી ગયાઃ

'અરે, વિજ્ઞાનીએ તો ભારે કરી. આ મધમાખને ભલા, જીવનનું રહસ્ય જાણીને શું કરવું હતું! જીવનનું રહસ્ય શું છે? કાર્ય શા માટે કરવાનું છે? આ વિષે તો આપણે પણ વિચાર કર્યો નથી.

'અલી ઓ સરઘા, તું જરાક ધીરજ ધરી જા. આ પ્રશ્નનો ઉત્તર તો ઋષિ આપી શકે. તેમને આવું તેવું સૂઝે અને બતાવે પણ ખરા!'

અશ્વિનીકુમારોએ બીજે જવાનું પડતું મૂકયું અને તે બંને પહોંચ્યા દધીચિ ઋષિના આશ્રમમાં. એક વૃક્ષની નીચે દધીચિ બેઠા હતા. શરીરે તો રાફડો જામ્યો હતો. ઋષિ તો સમાધિમાં ડૂબેલા હતા. ઋષિના શરીર પર તેમણે હાથ ફેરવ્યો. એ તો અમૃતનો મધુર સ્પર્શ. જીર્ણ શીર્ણ કાયા ફરીથી હૃષ્ટપુષ્ટ બની ગઈ અને તેમણે આંખો ખોલી, દેવોને પ્રણામ કર્યા અને આવકાર આપ્યો :

'પધારો, પધારો, અશ્વિનીકુમારો, મારે આંગણે આપ કયાંથી આવી પહોંચ્યા? મારા પર કૃપા કરી; તે આ દેહને નવો બનાવી દીધો.'

'ઋષિરાજ, આપને અમે પૂછવા આવ્યા છીએ. અમે પરોપકારનાં કાર્ય કરીએ છીએ અને બીજાં જીવ પ્રાણીઓને પ્રેરણા આપીએ છીએ. અમારાં કાર્ય ચાલ્યા કરે છે, પણ પેલી સરઘાને કો'ક વિજ્ઞાની મળી ગયો અને તેને એક પ્રશ્ન પૂછ્યો. તે તો ઉડીને આવી અમારી પાસે. અમે પણ મુંઝવણમાં મુકાઇ ગયા; તે તમારી પાસે આવ્યા છીએ. કૃપા કરીને અમને જણાવો.'

'આ સરઘા મધુ ચૂસે છે, મધનો સંચય કરે છે, તેનું રહસ્ય શું?

'દેવો, તેને મધુવિદ્યા કહે છે. તેના રહસ્યને એકલા દેવરાજ ઈન્દ્ર જાણે છે. મારે ફરી વાર તપ કરવાં પડશે અને ઈન્દ્રને રાજી કરી, એ વિદ્યા જાણવી પડશે.

જુઓને, હમણાં તો પ્રાણવિદ્યા જાણી લીધી છે. મારા પ્રાણ છેક હાડચામમાં ચાલ્યા ગયા, પણ તે મને છોડતા નહતા. તેમની પાસેથી મેં પ્રાણનું રહસ્ય જાણી લીધું છે. હવે તપ કરીને મધુવિદ્યા મેળવી લઈશ, તે તમને જણાવીશ.

ઋષિ તો આસન જમાવી તપમાં બેસી ગયા. તેમના એ ઉગ્ર તપથી સર્વને

પ્રેરણા આપનાર મઘવાન ઇન્દ્ર રાજી થયા. તેમણે ઋષિને એ રહસ્યવિદ્યા બતાવી; જે મધુવિદ્યાને નામે પ્રસિદ્ધ થઈ.

ઈન્દ્રે એ વિદ્યા આપતાં ઋષિને ચેતવણી પણ આપી. આ મધુવિદ્યા તમે કોઈને બતાવશો નહિ. એ વિદ્યા ગુપ્ત રાખવાની છે. તમે તો એના અધિકારી છો. એક વાત છે. આ મધુવિદ્યા તમે કોઈને કહેશો; તો તમારું મસ્તક છેદાઈ જશે. અને દેવરાજ ઈન્દ્રે વિદાય લીધી.

અશ્વિનીકુમારોને આ વાતની ખબર પડીને તે ઋષિ પાસે આવી પહોંચ્યા. તેમને માટે તો ઋષિએ મધુવિદ્યા મેળવી હતી; પણ ઈન્દ્રે આપેલી ચેતવણીનું શું ? વિદ્યા આપવા જતાં માથું જતું રહે; તેનો કોઈ ઉપાય ખરો કે ?

હવે અશ્વિનીકુમારો તો માથું જોડવાની વિદ્યામાં કુશળ હતા. તેમણે ઋષિને ઉપાય બતાવ્યો: ભગવન્ ! આપના મસ્તકને ઉતારી અમે સુરક્ષિત રાખીશું. અમે તમારા ધડ પર અશ્વના મસ્તકને જોડી દઈશું. આપ અમને અશ્વ–મુખે મધુવિદ્યા જણાવો. ઈન્દ્રના વજ્રથી એ મસ્તક છેદાઈ જશે; તે પછી તમારા મસ્તકને અમે જોડી દઈશું.

એ પ્રમાણે તેમણે ઋષિના મસ્તકને ઉતારી બાજુ પર મુકી દીધું અને અશ્વના મસ્તકને જોડી દીધું. ઋષિએ દેવરાજ ઈન્દ્ર પાસેથી જે રહસ્યવિદ્યા મેળવી હતી; તેનો ઉપદેશ આપ્યો. ત્યારબાદ અશ્વનું મસ્તક છેદાઈ ગયું અને અશ્વિની-કુમારોએ ઋષિના ધડ પર તેમનું મસ્તક ગોઠવી દીધું.

આ કથા જણાવે છે કે, જે અશ્વનું મસ્તક છેદાઈ ગયું; તે કુરુજાંગલ પ્રદેશમાં જઈને પડયું. તે મુખે તો મધુવિદ્યા ભણી હતી; તેથી તે પ્રદેશ પવિત્ર થઈ ગયો અને ત્યાં ઋષિમુંનિઓ રહેવા લાગ્યા.

આ ઋષિ દધ્યઙ આથર્વણ હતા; જેમણે ઈન્દ્ર પાસેથી મધુવિદ્યા મેળવી અને અશ્વિનીકુમારોને આપી. ઋષિનું તો એ કર્તવ્ય ગણાય. વિદ્યા જાતે મેળવી લેવી અને તે વિદ્યા બીજાને આપવી.

[1] પેલા પ્રાચીન ઋષિએ તો અશ્વિનીકુમારોની સ્તુતિ કરી છે, જેમણે ઋષિના ધડ પર અશ્વનું મસ્તક જોડી દીધું:

'ઓ સાહસિક નેતાઓ, હે અશ્વિનીકુમારો ! જેમ ગગન મંડળમાં ઘન ગર્જના કરતો મેઘ વૃષ્ટિનો વિસ્તાર કરે; એમ તમારા એ પ્રચંડ સાહસકર્મની સ્તુતિ કરું છું. સાચે જ, એ સાહસ બીજા કોઈથી ન થાય; પરંતુ તમે મધુવિદ્યાના રહસ્ય ધનને મેળવી લેવા માટે એ અઘરું કામ કરી લીધું.

---

૧. ઋ. સં. ૧, ૧૧૬, ૧૨ શ. બ્રા ૧૪, ૫, ૨, ૧૬

તમારા એ સાહસ કર્મના પ્રતાપે તો અથર્વાના પુત્ર દધીચિએ તમને એ મધુવિદ્યાનો ઉપદેશ આપ્યો. એ વખતે તમે ઋષિના શરીર પર અશ્વનું શિર જોડવાનું અને તે છેદાઈ જતાં ફરીથી ઋષિનું શિર જોડવાનું સાહસ કર્યું હતું, તેની અમે સ્તુતિ કરીએ છીએ.

૧ 'સાચે જ, એ સાહસ ગણાય. તમે આથર્વણ દધીચિ નામના ઋષિના શરીરને અશ્વના શિર સાથે જોડી દીધું. એ ઋષિ તો સદાચારી હતા. તેમણે તમને એ મધુવિદ્યા આપવાનું જણાવ્યું; એટલે માથું ઉડી જાય અને જીવન ચાલ્યું જાય; તેની પરવા નહિ; એ રીતે નિર્ણય કરીને તમને એ મધુવિદ્યા આપવા તૈયાર થયા.

એ ઋષિ પાસેથી મધુવિદ્યા મળી જાય અને ઋષિ પણ જીવી જાય; તે ઉપાય તમે વિચારી લીધો અને એ ભાવે તમે ઋષિના શરીર સાથે અશ્વનું શિર જોડી દીધું. સાચે જ, એ ઋત–વ્રત નિયમને પાળનાર ઋષિએ તમને મધુવિદ્યાનો ઉપદેશ આપ્યો, સાથે સાથે મધુ વિષેનું જે વિજ્ઞાન રહસ્ય ગુપ્ત રાખવામાં આવ્યું હતું; તેનો બોધ પણ તમને આપ્યો.

આ મધુવિદ્યાનો સંબંધ ત્વષ્ટા સૂર્યની સાથે છે, કારણ કે પહેલાં જે વિષ્ણુનું શિર ધૃઙ અવાજ કરીને પડયું હતું; તે શિર ધર્મ બનીને આદિત્ય મંડલમાં ગયું હતું અને તે આદિત્યરૂપે બની ગયું હતું. તેમાં જે ગુપ્ત રહસ્ય છે, તે પણ આત્મા વિષેની બ્રહ્મવિદ્યાને પ્રગટ કરે છે.'

અશ્વિનીકુમારોનો મહિમા ગાતાં, આ ઋષિ મૂળ વાત પણ કરી લે છે:

૨ 'હે કુશળ અશ્વિનીકુમારો! પહેલાંની એ વાત પણ મને યાદ આવે છે; જેને કારણે તમને મધુવિદ્યા અને તેનાં રહસ્ય જાણવાની ઈચ્છા જાગી હતી. હાં, મધમાખની રાણી સરઘા એ વિદ્યા જાણવા તમારી પાસે આવી હતી અને તેણે મધુર ગુંજન કર્યાં હતાં. તેણે તમને એ વિષે પ્રશ્ન કર્યો અને તમને પ્રેરણા જાગી. તમે એ માટે આથર્વણ દધીચિ પાસે આવ્યા. તે ઋષિ પણ જીવનની એ રહસ્ય વિદ્યાને જાણતા નહતા. તમારી જિજ્ઞાસા પુરી પાડવા તેમણે તપ કર્યાં અને દેવરાજ ઈન્દ્રની પાસેથી એ વિદ્યા મેળવી લીધી; પણ એ વિદ્યા સાચવવી એ કામ તો અઘરૂં થઈ પડયું.

આ તો ઋષિ. તેમનું જીવન તો સાદું સરળ! કોઈ ખાનગી વાત તો તેમની પાસે રહે નહિ. એ કારણે જ ઈન્દ્રે ચેતવણી આપેલી. આ તો રહસ્યવિદ્યા છે. તે તમે કોઈને આપતા નહિ. આપશો, તો મસ્તક ઊડી જશે.

---

૧. ઋ. સં. ૧, ૧૧૭, ૨૨ ૨. ઋ. સં. ૧. ૧૧૯, ૯

એ અશ્વિનીકુમારો, તમે સેવા શુશ્રૂષા કરીને એ ઋષિના મનને રાજી કરી લીધું. ને તે ઈન્દ્રે આપેલ રહસ્યવિદ્યાનો બોધ આપવા તૈયાર થઈ ગયા. તમે તેમના મસ્તકને સાચવી લીધું અને અશ્વના શિરથી મધુવિદ્યાનો બોધ આપ્યો.

હવે હું ઉશિક્માતાનો પુત્ર કક્ષીવાન ઋષિ તમને રાજી કરવા આ સોમ-યાગમાં બોલાવી રહ્યો છું. કૃપા કરી મને એ રહસ્યવિદ્યા જણાવજો.'

આ ઋષિ વારે વારે અશ્વિનીકુમારોના સાહસને વખાણી રહ્યા છે. ત્યારે દેવરાજ ઈન્દ્રે યજ્ઞના શિરને ઉડાડી દીધું હતું, એ કથા પણ જાણીતી છે :

[1] 'પહેલાંના વખતમાં જે મખ નામે યજ્ઞનો દેવ હતો. તે બીજા દેવોથી ગભરાઈ ગયો અને તેણે નાસી જવાની ઈચ્છા કરી. ત્યાં તો દેવરાજ ઈન્દ્રે તેને પકડી લીધો. તેનું શરીર તો એક બાજુ રહી ગયું અને મસ્તક તમે ઉતારી લીધું. એ મસ્તક જ પ્રવર્ગ્યરૂપે બન્યું; જે જોડવાથી સોમયાગ પુરો થાય છે, માટે એ દેવરાજ ઈન્દ્ર ! તે મસ્તકને સાથે લઈ, સોમયાગ કરનાર યજમાનને ઘેર તમે આવી પહોંચો.'

[2] દેવરાજ ઈન્દ્રની પ્રેરણાથી જ ઉધાઈએ વિષ્ણુના ધનુષ્યની દોરી તોડી નાખી હતી અને વિષ્ણુનું મસ્તક ઉડી ગયું હતું. તે મસ્તક ઘૃઙ અવાજ કરીને સૂર્ય રૂપ બન્યું. તેને મહાવીર નામ મલ્યું. તેને પ્રવર્ગ્ય યજ્ઞ દ્વારા જોડવામાં આવ્યું, એ કથાને આ રીતે ઋષિઓએ જોડી દીધી છે અને તેનો મહિમા ગાયો છે.

વેદસાહિત્યમાં અશ્વ અને ગો એ બે પશુઓનો મહિમા વિશેષ ગવાયો છે. અશ્વને પ્રાણ અને ગાયને બુદ્ધિનું રૂપક આપી; પ્રાણ અને બુદ્ધિની જેમ [3]ગાય અને અશ્વનાં રક્ષણ કરવાનું પણ સૂચવ્યું છે.

સૃષ્ટિનાં સર્જન કરવામાં આવ્યાં, ત્યારે પ્રજાપતિએ કારણજલમાંથી અગ્નિ, બ્રહ્મ (વેદના મંત્રો) અને અશ્વની ઉત્પત્તિ સૌ પહેલાં કરી છે.

[4]'એ વેગવાન અશ્વ, તારો જન્મ એ કારણજલમાંથી અથવા મહાન સાગર-માંથી થયો છે. તેં ઉત્પન્ન થતાંની સાથે જ મોટા અવાજ કર્યા હતા; જેથી તારા ઉત્સાહની ખબર પડી જાય. જેમ વિશાળ શ્યેન પક્ષીને બે પાંખ હોય; એ રીતે તારા બે પગ ઉડવા લાગ્યા અને હરણની જેમ આગળના પગ તો દોડવા લાગ્યા.

'હે ગમનશીલ અશ્વ, તારી સાથે રથ જોડી દીધો છે. અને રથમાં રથીરૂપે મર્ત્ય માનવ બેસી ગયો છે. તારી સાથે ગાયો દોડી રહી છે અને કન્યાઓ મંગલ ગીતો ગાતી, તારાં ભાગ્યની પ્રશંસા કરે છે. જીવનનાં વિવિધ કાર્યો કરનારા માનવો તારી મિત્રતા ચાહે છે અને દેવો પણ તારાં વીર્ય સામર્થ્યનો મહિમા ગાય છે'.

---

૧. ઋ. સં. ૧૦, ૧૭૧, ૨ ૨. તૈ આ. ૧, ૫૨, શ. બ્રા. ૧૪, ૧, ૧ ૩. શ. બ્રા. ૬, ૧, ૧૧
૪. મૈ. સં. ૧, ૧૬૩, ૧–૮

આ તે અશ્વ છે, જેનાં મસ્તક અશ્વિનીકુમાર ઋષિના શિરની સાથે જોડે છે. એ અશ્વ પ્રાણરૂપે છે, જે જીવનમાં ચેતના લાવે છે, ચેતના વિનાનું જીવન જડ બની જાય છે. પણ એકલી ચેતના કશા કામની નથી. તેનાં જોડાણ મનની સાથે કરવાનાં છે, મતિની સાથે કરવાનાં છે. મન અને પ્રાણનો આ સુયોગ થાય, તો જીવન મધુર બની રહે.

દધીચિ ઋષિએ પ્રાણવિદ્યા તો પહેલેથી જાણી લીધી હતી. પ્રાણની ઉપાસનાથી તેમણે જીવનને ચેતનમય બનાવ્યું હતું. અશ્વિનીકુમારોની પ્રેરણાથી તેમણે મધુવિદ્યા મેળવી લીધી અને તેમના જીવનમાં બંને વિદ્યાઓનો સુયોગ થયો.

એ દધીચિ ઋષિએ અશ્વિનીકુમારોને જે મધુવિદ્યાનો ઉપદેશ આપ્યો, તેની સાથે તેનાં રહસ્ય જ્ઞાન પણ તેમણે પ્રગટ કર્યાં છે. એના પ્રભાવે અશ્વિનીકુમારોએ વિષ્ણુના શિરને જોડી દીધુ; જેના વિના દેવોના યજ્ઞ અધૂરા રહી ગયા હતા. યજ્ઞનો એ મહિમા છે; જે જીવનને સફળ અને સમૃધ્ધ બનાવે છે.

જે મધુવિદ્યાનો ઉપદેશ દધીચિએ અશ્વિનીકુમારોને આપ્યો; તે મધુવિદ્યાનાં રહસ્ય બ્રહ્મવાદી આ રીતે રજૂ કરે છે:

૧'જેમ મધથી ભરેલો મધપૂડો સર્વ પ્રકારનાં મધુનો સંચય કરે છે, એમ જ આ પ્રસિદ્ધ પૃથ્વી છે, તેમાં સર્વ પ્રકારનાં ભૂત–પ્રાણીઓનાં મધ ભરેલાં છે. એ જ રીતે સર્વ પ્રાણીઓએ પૃથ્વીને માટે મધુનો સંચય કર્યો છે. આ પૃથ્વીની અંદર જે તેજોમય અમૃતમય પુરુષ છે. આ ચારેય પદાર્થ મધુ છે. આ તે અમૃતમય પુરુષ છે, તે અમૃત છે, તે બ્રહ્મ છે, તેજ સર્વરૂપ છે.

પૃથ્વી અને પૃથ્વીથી બનેલ પાર્થિવ શરીર; તેમજ પૃથ્વીની અંદર રહેલ અને પાર્થિવ શરીરની અંદર રહેલ પુરુષ આ ચારેય પદાર્થો પરસ્પર ઉપકારી છે; એક-મેકના પૂરક છે. એજ આ મધુ છે; જેનું રહસ્ય અશ્વિનીકુમારોને દધીચિએ બતાવ્યું હતું.

આ મધુ જુદાં જુદાં નથી; જે એકતાનું જ્ઞાન છે; જેને આત્મજ્ઞાન કહે છે, જે બ્રહ્મવિદ્યા છે, તે જ આ મધુવિદ્યા છે.

'આ જલ છે, તેમાં સર્વે ભૂત પ્રાણીઓનાં મધ ભરેલાં છે. જે આ સર્વે ભૂત–પ્રાણીઓ છે, તે જલને માટે મધુરો સંચય કરે છે. એ જ રીતે જલની અંદર રહેલ જે ચેતનમય અમૃતમય પુરુષ છે અને શરીરના વીર્યરૂપે રહેલ; જે ચેતનમય અમૃતમય પુરુષ છે, તે બંને મધુ છે. આ ચારેય પદાર્થો મધુરૂપે છે. તે મધુ તો આત્મા છે, જે અમૃત છે, જે બ્રહ્મ છે, જે સર્વ છે.

---

૧. શ. બ્રા. ૧૪, ૫, ૫

'એ જ ભાવે અગ્નિ અને તેનાં બનેલાં પ્રાણીઓ, અગ્નિનો પુરુષ અને પ્રાણીઓનાં શરીરમાં રહેલ વાણી; એ ચારેય પદાર્થો મધુ છે. મધુર રીતે પરસ્પર પૂરક છે. તે મધુ તો સાચે જ આત્મા છે, જે અમૃત છે, જે બ્રહ્મ છે, જે સર્વ છે.

એ રીતે આકાશ અને આકાશની સાથે સંબંધ ધરાવતાં પ્રાણીઓ, આકાશની અંદર રહેલ પુરુષ અને પ્રાણીઓનાં શરીરમાં હૃદયરૂપે રહેલ પુરુષ; એ ચારેય પદાર્થો મધુ છે.

એ જ રીતે વાયુ અને વાયુનાં ભૂત પ્રાણીઓ, વાયુની અંદર રહેલ પુરુષ અને પ્રાણીઓના શરીરમાં પ્રાણરૂપે રહેલ પુરુષ, એ ચારેય પદાર્થો મધુ છે.

એ પ્રમાણે આદિત્ય–સૂર્ય અને સૂર્યનાં પ્રાણીઓ, સૂર્યમાં રહેલ પુરુષ અને શરીરમાં રહેલ નેત્રમય પુરુષ; એ ચારેય પદાર્થો મધુ છે.

ચંદ્ર અને ચંદ્રનાં પ્રાણીઓ, ચંદ્રમાં રહેલ પુરુષ અને શરીરમાં રહેલ મનોમય પુરુષ, એ ચારેય પદાર્થો મધુ છે, અમૃત છે.

આ બધી દિશાઓ, દિશાઓનાં પ્રાણીઓ, દિશાઓની અંદર રહેલ પુરુષ અને શરીરમાં રહેલ શ્રોત્રમય પુરુષ, જે સાંભળે છે, તે પ્રમાણેના ચાર પદાર્થો મધુ છે, અમૃત છે.

આ ઝબૂકતી વીજળી અને વીજળીનાં ભૂત–પ્રાણીઓ એ વીજળીની અંદર રહેલ તેજોમય પુરુષ અને શરીરમાં સંચાર કરતો તેજોમય પુરુષ; એ ચારેય પદાર્થો મધુ છે.

આ ગર્જના કરતો મેઘ અને મેઘનાં ભૂત–પ્રાણીઓ, મેઘમાં રહેલો પુરુષ અને શરીરમાં રહેલ સ્વર સાથે શબ્દ કરતો પુરુષ; એ ચારેય પદાર્થો પરસ્પર સંબંધ જોડીને મધુ બને છે. તે જ અમૃત છે, તે જ બ્રહ્મ છે.

આમ પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ, આકાશ, સૂર્ય, ચંદ્ર, દિશા, વીજળી અને મેઘ એ બધાં મૂળ તત્ત્વો છે અને તેમાં રહેલા ચેતનમય પુરુષો છે; તેમનો સંબંધ વિશ્વના સઘળા પદાર્થો સાથે અને પદાર્થોમાં રહેલા વિવિધ ચેતન પુરુષોની સાથે થાય છે. ત્યારે તે પદાર્થો પરસ્પર ઉપકારી બને છે, પૂરક બને છે અને માધુર્યનાં દર્શન થાય છે.

પ્રાણિમાત્રમાં સમભાવ જગાડનાર માનવતા નામનો એક વિશેષ ધર્મ છે, તે તો સર્વ ભૂત–પ્રાણીઓનું મધુ છે; એ માનુષ–માનવતાને માટે તો સર્વ ભૂત પ્રાણીઓ મધુ બને છે. આ માનુષની અંદર એક તેજોમય અને અમૃતમય પુરુષ છે; તેમ જ સર્વ ભૂતોનાં શરીરમાં માનવતાની મૂર્તિ રૂપે એક તેજોમય અને અમૃતમય પુરુષ રહે છે, તે બંને તો એક છે, જે આત્માના રૂપે અમૃત છે, એ જ બ્રહ્મ છે, એ જ સર્વનું રૂપ છે.

આ બધા ધર્મ, સત્ય, માનવતા વગેરે ગુણોનો જેમાં સમાવેશ થાય છે, તેવો તો એક આ આત્મા છે; જે સર્વ ભૂત=પ્રાણીઓનું મધુ છે. એ આત્માને માટે તો સર્વ ભૂત પ્રાણીઓ મધુ બને છે. આ આત્માની અંદર એક તેજોમય અને અમૃતમય પુરુષ રહે છે, તે બંને તો એક છે, મધુ છે, જે આત્માના રૂપે અમૃત છે, એજ બ્રહ્મ છે, એજ સર્વનું રૂપ છે.

ANAND ARTS COLLEGE, ANAND.
Computer Library

આ પદાર્થો તો દષ્ટિગોચર થાય છે અને તેમના સંબંધ જોડાવાથી જગતના વિવિધ વ્યવહારો ચાલતા રહે છે, પરંતુ આ બધા પદાર્થો જેના આધારે ટકી રહ્યા છે, તે તો ધર્મ, સત્ય અને માનવતા જેવા વિશિષ્ટ ગુણો છે, તેમાં પણ ચાર પદાર્થોનો સુમેળ થાય; તો તે પરસ્પર પૂરક બને અને માનવના જીવનમાં માધુર્ય જાગે, એ વિષે બ્રહ્મવાદી આગળ જણાવે છે:

'જેનાં પાલન બધાંજ પ્રાણીઓ સમજણ સાથે કરે છે, તે આ ધર્મ તો સર્વ પ્રાણીઓનું મધુ છે. એ ધર્મને માટે સર્વ ભૂત પ્રાણીઓ મધુ બનીને રહે છે. આ ધર્મની અંદર એક તેજોમય અને અમૃતમય પુરુષ છે, તેમજ સર્વ ભૂતોનાં શરીરમાં એક ધર્મની પ્રતિભારૂપે એક તેજોમય અને અમૃતમય પુરુષ છે; તે બંને તો એક છે, તેજ આ મધુ છે, જે આત્માનાં રૂપે એક અમૃત છે, એજ બ્રહ્મ છે, એજ સર્વનું રૂપ છે.

એજ રીતે આ સત્ય છે, તે તો સર્વ ભૂત–પ્રાણીઓનું મધુ છે. એ સત્યને માટે તો સર્વ ભૂત પ્રાણીઓ મધુ બને છે. આ સત્યની અંદર એક તેજોમય અમૃતમય પુરુષ છે; તેમજ સર્વ ભૂતોનાં શરીરમાં એક સત્યની પ્રતિમારૂપે તેજોમય અને અમૃતમય પુરુષ રહે છે. તે બંને તો એક છે, મધુ છે, જે આત્માના રૂપે અમૃત છે, એજ બ્રહ્મ છે, એજ સર્વનું રૂપ છે.

પ્રાણિમાત્રમાં સમભાવ જગાડનાર માનવતા નામનો એક વિશેષ ધર્મ છે, તે તો સર્વ ભૂત–પ્રાણીઓનું મધુ છે; એ માનુષ–માનવતાને માટે તો સર્વ ભૂત પ્રાણીઓ મધુ બને છે. આ માનુષની અંદર એક તેજોમય અને અમૃતમય પુરુષ છે; તેમજ સર્વ ભૂતોનાં શરીરમાં માનવતાની મૂર્તિરૂપે એક તેજોમય અને અમૃતમય પુરુષ રહે છે, તે બંને તો એક છે, મધુ છે, જે આત્માના રૂપે અમૃત છે, એજ બ્રહ્મ છે, એજ સર્વનું રૂપ છે.

ANAND ARTS COLLEGE, ANAND.
Computer Code No

આ બધા ધર્મ, સત્ય, માનવતા વગેરે ગુણોનો જેમાં સમાવેશ થાય છે, તેવો તો એક આ આત્મા છે; જે સર્વ ભૂત–પ્રાણીઓનું મધુ છે. એ આત્માને માટે તો સર્વ ભૂત પ્રાણીઓ મધુ બને છે. આ આત્માની અંદર એક તેજોમય અને અમૃતમય પુરુષ છે; તેમજ સર્વ ભૂતોનાં શરીરમાં આ આત્મા વસેલો છે; તે એક તેજોમય

અને અમૃતમય પુરુષ છે. તે બંને તો એક છે, મધુ છે, જે પોતે આત્માના રૂપે અમૃત છે, એજ બ્રહ્મ છે, એજ સર્વનું રૂપ છે.

આ સાચેજ, તે આત્મા છે, જેમાં સર્વ કાંઈ આત્મરૂપ બનેલું છે. એ તો બધાંય ભૂત પ્રાણીઓનો અધિપતિ છે, ભૂત પ્રાણીઓનો રાજા છે. જેમ એક રથના ચક્રની પીંડી હોય અને વચલી નાભિ હોય; તેમાં ચક્રના બધાજ આરા પરોવાએલા હોય છે; તેની અંદર સમર્પિત હોય છે; એવી જ રીતે આ આત્માની અંદર બધા પ્રાણ, બધા લોક, બધા દેવ, બધાં પ્રાણીઓ; એ આત્માને સમર્પિત હોય છે; આત્માની અંદર સોંપાએલાં હોય છે'.

આ રીતે મધુ બ્રાહ્મણ રજૂ કરીને, બ્રહ્મવાદીએ જણાવ્યું છે:

'આ તેં જ મધુ છે, તેનો બોધ દધ્યઙ આથર્વણે અશ્વિનીકુમારોને આપ્યો હતો. આ આત્મા છે, તે તો બ્રહ્મ છે, જે અપૂર્વ છે, અનપર છે, અનંતર છે અને અબાહ્ય છે. આ તે આત્મા છે, જેનો અનુભવ સર્વ ભૂત પ્રાણીઓને આપો-આપ થાય છે. તે જ બ્રહ્મ છે'.

આ મધુવિદ્યા છે, તે જ આત્મવિદ્યા છે, તે જ બ્રહ્મવિદ્યા છે. આ વિદ્યા મેળવવા દધીચિએ તપ કર્યાં હતાં. તેમના તપથી પ્રસન્ન થઇને દેવરાજ ઈન્દ્રે તેમને આ વિદ્યાનો ઉપદેશ આપ્યો હતો, સાથે ચેતવણી પણ આપી હતી. ગીતામાં પણ શ્રીકૃષ્ણે અર્જુનને આજ પ્રકારની ચેતવણી આપી છે.

'આત્માની સાથે જેનો સંબંધ છે, જે આત્માના રહસ્યનું જ્ઞાન કરાવે છે; તેવું આ ગુપ્ત જ્ઞાન છે, જેનો બોધ મેં તને આપ્યો છે. આ ગુપ્ત–રહસ્ય તારે સાચવી રાખવાનું છે. જે તપસ્વી નથી, જે સેવાભાવી નથી અને જે મારાં આત્મ-સ્વરૂપનો દ્વેષ કરે છે; તેને આ બોધ આપવાનો નથી'.

અહીં બોધ આપવો કે ન આપવો, તે વાત ગૌણ બની જાય છે. આજે તો ગીતા બધાજ વાંચી લે છે, તેથી કાંઈ જ્ઞાન મળી જતું નથી. એ માટે તો અધિકાર મેળવી લેવો જોઇએ.

અશ્વિનીકુમારો દેવો હતા; ભિષગ્ વૈદકીય ઉપચારની વિદ્યા તેમની પોતાની હતી. શરીરની સાથે શિરને જોડી દેવાનું તે જાણતા હતા; છતાં પણ તેના રહસ્ય જ્ઞાનને તે જાણતા નહતા. એજ રીતે દધીચિ ઋષિએ પ્રાણવિદ્યા જાણી લીધી હતી; પરંતુ મધમાખની રાણી સરઘા શા માટે મધુનો સંચય કરે છે; તેના રહસ્યને તે જાણતા નહતા.

મધમાખનું તો એક દૃષ્ટાન્ત છે કુદરતમાં એવા દાખલા ઘણાજ મળી આવે છે, જે પોતાને માટે – અંગત સ્વાર્થ માટે કશું કરતા નથી; પરંતુ સર્વ ભૂત

પ્રાણીઓમાં રહેલા આત્માને રાજી રાખવા માટે આ બધા પદાર્થો સેવા અને પરોપકારનાં કાર્યો કરી રહ્યા છે. જે વિજ્ઞાની છે; જેણે તત્ત્વનાં ચિંતન કર્યાં છે, તેને તો આવા અનેક પ્રશ્નો જાગે છે.

આ વાયુ શા માટે વાય છે, શા માટે આ નદીઓ વહે છે. શા માટે આ વૃક્ષ વનસ્પતિઓ–ઓષધિઓ ફળ, ફૂલ અને અન્ન આપે છે. આ રાત અને દિવસ, પક્ષ, માસ, ઋતુ અને વર્ષ શા માટે છે. પૃથ્વી પરની આ રજ અને આકાશ મંડળનાં વિશાળ જળ શા માટે? શા માટે વનસ્પતિ ચંદ્ર અને સૂર્ય છે. અરે ભલા, આ ગાયો શા માટે મીઠાં મધુરાં દૂધનાં પ્રદાન કરે છે?

એક એ કૃપાનો અવતાર પુરુષ છે, જેણે માણસોને બોધ આપ્યો છે; 'ભાઈ, તારા પડોશીને તારી પોતાની જેમ ચાહતો રહે'.

એ પુરુષની વાત વિચારવા જેવી છે, શા માટે મારે પડોશીને ચાહવો જોઈએ? આનો ઉત્તર તો આત્મજ્ઞાની આપી શકે છે. આત્મજ્ઞાની ઉપરના બધા પ્રશ્નોના ઉત્તર પણ એકજ રીતે આપે છે:

'જેણે પ્રકૃતિમાં રહેલ ઋત–અમૃતને, માધુર્યભાવને પોતાનો ધર્મ બનાવી દીધો છે, જે પોતે પ્રકૃતિની સાથે એકરૂપ બની ગયો છે, એ જ્ઞાનીજન ઋતાયન છે; ઋત તેના આચારમાં અને વિચારમાં, મન અને મતિમાં, જીવનના સર્વ વ્યવહારોમાં માધુર્ય ભાવે વણાઈ રહ્યું છે, તેને વિષે આ ઋષિ જણાવે છે:

[1]'એ ઋતાયન માટે પવનો મધુ બનીને વહે છે. નદીઓ મધુ બનીને વહે છે. વૃક્ષવનસ્પતિઓ મધુ ફળફૂલ આપે છે. રાત અને દિવસ તેને માટે મધુ છે. પૃથ્વીની રજ અને આકાશ મધુ છે. આ વનસ્પતિ ચંદ્ર અને સૂર્ય ઋતાયન માટે મધુ છે અને એને માટે ગાયો મધુરાં દૂધ આપે છે'.

આમ બધે જ મધુ રહેલ છે, પણ તેનાં દર્શન બધાને થતાં નથી અને તેથી જ જીવન મધુરૂં લાગતું નથી. જેણે પોતાનાં જ પિંડ અને પ્રાણ પોષ્યાં છે; તેને તો જીવન અકારૂં લાગે છે. તે આત્મહત્યા કરી લે છે, કારણકે તેને માટે તો બધેજ નિરાશાનાં ગાઢાં અંધારાનાં વાદળો છવાયાં છે. મરવાનું તેને ગમતું નથી, પણ તેને જીવવું અકારૂં થઈ પડે છે. આવા દીન, હીન, લાચાર જન પર કો'ક ઉદાર ચરિત સાધુજન દયા લાવે અને તેને બોધ આપે; તો તેનાં જીવન મધુર બની જાય.

[2]'તેજ ઈશ છે; ઈશ્વર છે, તારે તેને વસાવી લેવાનો છે. આ જગતમાં, આ વિશાળ વિશ્વમાં જે કાંઈ હરતું ફરતું દેખાય છે; તે બધામાં જે આત્માની રૂપે ઓતપ્રોત બનીને વસી ગયો છે, તે ઈશને તું પણ વસાવી લે. પછી તો તારે જે કાંઈ

---

૧. વા. સં. ૧૩, ૨, ઋ. સં. ૧, ૯૦, ૬ તૈ. સં. ૪, ૨, ૯, ૩ અ. સં. ૨૦, ૧૪૩,૮

૨. વા. સં. ૪૦, ૧–૩

ભોગ ભોગવવાના હોય; તે પણ તે ઈશના નામે ન્યોછાવર કરી દે. આ કામ અઘરૂં તો નથી. એ તારાથી બને એમ છે. ભલા; આટલું તો કરી લેજે, કોઇનું વસાવેલું તારા કામમાં નહિ આવે; માટે કોઇના ભાગે આવેલા ભોગને પડાવી લેતો નહિ. ધન, સાધન તો કોઈનાં નથી.

'તારે જો જીવવું હોય, સો સો વર્ષ ગાળવાં હોય; તો તેનો એકજ ઉપાય છે, ઉપચાર છે; બીજો કોઈ ઉપાય તારે માટે તો શોધવાનો રહેતો નથી. તું કર્મ કરે જા. કર્મના લેપ લાગશે, કર્મમાં ફસાઈ જવાશે, બંધનમાં સપડાઈ જવાશે, એવો ભય રાખતો નહિ.

'હાં, જે લોકો કેવળ સ્વાર્થી છે; અંગત સુખભોગમાં પડયા રહે છે; તેમને તો અંધારામાં અટવાઈ ને મરી જવાનું છે. તે લોકો તો આત્મઘાતી છે'.

આવો મધુર બોધ આપનાર ઋષિ આગળ જણાવી રહ્યા છે:

૧'જે જ્ઞાનીજને બધાં ભૂત–પ્રાણીઓને પોતાના આત્માની અંદર જોઈ લીધાં છે અને બધાં ભૂત પ્રાણીઓમાં આત્માનાં દર્શન કરી લીધાં છે; તેને પછી કોઈ વાતની ચિકિત્સા કરવાની રહેતી નથી. શંકા કુશંકા તેને સતાવતીજ નથી.

'આ મધુનાં દર્શન કરનાર આત્મજ્ઞાની એવી એક ઉત્તમ દશાનો અનુભવ કરી લે છે, જે દશામાં સર્વ ભૂત પ્રાણીઓ આત્મસ્વરૂપજ બની જાય છે. એવા એ ઋતાયન્ આત્મજ્ઞાનીને તો બધામાં એકતાનાં દર્શન થાય છે, તેની માનવતા તો બધામાં વણાઇ જાય છે. પછી ભલા, તેને કોઇ જાતનો મોહ અથવા શોક કયાંથી રહે?

'એ આત્મજ્ઞાની પોતે કવિ–ક્રાન્તદર્શી બની જાય છે. તે મનીષી મનમતિનાં અનુસંધાન કરી લે છે; તે બધે પરિભૂ આત્મરૂપે ફરી વળે છે. તેની અંદરજ બધું વસી ગયું છે; તેનો તે આનંદ લે છે; તે સ્વયંભૂ બને છે. જીવનમાં આચરી લેવાના બધાજ ધર્મો તેને તો યથા તથા–જેવા છે; તેવા જણાઇ જાય છે. આખું વિશ્વ તેનું પોતાનું બની રહે છે. તે વિધાતા બને છે અને પ્રજાપતિ બને છે.

આ તે બ્રહ્મવિદ્યા છે, આત્મજ્ઞાન છે; જેનાં દર્શન આથર્વણ દધીચિને થયાં હતાં. તેમની સેવા શુશ્રૂષા કરી, અશ્વિનીકુમારોએ તે મધુવિદ્યાનાં રહસ્ય જાણી લીધાં હતાં. બ્રહ્મજ્ઞાની યાજ્ઞવલ્કયે દધીચિની મધુવિદ્યાનો વિસ્તાર કર્યો, બ્રહ્મવિદ્યા પર વ્યાખ્યાન પ્રવચન આપ્યાં. તેનો ઉપદેશ મૈત્રેયીને આપ્યો છે.

૨એ યાજ્ઞવલ્કય મુનિ હતા, બ્રહ્મજ્ઞાની હતા. તેમણે ઘણાં બધાં ધન સાધન વસાવી લીધાં હતાં, પરંતુ એક ઈશ્વરને–આત્માને વસાવવાનો હતો. તેમના હૈયે દૃઢ નિશ્ચય થયો હતો કે, જો ઈશ્વરનો વાસ થાય, તો જીવન સફળ બને, જીવનમાં

---

૧. વા. સં. ૪૦, ૬–૮ ૨. શ. બ્રા. ૧૪, ૭, ૩.

માધુર્ય જાગે. માનવને અમૃતનો લાભ થાય. તેમણે પોતાની બંને પત્નીઓને ધન સાધન સંપત્તિ વહેંચી આપી. ભલી કાત્યાયની તો ધંન, સાધન ગણવા બેસી ગઈ. તે ભારે વ્યવહારુ હતી. પણ મૈત્રેયી કુશળ હતી. તેણે તો મુનિ પાસે જઈને એકજ પ્રશ્ન પૂછી લીધો :

'ભગવન ! આખીય આ પૃથ્વી ધન સાધનથી ભરેલી હોય, એ આખી પૃથ્વીનાં ધન સાધન ભોગવવાનાં મળી જાય, તો તેથી મને અમૃતનો લાભ થાય ખરો કે ?

'ના રે ના, જેમણે ઘણાં ઘણાં ઉપકરણ-ધન સાધન વસાવી લીધાં છે; તે લોકો સુખ સગવડથી રહે છે; એ રીતે તારે પણ સુખ સગવડનું જીવન જોઈતું હોય; તો આ બધાં ધન સાધન વસાવી લે. આ વિત્તથી અમૃતત્વની પ્રાપ્તિ થાય, એ આશા તો રાખતી જ નહિ'.

'અરે ભલા, જો હું અમૃતરૂપ ન બનું, મારા જીવનમાં માધુર્ય જાગે નહિ; તો પછી આ બધું વસાવીને મારે કરવાનું શું ? કૃપા કરીને, આપ જે જાણો છો, તેનો જ તમે મને બોધ આપો.

એ સાંભળી યાજ્ઞવલ્કયે જણાવ્યું. 'અરે! તમે મને પ્રિય તો છો ને સાથે આજે તો મારી પાસેથી પ્રિય વાત માંગી લીધી; તો હવે હું એ વિષે જ કહીશ, વ્યાખ્યાન-પ્રવચન કરીશ. હું પ્રિય વાણીનાં વ્યાખ્યાન પ્રવચન કરૂં; તે તમે સારી રીતે સાંભળજો અને ધ્યાનમાં લેજો.

'હાં, ભગવાન, આપ સંભળાવો.

ત્યારે તે યાજ્ઞવલ્કયે જણાવ્યું. આ વાત તો જાણવા જેવી છે કે, પતિ પ્રિય લાગે છે, તે પતિની કામનાએ નહિ; પણ પોતાના આત્માની કામનાએ પતિ પ્રિય લાગે છે, એજ રીતે પત્નીની કામનાએ નહી, પણ પોતાના આત્માની કામનાએ પત્ની પ્રિય લાગે છે.

એજ રીતે પુત્ર, વિત્ત-ધન સાધન, બ્રહ્મ-બુદ્ધિ, ક્ષત્ર-બળ, લોકો, દેવો, વેદો, યજ્ઞો, ભૂત-પ્રાણીઓ અને સર્વ કોઈ પદાર્થ પોતપોતાની રીતે તો પ્રિય લાગતાં નથી. જો તે આત્માને પ્રતિકૂળ વર્તે. પોતાના આત્માને અનુકૂળ રહી વર્તે; તો એ બધા પદાર્થો પ્રિય લાગે છે.

આમ સાચી વાત તારવી લેવામાં આવે; તો તે પોતાનો આત્મા છે, જે સર્વરીતે પ્રિય લાગે છે. એ આત્માનું દર્શન કરી લેવું જોઈએ.

એ દર્શન માટે પહેલાં તો આત્માનું શ્રવણ કરવું જોઈએ. તેને વિષે મનન કરવું જોઈએ અને તેનાં ધ્યાન ધરવાં જોઇએ. તેનાં દર્શન કરી લીધા પછી તો બધા પદાર્થોનાં દર્શન થઈ જવાનાં !'

યાજ્ઞવલ્કયે મૈત્રેયીને દાખલા દલીલો રજૂ કરીને આત્મજ્ઞાન વિષે વિસ્તારથી સમજાવ્યું છે. જે વાત મધુકાંડમાં કહેલી હતી; તે જ વાતને આ મુનિકાંડમાં રજૂ કરી છે. ત્યાં દધીચિ મુનિ દ્વારા વેદશાસ્ત્રનું પ્રમાણ આપવામાં આવ્યું છે, તે જ રહસ્યને અનુભવની કસોટી પર કરી લેવા માટે યાજ્ઞવલ્કયે યુક્તિ પ્રયુક્તિઓ રજૂ કરી છે. એ વિષેનો અનુભવ બતાવી, તે જણાવે છેઃ

[૧]'સાચેજ, આ તે આત્મા છે, જે સર્વને વશમાં રાખે છે, જે સર્વનો ઈશ ઈશાન છે; સર્વનો તે અધિપતિ છે. તે સર્વનાં શાસન સારી રીતે કરે છે.'

દધીચિએ જે મુખ્ય મંત્રનાં દર્શન કરતાં, ઈશનાં વર્ણન કર્યાં છે; તે જ ઇશ-ઈશાન, વશી, અધિપતિ આત્મસ્વરૂપને અનેક યુક્તિ પ્રયુક્તિઓ દ્વારા યાજ્ઞવલ્કયે સિદ્ધ કરી આપ્યું છે.

આ પોતાનાં વ્યાખ્યાન પ્રવચનનો ઉપસંહાર કરતાં, યાજ્ઞવલ્કય જણાવી રહ્યા છેઃ

[૨]'એવી એક ઉત્તમદશા આત્મજ્ઞાનીની જોવાને મળે છે; જ્યારે સર્વ કાંઈ એક આત્મરૂપજ બની ગયું હોય છે. એવી એક અનેરી અદ્‌ભુત દશા છે; જ્યાં રહેલ આત્મજ્ઞાની એક અનેરા ભાવનો અનુભવ કરે છે. ત્યાં પછી કોણ કોને જુએ, કોણ કોને સૂંઘે, કોણ કોને ચાખે, કોણ કોને બોલે, કોણ કોને સાંભળે, કોણ કોને માને, કોણ કોને અડકે, કોણ કોને જાણે ?

અરે ભલા, જેને લીધે તો આ બધું જાણી લીધુ છે; તેને કોણ કેવી રીતે જાણે ? જે પોતે જ જ્ઞાનરૂપ છે અને જ્ઞેયરૂપ છે. તેમજ પોતે જ વિજ્ઞાતારૂપ છે; તેને તો બીજા કયા ઉપાયે જાણી લેવાય ?

અરે ઓ મૈત્રેયિ ! જેનાં વ્યાખ્યાન પ્રવચન મારે કરવાં હતાં, એ રીતે મેં તને શાસ્ત્રની વાત જણાવી દીધી. આ પરથી તું નિશ્ચય કરી લે કે જે અમૃત ભાવે છે, તેમાં બધું જ આવી જાય છે.'

મધુકાંડ અને મુનિકાંડની સાથે ખિલકાંડ જોડવામાં આવ્યું છે. આત્મજ્ઞાનનો મહિમા ગાવા માટે કેટલીક કથાઓ અહીં જોડવામાં આવી છે. તેની શરુઆતમાં શાંતિબ્રાહ્મણ છે.

જેમ મધુવિદ્યાની શરુઆતમાં અને ઉપસંહારમાં શાંતિપાઠ ભણવામાં આવે છે; એજ રીતે બ્રહ્મવાદીઓ ઈશાવાસ્યની શરુઆતમાં અને ઉપસંહારમાં જે શાંતિપાઠ ભણે છે, તે મંત્ર અહીં રજૂ થયો છે. તે સાથે એક જ વાકયનો મંત્ર વ્યાખ્યા સાથે આપવામાં આવ્યો છે. આ મંત્ર છેઃ

ॐ खं ब्रह्म

---

૧. શ. બ્રા. ૧૪, ૭, ૨. ૨. શ. બ્રા. ૧૪, ૭, ૨, ૨૫,

ઈશાવાસ્ય ઉપનિષદનો આ છેલ્લો મંત્ર છે, તે સાથે માધ્યંદિન વાજસનેય સંહિતાનો પણ છેલ્લો મંત્ર છે. ઈશાવાસ્ય યજુર્વેદનો ચાલીશમો અધ્યાય છે અને શતપથ બ્રાહ્મણનાં ચૌદ કાંડ છે; તેના ચૌદમા કાંડને આરણ્યક કાંડ કહે છે; તેમાં નવ અધ્યાય છે. પહેલા ત્રણ અધ્યાય પ્રવર્ગ્યકાંડ, ચોથો–પાંચમો મધુકાંડ, છઠ્ઠો–સાતમો મુનિકાંડ અને આઠમો–નવમો ખિલકાંડ છે.

[1]इषे त्वा થી સંહિતાની શરુઆત કરીને खं ब्रह्म મંત્રથી સમાપ્તિ સૂચવી છે. તે મંત્રસમૂહનાં દર્શન વિવસ્વાન્ સૂર્યને થયાં હતાં. તે રીતે છેલ્લા પાંચ અધ્યાયનાં દર્શન દધ્યઙ્ આથર્વણને થયાં હતાં. ભગવાન સૂર્ય પાસેથી યાજ્ઞવલ્કય ઋષિને આ મંત્ર સંહિતા મળી; તેના પરનાં વિવેચન–વ્યાખ્યાન તે શતપથ બ્રાહ્મણ છે, જેનાં સંકલન યાજ્ઞવલ્કયે કર્યાં છે.

આ રીતે ઈશાવાસ્ય અને બૃહદારણ્યક એ બંને ઉપનિષદો પરસ્પર મંત્ર–બ્રાહ્મણનો સંબંધ ધરાવે છે. ઇશાવાસ્ય મંત્ર–ઉપનિષદ છે અને બૃહદારણ્યક બ્રાહ્મણ ઉપનિષદ છે. મધુવિદ્યાનાં દર્શન દધ્યઙ્ આથર્વણને થયાં; તેનો સંબંધ પ્રવર્ગ્ય વિદ્યા સાથે છે, જેના મંત્રો પહેલાં આપવામાં આવ્યા છે.

છેલ્લા મંત્રનું વિવેચન કરતાં, આ બ્રહ્મવાદી જણાવે છેઃ

'ॐ खं ब्रह्म' અહીં જે खं છે, તે પુરાણ છે, જે खं છે, તે વાયુર વાયુ સાથેનું આકાશ છે. આ પ્રમાણે કૌરવ્યાયણીપુત્રે જણાવ્યું છે. આ મંત્રમાં જે ઓંકાર છે; તે તો વેદ છે. હવે વેદથી જે જાણવા જેવું છે, તેને તો બ્રહ્મવાદી બ્રાહ્મણો જાણે છે.'

આનું વિવેચન આ રીતે કરવામાં આવ્યું છે. જેમ વિષ્ણુ તો સર્વવ્યાપક પરમેશ્વર છે, પરંતુ પત્થર વગેરેની પ્રતિમામાં વિષ્ણુનાં અંગોનાં ચિહ્ન કરવામાં આવે છે. અને તેમાં વિષ્ણુ ભગવાન રહ્યા છે, એમ સમજવામાં આવે છે. એ રીતે જે ઓંકાર છે, તે પ્રણવ છે, પ્રતિમા છે; તેમાં खं ब्रह्म ની ઉપાસના કરવાની છે. આકાશ જેમ સર્વવ્યાપક છે, તેમ બ્રહ્મ સર્વવ્યાપક છે. અહીં જે સ્થૂલ આકાશ દેખાય છે, તે કરતાં પણ એક પુરાણ પુરાનવ ચિરંતર આકાશ છે, જે સૃષ્ટિની શરુઆતમાં પણ રહેલું છે એ જે પુરાણ આકાશ છે, તે વાયુર પણ છે; જે વાયુ અત્યંત સૂક્ષ્મરૂપે સૃષ્ટિની શરુઆતમાં પણ છે.

[2]અહીં બતાવેલ બ્રહ્મની વ્યાખ્યા આ પહેલાં પણ બ્રહ્મવાદીએ જણાવી છે :

'સૃષ્ટિની શરુઆતમાં જ્યારે કાંઈપણ ન હતું; ત્યારે એકલું આ બ્રહ્મ તો હતું જ. તે બ્રહ્મને આત્મજ્ઞાનીએ પોતાના આત્મસ્વરૂપે જાણી લીધું હતું અને તેથી 'હું આત્મરૂપ બ્રહ્મ છું. अहं ब्रह्मास्मि'

---

૧. સર્વાનુક્રમસૂત્ર ૪. વા. સં. અ. ૩૭ ૩૮, ૩૯. ૨. શ. બ્રા. ૧૪, ૪, ૧, ૨૧

વેદાન્તનાં ચાર મહાવાકયો છે; તેમાં આની પ્રસિદ્ધિ છે. તે રીતે ઉપરનો મંત્ર પણ યજુર્વેદ સંહિતાની સમાપ્તિનો સૂચક છે. ખિલકાંડમાં કેટલીક ઉપાસનાઓ સૂચવી છે, તેમાં મંથ બ્રાહ્મણમાં મધુમતી ઋચાઓની સાથે ગાયત્રી મંત્રને જોડીને મધુમતી વિદ્યા બતાવી છે અને તેનો મહિમા ગાયો છેઃ

[1]तत् सवितु र्वरेण्यम् એ પહેલા ચરણની સાથે પહેલી ઋચા જોડી છે;
मधु वाता ऋतायते मधु क्षरंति सिन्धवः। माध्वीर्नः संत्वोषधीः। भूःस्वाहा

[2]'भर्गो देवस्य धीमहि' એ બીજા ચરણની સાથે બીજી ઋચા જોડી છે.
मधु नक्तमुतोषसो मधुमत् पार्थिवं रजः। मधु द्यौरस्तु नः पिता। भुवः स्वाहा।

धियो यो नः प्रचोदयात् એ ત્રીજા ચરણની સાથે ત્રીજી ઋચા જોડી છે.
मधुमान्नो वनस्पतिर्मधुमान् अस्तु सूर्यः माध्वीर्गावो भवन्तु नः। स्वः स्वाहा।

સાવિત્રી–ગાયત્રીનાં ત્રણ ચરણની સાથે મધુમતીની ત્રણ ઋચાઓ જોડયા પછી બધી વ્યાહૃતિઓ જોડીને નીચેનો મંત્ર ભણવાનો છે.

अहमेवेदं सर्वं भूयासम्। भूर्भुवः स्वः स्वाहा।

મધુમતી ઋચાઓની સાથે સાવિત્રી ઋચાનાં ત્રણ ચરણ જોડીને, જે પ્રકાર અહીં બતાવ્યો છે; તેનો ઉપદેશ આરુણિ ઉદ્દાલક નામના ઋષિએ પોતાના શિષ્ય યાજ્ઞવલ્કયને આપ્યો હતો, જેના પિતા વાજસની હતા.

ઉપરની વિદ્યાનો ઉપદેશ આપીને તે ગુરુએ પોતાના શિષ્યને જણાવ્યું કે; આ વિદ્યા ભણીને સૂકા ઠૂંઠા પર પાણી છાંટવામાં આવે; તો તે સૂકા લાકડામાં નવી ડાળીઓ આવે અને નવાં પાન ફૂટે.

આ રીતે વિદ્યાનો મહિમા ગાયો છે. સૂકા ઠૂંઠામાં પ્રાણ આવે; એ તો એક દાખલો છે. તેનું તાત્પર્ય તો આ છેઃ

ગાયત્રીમંત્રના દેવ સવિતા નારાયણ છે, જેની અંદર ભર્ગ નામની વિશેષ પ્રકારની શક્તિ રહેલી છે. આ ભર્ગશક્તિ માનવની મતિને પ્રેરણા આપે છે. તે સાથે મધુમતી નામની ત્રણ ઋચાઓ મનની ભાવનાને પોષે છે. જેના મનમાં સ્થિરતા હોય; તે ઋતનાં આચરણ કરે છે.

અહીં બંને ઋચાઓનાં અનુસંધાન કરીને એક વિશેષ પ્રયોગ બતાવવામાં આવ્યો છે. જેમાં મનની ભાવના અને મતિની પ્રેરણાને જોડવામાં આવી છે. આ મન–મતિનાં જોડાણ તો માનવનાં જીવનને મધુર બનાવે છે. એકલી મતિ તો શુષ્ક બની જાય અને એકલું મન પણ તરંગે ચઢી જાય. જીવનનું માધુર્ય આપનાર આ મધુવિદ્યા છે. જેની પરંપરા અહીં બતાવી છે.

---

૧. વા. સં. ૩, ૧૫ ૨. વા, સં. ૧૩, ૨૭

'એ વાજસનેય યાજ્ઞવલ્કયે પોતાના શિષ્ય મધુક પૈંગ્યને આનો બોધ આપ્યો હતો. એ પૈંગ્યે પોતાના શિષ્ય ચૂડ ભાગવિત્તિને, એ ચૂડ ભાગવિત્તિએ પોતાના શિષ્ય જાનકિ આયસ્થૂણને, તેમણે પોતાના શિષ્ય સત્યકામ જાબાલને અને સત્યકામ જાબાલે પોતાના અનેક શિષ્યોને આ વિદ્યાનો ઉપદેશ આપ્યો હતો. બોધ આપનાર ગુરુએ આ વાત પણ સાથે જોડી છે.

'આ વિદ્યા ભણીને સૂકા ઠૂંઠા પર પાણી છાંટવામાં આવે, તો તે સૂકા લાકડામાં નવી ડાળીઓ અને નવાં પાન, નવી કુંપળો ફૂટે.'

આ ખિલ કાંડનાં શાંતિ બ્રાહ્મણની શરુઆતમાં આ મંત્ર આવે છે:

ॐ पूर्णमदः पूर्णमिदं पूर्णात् पूर्णमुदच्यते ।
पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते ।

અદઃ તે ઉપાધિરહિત ઇંદ્રિયોથી અગોચર બ્રહ્મ આકાશની જેમ પૂર્ણ ભરપૂર છે. इदम् આંખે દેખાતું આ જગત્ બ્રહ્મ પૂર્ણ છે. કારણ કે આ કાર્ય છે અને તે કારણ છે, માટે પૂર્ણ કારણથી પૂર્ણ કાર્ય બને છે. જેમ સમુદ્રમાંથી જલ ઉલેચવામાં આવે, એજ રીતે પૂર્ણમાંથી પૂર્ણ ઉલેચવામાં આવ્યું છે. એજ પ્રકારે પૂર્ણ લઈ લેવામાં આવે, તો અવશેષ એક પૂર્ણજ રહી જાય છે.

એ કથાને યાદ કરી લઈએ. દેવોનો યજ્ઞ અધૂરો રહી ગયો હતો. દધીચિએ બતાવેલ મધુવિદ્યાથી અશ્વિનીકુમારોએ યજ્ઞનું માથું જોડી દીધું અને દેવોનો યજ્ઞ પૂર્ણ થયો. એજ રીતે માનવનું જીવન અધુરૂં રહી જાય છે. આ મધુવિદ્યા—બ્રહ્મવિદ્યા મેળવીને જીવન પૂર્ણ બને છે. જીવનની ભાવના અને પ્રેરણા સફળ સિદ્ધ બને છે. જીવનના માધુર્યનાં દર્શન થાય છે.

ANAND ARTS COLLEGE, ANAND
LIBRARY
Computer Code No.
Computer Library Acc No

ANAND ARTS COLLEGE, ANAND
Computer Code No.
Computer Library Acc No

# ૩

# મૃત્યુ પર વિજય

અહીં આ પક્ષી ચરે છે. એક એક કણ ચાંચમાં લઈ, એ ગળી જાય છે. તેના ઉદરમાં એ કાચો કણ પાકી જાય છે, પચી જાય છે અને તેને પોષણ મળે છે. માનવ બાળ કાચો કણ પચાવી શકતો નથી. પક્ષીના ઉદરમાં રહેલ જઠરાગ્નિ કેટલો તેજ હશે; તેનો વિચાર આવે છે?

સાથે આ પણ વિચાર જાગે છે. આ પક્ષીનું જીવન કેટલું નચિંત છે. તેને ઘર બાંધવાની ચિંતા નથી. ધન સંગ્રહ કરવાની ચિંતા નથી. વસ્ત્રની પણ ચિંતા નથી. દિન ભર ઉડ્યા કરે છે, ચણ ચણતું રહે છે ને રાત પડે ક્યાંક જઈને સુઈ જાય છે. તેના જીવનનો એક ક્રમ છે. તે પ્રકાશમાં ઉડે છે, ફરે છે, ચરે છે ને રાત પડે સુઈ જાય છે.

સામાન્ય માનવી પણ આવું જીવન જીવતો હોય છે. દિવસભર તો તે હરતો, ફરતો રહે છે અને રાત પડે સુઈ જાય છે. પક્ષીને કોઈ વાતની ચિંતા નથી. આ માનવી ચિંતાનો બોજ માથે લઈને ફર્યા કરે છે. આ નજરે તો પક્ષી વધારે સુખી ગણાય; તેને તો પૂરી નીરાંત છે.

એ પક્ષીને હરતું, ફરતું, ચરતું જોયું છે? ક્યાંક અવાજ થાય અને તે પાંખ ફફડાવી ઉડી જાય છે. તેને ભય લાગે છે. કો'ક ક્યાંકથી આવશે અને તેને મારી નાખશે. મરણનો ભય તેને સતત પજવે છે. ક્યાંય પણ નીરાંતે રહી શકતું નથી.

તેના જીવનમાં આ એકજ અનુભવ છે. કેટલાંય પક્ષીઓ કાળના મુખમાં હોમાઈ ગયાં છે અને એજ રીતે પોતે હોમાઈ જશે. જેટલી ક્ષણ બચી ગયા અને જીવી ગયા; એટલો આનંદ.

માનવનો બાળક સવારે ઉઠે છે. તેને છીંક આવે છે. તેને લાગે છે કે શરદી થઈ છે. તે નહિ મટે તો તાવ આવશે અને તે વધી જશે, તો મરવું પડશે. આ મરણથી બચી જવું જોઈએ.

જીવનની આ વૃત્તિ કુદરતે દરેકને આપી છે. પ્રાણ છે, તો પ્રાણી છે. પ્રાણ ગયા કે જીવન ગયું. આ પ્રાણ આપોઆપ ચાલ્યા જાય છે કે તેને લેવા કો'ક આવે છે? આ એક પ્રશ્ન છે. જીવન પણ આપોઆપ આવે છે કે, તેને આપનાર કો'ક છે? આ પણ એક અણ ઉકેલ્યો પ્રશ્ન છે.

જીવન અને મરણ વિષે પ્રાચીન ઋષિઓએ સારી વિચારણા કરી છે અને તેમણે પોતાના જીવનમાં જે અનુભવ મેળવી લીધા; તે જ્ઞાનનો સંચય કર્યો છે. તેમના અનુભવની વિદ્યા મેળવી લેવા જેવી છે:

[1]'એ ઋષિનું નામ ભરદ્-વાજ છે. સાત ઋષિઓમાં તેમની ગણના થાય છે. શરીરમાં રહેલ પ્રાણને વસિષ્ઠ અને મનને ભરદ્વાજ કહે છે. આ ઋષિ બૃહસ્પતિના પુત્ર છે. બૃહસ્પતિ મીન રાશિના અધિષ્ઠાતા ગણાય છે.' એ મીન રાશિમાં રેવતી નક્ષત્ર આવી જાય છે; જેના દેવ પૂષા છે, એ સંબંધે ભરદ્વાજ ઋષિએ જે જે દેવોનાં સૂક્તો ગાયાં છે; તે દેવો કેવળ આરાધ્ય દેવો રહ્યા નથી; પરંતુ સત્તાવીશ નક્ષત્રો, બાર રાશિઓ, બાર માસ, ૭ ઋતુઓ, બે અયન, બે સંપાત, રાશિચક્ર, નક્ષત્રચક્ર વગેરેના અધિષ્ઠાતા દેવો છે.

'રેવતી નક્ષત્રના અધિષ્ઠાતા પૂષા દેવ છે, જેનું કાર્ય પોષણ આપવાનું છે. શરદ ઋતુ ગયા પછી હેમન્ત અને શિશિર આવે છે, ત્યારે પ્રજા, પશુ અને વૃક્ષ વનસ્પતિઓનાં બળ વધે છે. એ પૂષા દેવ પ્રજાજનો અને પશુઓના પોષક અને માર્ગદર્શક ગણાયા છે.

[2]'જે પ્રજા, પશુ, વનસ્પતિ વગેરેનું પોષણ કરે, તે પૂષા. તે પૂષા દેવની સ્તુતિ ભરદ્-વાજ કરે છે. હવે જે વાજ—અન્નને ભરે તે ભરદ્વાજ ગણાય. આ દૃષ્ટિએ જે જે નક્ષત્રના સ્વામીઓ પશુ, અન્ન વગેરેની સમૃદ્ધિ કરે, તે બધા દેવો ભરદ્-વાજ ગણાય અને તેમનાં દર્શન કરનારા ઋષિ ભરદ્વાજ બને.'

[3]ઋષિ ભરદ્વાજ આ નક્ષત્રો વિષે અભ્યાસ કરવામાં અને સ્વાધ્યાય કરવામાં એટલા તો નિરત રહે કે રાત દિવસ, માસ, વર્ષ ક્યાં ચાલ્યાં જાય છે, તેની તેમને

૧. વેદ પરિચય પુસ્તિકા ૩, પૃ. ૩૫ ૨. વેદ પરિચય પુસ્તિકા ૩. પૃ. ૮૬ ૩. તૈ. બ્રા. ૩, ૧૦, ૯

ખબર પડે નહિ. આમ અભ્યાસ કરતાં તેમના જીવનનાં સો વર્ષ તો સહેજમાં ચાલ્યાં ગયાં. મરણ શું છે, તેની તેમને ખબર પણ નહિ.

મૃત્યુના દેવ યમરાજ પોતે તેમને લેવા આવ્યા. તેમની ઝૂંપડી પર ટકોરા કર્યા. ઋષિ તો સ્વાધ્યાયમાં ડૂબેલા હતા. તેમણે પૂછ્યું :

'અરે ભાઈ કોણ છે ?' ઉત્તર મળ્યો :

'તમને ખબર નથી. હું મૃત્યુ છું. તમને લેવા આવ્યો છું ?'

'મૃત્યુ !' ઋષિને વિસ્મય થયું. મૃત્યુનો વિચાર મને આવ્યો નથી. મને એવી નવરાશની પળો મળી જ નથી; જ્યારે મને મરણનો વિચાર આવે.

'તે તમે શું કરો છો ?' મૃત્યુએ પૂછ્યું. 'હું તો સ્વાધ્યાય કરું છું. મારો આ સ્વાધ્યાય પૂરો થયો નથી.' એ સાંભળી મૃત્યુએ વિદાય લીધી. સ્વાધ્યાય કરતાં બીજાં સો વર્ષ વહી ગયાં ને મૃત્યુએ ફરીથી મુલાકાત લીધી; પણ તે ઋષિને મૃત્યુનો વિચાર આવ્યો ન હતો. મૃત્યુએ ફરી વિદાય લીધી. ત્યાં ત્રીજાં સો વર્ષ પૂરાં થયાં. ઋષિનો સ્વાધ્યાય પણ પૂરો થયો. તેમને મૃત્યુનો વિચાર આવ્યો. પણ જે મૃત્યુને બે બે વાર પાછા જવું પડે, તે શાનું આવે ?

એ મૃત્યુને પણ પોતાનું સ્વમાન છે. તે વગર બોલાવ્યું આવતું નથી. પ્રાણી તો રાતદિવસ મરણનો જ ભય સેવે છે. તે કામ ગમે તે કરે પણ; તેને વિચાર તો મરવાનો જ આવે છે. એ વિચારે જ માણસ સદા ગભરાતો રહે છે.

હાં, કેટલાક મનુષ્યો પોતાના કાર્યમાં, સ્વાધ્યાયમાં એટલા તો ડૂબેલા હોય છે કે તેમને બીજા વિચારોજ આવતા નથી. ખાવા, પીવા અને ખેલવામાં બીજા જીવો ડૂબેલા હોય છે, તેમને તો સમય આવે મૃત્યુ ઉપાડી જાય છે, પણ જેમને ખાવા–પીવાની ફૂરસદ નથી; ભોગ વિલાસ કરવા, જેટલો નવરાશનો સમય નથી, ને કામ સિવાય બીજા વિચાર પણ આવતા નથી; તે લોકો તો મૃત્યુ ઉપર વિજય મેળવે છે.

એ ભરદ્વાજે મૃત્યુ પર વિજય મેળવીને ત્રણસો વર્ષનાં આયુ–જીવન મેળવી લીધાં. ત્રણસો વર્ષ પૂરાં થતાં, મૃત્યુ હાજર ન થયું, તો તે ઋષિ જાતે મૃત્યુ પાસે પહોંચી ગયા. તેમણે પોતાની ઇચ્છા પ્રમાણે મૃત્યુને માંગી લીધું, તે મૃત્યુંજય બની ગયા.

જીવનનાં દર્શન કરતાં આ ઋષિઓ એક ભાવના સેવે છે :

[1]'જમદગ્નિ ઋષિને જે ત્રણ આયુ મળ્યાં; કશ્યપને જે ત્રણ આયુ મળ્યાં અને દેવોનાં હિત કરવામાં જે ત્રણ આયુ મળ્યાં; તે ત્રણ આયુષ્ય અમને મળો.'

---

૧. વા સં. ૩, ૬૨.

[1]'અમે સો સો વર્ષ જીવીએ, તેજસ્વી આંખથી જોતા રહીએ, કાનથી સાંભળતા રહીએ, વાણીથી બોલતા રહીએ, મનથી વિચારતા રહીએ, બુદ્ધિથી સમજતા રહીએ, સો સો વર્ષ અદીન બનીને રહીએ.'

દીન બનીને જીવવું; રોગના ભોગ બનવું અને ખાટલો પાથરીને પડયા રહેવું; એ કાંઈ જીવન નથી. મરણ આવતાં સુધી, માનવીએ કર્મમાં રત રહેવું જોઈએ. જીવન સારી રીતે જીવવાનો એક જ ઉપાય છે. પોતાને મળેલું કાર્ય કરતા રહો. જીવનનાં બીજાં કાર્યો ભલે છૂટી જાય, પણ વેદના અભ્યાસ છેલ્લા શ્વાસ સુધી કરતા રહો. સ્વાધ્યાય અને પ્રવચનમાં પ્રમાદ ન કરો.

પેલા એક ઋષિ જણાવે છે: 'પ્રમાદ એજ મૃત્યુ છે.'

એક બ્રહ્મવાદીએ મૃત્યુ વિષેનું રહસ્ય આ રીતે જણાવ્યું છે:

'પહેલાં જ્યારે દેવોને કાર્ય વહેંચી આપવામાં આવ્યાં; ત્યારે મૃત્યુને પણ કામ સોંપવામાં આવ્યું. એ બ્રહ્મ પ્રજાપતિએ મૃત્યુને બધાં પ્રજાજનો સોંપી દીધાં. એક બ્રહ્મચારીની સોંપણી કરી નહિ. મૃત્યુએ માંગણી કરી:

'આ બ્રહ્મચારીમાં પણ મારો ભાગ મળવો જોઈએ.'

બ્રહ્માએ જણાવ્યું: 'હાં, આ બ્રહ્મચારી જે રાતે સમિધા ન લાવે, તે રાતે ભાગ મળી જશે.'

એ બ્રહ્મચારીને અગ્નિની સેવા સોંપવામાં આવી છે. અગ્નિમાં સમિધ મૂકે, તો અગ્નિ સમિદ્ધ થાય, પ્રદીપ્ત થાય. દિવસે તો અગ્નિ સમિદ્ધ રાખી શકાય; રાતે અગ્નિને સમિદ્ધ રાખવો અઘરૂં છે. રાતની સેવા બ્રહ્મચારીને સોંપવામાં આવી છે. હવે જો બ્રહ્મચારી પ્રમાદ કરે અને અગ્નિમાં સમિધા ન મૂકે, એ રાતે મૃત્યુ આવી, બ્રહ્મચારીને ઉપાડી જાય. આને કારણે રોજે રોજ બ્રહ્મચારીએ સમિધા લાવવી. એમાં દોષ આવ્યો કે, તેના જીવનમાં મૃત્યુ ભાગ પડાવી જાય.

'બ્રહ્મચારી જે બ્રહ્મચર્યનાં પાલન કરે છે; એ તો દીર્ઘસત્ર ગણાય છે. ગુરુની પાસે આવીને પહેલી સમિધા આપી; તે તો તેના જીવન યજ્ઞનો પહેલો દિવસ છે. ગુરુ પાસેથી વિદ્યા મેળવી, સ્નાતક બનીને ગુરુની સંમતિ લીધી; એ તો વ્રતની સમાપ્તિ છે. રોજે રોજના જે સ્વાધ્યાય—અભ્યાસ છે, એ તો યજ્ઞના મુખ્ય દિવસો છે.

બ્રહ્મ એ તો મંત્ર છે, વેદ છે; તેનાં અધ્યયન, વ્યાખ્યાન અને પ્રવચન એ તો બ્રાહ્મણ છે. બ્રહ્મચારી બ્રહ્મ અને બ્રાહ્મણ રૂપ બને છે. તે નિત્ય નિરંતર સ્વાધ્યાય કરે છે.

ગુરુએ જે જ્ઞાન આપ્યું; એ તો અગ્નિ છે. તેમાં બ્રહ્મચારી નિત્ય નિરંતર સમિધા આપે છે. સ્વાધ્યાય કરનાર વિદ્યાર્થી જ્ઞાનની વૃદ્ધિ કરે છે. એ જ્ઞાનની

---

૧. વા. સં. ૩૬, ૨૪. શ. બ્રા. ૧૧, ૩, ૩

વૃદ્ધિ કરવી; તેજ અગ્નિનાં સેવન છે અને તેમાં નિત્ય નિરંતર સમિધા આપવી, તે બ્રહ્મચર્ય વ્રત છે.

'એ બ્રહ્મચારી ચાર ચરણોથી સર્વ ભૂત–પ્રાણીઓમાં પ્રવેશ કરે છે. તે પહેલા પગે અગ્નિમાં, બીજા પગે મૃત્યુમાં, ત્રીજા પગે આચાર્ય–ગુરુમાં અને ચોથા પગે પોતામાં રહે છે. બ્રહ્મચારી પોતાના સ્વાધ્યાયમાં રહે, તો તેની પાસે મૃત્યુ આવતું નથી.

'તે બ્રહ્મચારી અગ્નિમાં સમિધ આપે છે, ત્યારે અગ્નિમાં રહેલા પોતાના અંશને મેળવી લે છે; ખરીદી લે છે. અગ્નિના તે ભાગને સારી રીતે સંસ્કાર આપીને, ઉત્તમ બનાવીને પોતાની અંદર ધારણ કરી લે છે. આ રીતે અગ્નિ પાસે રહેલા પોતાના જીવનનો એક ભાગ તે બ્રહ્મચારીમાં પ્રવેશ કરે છે.

'તે બ્રહ્મચારી ગુરુકુલમાં નિવાસ કરે છે, ત્યારે તે કોઈ જાતનાં ધન-સાધન રાખતો નથી. પોતાની જાતને એક દરિદ્ર દશામાં રાખે છે અને લજ્જા છોડીને, તે માધુકરી–ભિક્ષા માંગી પોતાનો નિર્વાહ કરે છે. આ માધુકરીથી તે બ્રહ્મચારી મૃત્યુમાં રહેલા પોતાના જીવનના બીજા ભાગને ખરીદી લે છે અને તેને સંસ્કાર આપી, ઉત્તમ બનાવી, પોતાની અંદર ધારણ કરે છે. આમ મૃત્યુમાં રહેલા પોતાના જીવનનો બીજો ભાગ તેમાં પ્રવેશ કરે છે.

'તે બ્રહ્મચારી આચાર્યના ઘરમાં વાસ કરે છે. તે આચાર્યના ઘરનાં કામ કરે છે અને સારી રીતે સેવા શુશ્રૂષા કરે છે. આમ ગુરુને રાજી કરી; તે પોતાના જીવનના ત્રીજા ભાગને ખરીદી લે છે. તેને સેવાના સંસ્કાર આપી, ઉત્તમ બનાવે છે અને એમ આચાર્યની પાસે રહેલ પોતાના જીવનનો ત્રીજો ભાગ તેમાં પ્રવેશ કરે છે.

'તે બ્રહ્મચારી ગુરુકુળમાં નિવાસ કરી, સારી રીતે વિદ્યા મેળવી, સ્નાતક બને છે, ત્યારે તે પોતાનાં જ્ઞાતિજન, સ્નેહી સંબંધીજનોની પાસેથી છેલ્લી માધુકરી-ભિક્ષા માંગી લે છે. આ ભિક્ષાથી તે બ્રહ્મચારી પોતાની અંદર રહેલ ચોથા ભાગને પણ મેળવી છે. તેને સારી રીતે સંસ્કાર આપી, ઉત્તમ બનાવી પોતાની અંદર ધારણ કરી લે છે. આ ભિક્ષાથી તે કીર્તિ અને સમૃદ્ધિ મેળવે છે. સૌથી પહેલાં તો તે ગુરુપત્ની પાસેથી ભિક્ષા માંગે; પછી પોતાની માતા પાસેથી ભિક્ષા માંગે.

આ પ્રકારનાં ભિક્ષા–માધુકરી કરવાથી; તે બ્રહ્મચારીના જીવનમાં બધા વેદો પ્રવેશ કરે છે. જેમ અગ્નિને સમિદ્ધ કરવામાં આવે, તો તે પ્રદીપ્ત બનીને વિશેષ પ્રકાશે છે, એમજ આ બ્રહ્મચારી સ્નાતક બનીને વિશેષ રીતે પ્રકાશે છે. બ્રહ્મચર્યના આ રહસ્યને જાણીને બ્રહ્મચારી પોતાના જીવનને સમૃદ્ધ બનાવે છે.

જીવનને ઘડનારી એ વિદ્યા છે. તે મેળવવા માટે ભાવના જાગે; તેનો પ્રકાર આ બ્રહ્મવાદીએ બતાવ્યો છે. વિદ્યા માટે ધન સાધન જરૂરી નથી. તેથી તો

વિદ્યાર્થીને હૈયે ગર્વ જાગે છે. તે વિદ્યા આપનાર ગુરુને તુચ્છ સમજે છે. તેની સેવા શુશ્રૂષા કરવાની ભાવના જાગતી નથી. તેનું કારણ આ ધન સાધન છે. વિદ્યા આપનાર આચાર્ય પણ ધન સાધન મેળવી લે છે. વિદ્યાનાં દાન કરવાની વૃત્તિ તેને હૈયે પણ જાગતી નથી. આમ ગુરુ શિષ્યના સંબંધ કેવળ એક બહારના આચાર બની જાય છે.બંનેની એકતા જાગતી નથી.

આજે વિદ્યા મેળવવી ઘણી અઘરી થઈ પડી છે. વિદ્યાર્થી યોગ્ય હોય, અધિકારી હોય; પણ તેની પાસે ધન સાધન ન હોય; તો તે વિદ્યા મેળવી શકતો નથી; સારી વિદ્યાથી તે વંચિત રહી જાય છે. આમ વિદ્યા મોંઘી બનતી જાય છે. સાથે સાથે નમ્રતા, સેવાપરાયણતા, સરળતા વગેરે ગુણો જાગતા નથી. વ્યસન, પ્રમાદ વગેરે દોષો વિદ્યાર્થીમાં પ્રવેશ કરે છે અને તેનાં જીવન નિષ્ફળ બની જાય છે. માનોને કે, તેના જીવનને મૃત્યુ ગળી જાય છે. તેનું જીવન સમાજ અને રાષ્ટ્રના ઉપયોગમાં આવતું નથી.

ઊંચા પ્રકારની વિદ્યા મેળવવા પણ આજે તો ધન સાધન જોઇએ; તે વિના સારી વિદ્યા મળે નહિ. જેની પાસે બુદ્ધિ છે, તેને વિદ્યાનો લાભ મળતો નથી. વિદ્યા સૌ કોઇને સહજ સરળ રીતે મળે, એવી વ્યવસ્થા હોવી જોઇએ.

હાં, વિદ્યા મેળવવાની યોગ્યતા અને ભાવનાનો વિચાર તો, આ પ્રાચીન ઋષિમુનિઓએ કર્યો હતો. તેમણે એક નિયમ બનાવ્યો હતો :

'જેણે વિદ્યા મેળવવી છે, ઊંચા પ્રકારની વિદ્યાનો લાભ લેવો છે; તેણે તે આચાર્ય પાસે જવું, જે બહુશ્રુત હોય અને જેની નિષ્ઠા બ્રહ્મમાં રહેલી હોય; અર્થાત્ જેણે જીવનના ઉત્તમ રહસ્યને મેળવી લીધું હોય અને જેનું ચરિત અત્યંત ઉદાર હોય. તેમની પાસે જ્યારે વિદ્યાર્થી જાય; ત્યારે તે હાથમાં સમિધ લઇને જાય.

આ સમિધ શું છે. આમ તો તે દાતણ જેવડો લાકડીનો નાનો ટૂકડો છે. એનું કાંઈ મૂલ્ય નથી; પણ તે હાથમાં હોય; ત્યારે તે એક પ્રતીક બની જાય છે.

જે આચાર્ય પાસે તે વિદ્યા લેવા ગયો છે, તે આચાર્યનું જીવન અગ્નિસમાન સમિદ્ધ પ્રદીપ્ત છે. તેમના હૈયે જ્ઞાનનો અગ્નિ સમિદ્ધ છે. એ સમિદ્ધ અગ્નિના રૂપે વિદ્યાર્થીને વિદ્યાનાં દાન કરે; તે વિદ્યાને જીવનભર સમિદ્ધ રાખવાની છે. વિદ્યાર્થીને જે વિદ્યા મળે; તે સમિદ્ધ હોય, તેજસ્વી હોય; તેથી તેનું જીવન સમિદ્ધ બને, સમૃદ્ધ બને.

વિદ્યાર્થીના હાથમાં રહેલ સમિધ તેની ખાત્રી આપે છે. આચાર્ય તેની સમિધા જોઇને, તેના હૃદયની ભાવના વાંચી લે છે, તેને વિદ્યાનો અધિકારી ગણે છે અને તેને વિદ્યાનાં દાન આપે છે.

[1] બ્રહ્મવાદીએ સમિધને પ્રાણ કહ્યા છે. प्राणा वै समिध : એ સમિધાની સ્તુતિ કરતાં, આ ઋષિ જણાવી રહ્યા છે:

[2]'હે સમિધ, તું અમારો દીપક—બોધ છે. તારી કૃપાથી અમે જીવનને સમૃદ્ધ બનાવીએ. તું જાતે સમિધ છે, તારા સંયોગથી અગ્નિ પ્રદીપ્ત થાય છે, તેને કારણે તું તેજ છે, માટે અમારામાં તેજ રાખી લે.

'હે સમિધ, આખી આ પૃથ્વી સારી રીતે ફરતી રહે છે. એજ રીતે નિત નિત ઉષા ઉગે છે, દરરોજ સૂર્ય ફરતો રહે છે. આખુંય આ જગત ચક્કર લેતું જ રહે છે. જ્યોતિ બનીને રાષ્ટ્ર અને સમાજને ઉજ્જવળ બનાવીએ.

અગ્નિમાં સમિધા મુકતાં, આ ઋષિ ભાવના સેવે છે:

[3] 'મારા જીવન વ્રતનાં પાલન કરનાર, ઓ અગ્નિ! તમારી અંદર હું આ સમિધા મુકું છું. એ સમિધાનાં આદાન કરીને, હું તમારી પાસે જીવનની દીક્ષા લઉં છું. એ સમિધ તો મારા જીવનનાં વ્રત છે. મારા હૃદયની શ્રદ્ધા છે. તેનાં સમર્પણ કરી, મારા જીવનને સમૃદ્ધ બનાવું.

આ સમિધા એક પ્રતીક છે, એક પ્રતિમા છે, એક દૃષ્ટાંત છે. તેમાં જેટલી ઊંચી ભાવના કરો; તેટલો તેનો મહિમા વધે છે. એ ભાવના અને શ્રદ્ધાજ જીવનને ઊંચે લઈ જાય છે. આ બ્રહ્મવાદી સમિધામાં રહેલી ઊંચા પ્રકારની ભાવનાનાં રહસ્ય આ રીતે ઉકેલ છે:

[4]'પૃથ્વી સમિત છે. તેને અગ્નિ સારી રીતે સમિદ્ધ—પ્રદીપ્ત રાખે છે. તે પૃથિવી અગ્નિને સારી રીતે સમિદ્ધ બનાવે છે. હું તે પૃથ્વી રૂપી સમિધને સારી રીતે પ્રદીપ્ત રાખું છું. મારાથી સમિદ્ધ બનેલી એ પૃથ્વી આયુ અને તેજ, વર્ચસ્વ અને શ્રી, યશ અને બ્રહ્મવર્ચસ તેમજ ઉત્તમ અન્ન આપીને મને નિત્ય નિરંતર સમિદ્ધ રાખે છે. તે સમિધને સ્વાહાઃ તેનાં સમર્પણ કરવામાં આવે છે.

'અંતરિક્ષ સમિધ છે. તેને વાયુ સારી રીતે સમિદ્ધ પ્રદીપ્ત રાખે છે. તે અંતરિક્ષ વાયુને સમિધ બનાવે છે. હું તે અંતરિક્ષને સમિદ્ધ રાખું છું. મારાથી સમિદ્ધ થએલ અંતરિક્ષ આયુ અને તેજ, વર્ચસ્વ અને શ્રી, યશ અને બ્રહ્મવર્ચસ તેમજ ઉતમ અન્નથી મને સમિદ્ધ રાખે છે. તેને સ્વાહા.

'આકાશ સમિધ છે. તેને આદિત્ય—સૂર્ય સમિધ રાખે છે. તે આકાશ આદિત્યને સમિદ્ધ રાખે છે. હું તે આકાશને સમિધ્ધ રાખું છું. મારાથી સમિધ્ધ આકાશ આયુ અને તેજ, વર્ચસ્વ અને શ્રી, યશ અને બ્રહ્મવર્ચસ તેમજ ઉત્તમ અન્નથી મને સમિધ્ધ રાખે છે.

---

૧. શ. બ્રા. ૧, ૫, ૪, ૧, ૨. વા. સં. ૨૦, ૨૩ ૩. વા. સં. ૨૦, ૨૪. ૪. તૈ. આ. ૪, ૪૧ મૈ. સં. ૪, ૯, ૨૩

૧ 'હે વ્રતપતિ અગ્નિ ! હું વ્રતનાં આચરણ કરીશ. તમારી કૃપાથી હું તે વ્રત કરવાની શક્તિ ધરાવું. મારાં તે વ્રત સંપૂર્ણ સમૃધ્ધ થાઓ. હે વ્રતપતિ, વાયુ! હું વ્રતનાં આચરણ કરીશ. તમારી કૃપાથી હું વ્રત કરવાની શક્તિ ધરાવું. મારાં તે વ્રત સંપૂર્ણ સમૃદ્ધ થાઓ. હે વ્રતપતિ આદિત્ય! હું વ્રતનાં આચરણ કરીશ. તમારી કૃપાથી હું વ્રત કરવાની શક્તિ ધરાવું. મારાં તે વ્રત સંપૂર્ણ સમૃધ્ધ થાઓ.'

ગુરુ પાસે રહી વિદ્યા મેળવવી, તે એક વ્રત છે. સ્વાધ્યાય–અભ્યાસ કરવો; તે વ્રત છે. એ રીતે જીવનનું કોઈપણ કાર્ય વ્રત માનીને કરવામાં આવે; તો તેમાં દૈવી બળ મળે છે. અગ્નિ, વાયુ, આદિત્યની પ્રેરણા મળે છે. પૃથ્વી, અંતરિક્ષ અને આકાશની પ્રેરણા મળે છે.

જે વ્રત શરુ કર્યું હોય; તેની સમાપ્તિ પણ કરવાની રહે છે. જીવન સફળ, સમૃધ્ધ બને; ધારેલું કાર્ય પુરૂં થાય ત્યારે તે કાર્યમાં પ્રેરણા આપનાર દેવોનો આભાર માનવાનો રહે છે. આભાર માનવામાં ન આવે; તો અભિમાન જાગે છે. વ્રતની સમાપ્તિ વખતે ઉપરના મંત્રોના પાઠ ભણીને જણાવવાનું છે:

૨ 'હે વ્રતપતિ અગ્નિ! મેં આચરણ કર્યાં. તમારી કૃપાથી હું તે વ્રત કરી શકયો. મારાં વ્રત સફળ સમૃદ્ધ થયાં. હે વ્રતપતિ વાયુ અને હે વ્રતપતિ આદિત્ય! મેં વ્રતનાં આચરણ, કર્યાં. તમારી કૃપાથી હું તે વ્રત કરી શકયો. મારાં વ્રત સફળ સમૃધ્ધ થયાં.

વિદ્યા પ્રાપ્ત કરવી, તે પણ જીવનનું એક મહાન વ્રત છે. ગુરુકુળમાં વાસ કરી, વિદ્યાર્થી સ્નાતક બને છે. આ તેના જીવનનું સ્નાન છે, શુદ્ધિ છે, સંસ્કાર છે. તેના જીવનને વિદ્યાથી કેળવવામાં આવ્યું છે. જે સ્નાતક છે, તે સમાજ અને રાષ્ટ્રની સેવામાં સફળતા મેળવે છે. તેના તરફ સર્વજનોને આદર સદભાવ જાગે છે. તેના જીવનને ઘડવામાં આચાર્યે પોતાના જીવનનાં પણ બલિદાન આપ્યાં છે.

ગુરુકુળથી સ્નાતક વિદ્યાર્થી વિદાય લે, ત્યારે ગુરુ તેને બોધ આપે છે. આ બોધ આજે પણ એટલો જ ઉપયોગી છે. એક એક વિદ્યાર્થીને હૈયે એ બોધ વણાઈ જાય; તો તેની વિદ્યા સફળ થાય અને તેનું જીવન ઉપયોગી બને.

૩ આ બોધ આચાર્ય વેદવિદ્યા ભણાવી લીધા પછી, પોતાના અંતેવાસી શિષ્યને આપે છે, જેનું અનુષ્ઠાન તેણે જીવનભર કરવાનું છે:

'સત્ય બોલો, ધર્મનાં આચરણ કરો. સ્વાધ્યાય કરવામાં પ્રમાદ લાવો નહિ. વિદ્યા આચાર્યનું પ્રિય ધન છે, તેનો તાંતણો લંબાવીને પ્રજાજન સુધી પહોંચાડો; જેથી તે વિદ્યાની પરંપરાનું અનુસંધાન તૂટે નહિ.

---

૧. વા. સં. ૧, ૫ મૈ. સં. ૪, ૯, ૨૪ તૈ. સં. ૧, ૫, ૧૦, ૮. ૨. વા. સં. ૨, ૨૮ કા. સં. ૫ ૩૬ મૈ. સં. ૪, ૯, ૨૬ તૈ. આ. ૪, ૪૧ ૩. તૈ: આ. ૭, ૧૧

સત્યથી પ્રમાદ કરવો નહિ. ધર્મથી પ્રમાદ કરવો નહિ. કુશળતાથી પ્રમાદ કરવો નહિ. ભૂતિ મેળવવામાં પ્રમાદ કરવો નહિ. સ્વાધ્યાય અને પ્રવચનથી પ્રમાદ કરવો નહિ. દેવનાં પરોપકારી કાર્ય અને પિતરોનાં સેવા કાર્યથી પ્રમાદ કરવો નહિ.

માતાનો આદર દેવરૂપે હો, પિતાનાં સન્માન દેવરૂપે હો. આચાર્યનાં માન દેવરૂપે હો. અતિથિ દેવરૂપ બની રહો.

જે કર્મોની નિંદા કરવામાં આવી ન હોય, તેવાં સારાં કાર્યોનાં સેવન કરવાનાં છે, બાકીનાં કર્મો કરવાનાં નથી. અમે જે સારાં આચરણ કર્યાં હોય; તેને અનુસરવાનું છે, બાકીનાં આચરણ સેવવાનાં નથી.

જે બ્રહ્મ–મંત્ર વિદ્યામાં પારંગત છે અને જેમને અમે કલ્યાણકારી ગણ્યા છે, એવા મોટા માણસો તરફ અનાદર ન કરવો. પોતાની જાતને પંડિત ગણીને તેમના આસન પર બેસી જવું, તેમની આજ્ઞા ઓળંગવી; તેમની સાથે વાદ વિવાદમાં ઉતરવું. આ કાર્યો ઉધ્ધતાઈનાં સૂચક છે.

તારે જે દાન આપવાનાં છે, તે શ્રદ્ધાથી આપવાનાં છે. જ્યાં શ્રદ્ધા ન હોય છતાં ફરજ બનતી હોય; તે દાન પણ આપવાનાં છે. પોતાની શ્રી–સંપત્તિ પ્રમાણે દાન કરવાં. લજ્જાને વશ થઈ દાન કરવાં, મનમાં ભય રાખીને દાન કરવાં, સારી રીતે સમજીને દાન કરવાં.

જીવન વ્યવહારમાં કયાંક અડચણો આવીને ઉભી રહે. કયાં કામ કરવા જેવાં–કાર્ય છે અને કરવા જેવાં નથી. કયાં વર્તન સારાં છે અને નરસાં છે, એ વિષે મનમાં શંકા સંદેહ જાગે; ત્યારે ગમે તે કાર્ય કરી નાખવાનું સાહસ કરવું નહિ.

માનવસમાજમાં ડાહ્યાજનો હોય છે, જેઓ રાગ, દ્વેષ કે સાહસ વગેરેને વશ ન થતાં કુશળતાથી નિર્ણય કરે છે. જેઓ સારા વ્યવહારોમાં સદા જોડાયેલા રહે છે અને તે વિષે આગ્રહ રાખતા હોય છે. જેમનાં કાર્યો લૂખાં સૂકાં નહિ, પણ સેવા કાર્ય કરવામાં રસ પેદા થાય; એ રીતે થતાં હોય છે. એ ડાહ્યા સજ્જનો દંભ, ડોળ, દેખાવ કે લાભ જોતા નથી; ધર્મને ધ્યાનમાં રાખીને વર્તન કરતા હોય છે. એ પ્રકારના ડાહ્યાજનોએ આદરભાવથી જે પ્રકારનાં વર્તન વ્યવહાર કર્યાં હોય; તે વર્તન જીવન વ્યવહારમાં ઉતારવાનાં છે.

કેટલાંક કર્મો ઘણાં પ્રસિદ્ધ હોય છે. સમાજમાં અને રાષ્ટ્રમાં વખણાએલાં હોય છે; તો પણ તેને વ્યવહારમાં મુકતાં વિચાર થઈ પડે છે; એ વિષે પણ ઉપર જણાવેલ ડાહ્યાજનોના વ્યવહારો જોઈ; વર્તન કરવાનાં છે.

આ આદેશ, આ ઉપદેશ, વેદ વિદ્યાનું આ રહસ્ય અને આ અનુશાસન છે; તે પ્રમાણે સેવન કરવાનાં છે, તેને વ્યવહારમાં મુકવાનાં છે.

કેટલાંક પ્રાચીન ગુરુકુળ અને વિશ્વ વિદ્યાલયોમાં સ્નાતકની પદવી મેળવનાર વિદ્યાર્થીઓને ગુરુજન ઉપરનો ઉપદેશ આપે છે. આચાર્ય ગણો કે કુલપતિ ગણો, તેમનું આ દીક્ષાન્ત પ્રવચન છે. આ પ્રવચનમાં કેટલીક ભાષા પરિભાષા પરિચિત નથી; પણ તેમાં જે આદર્શ રજૂ થયો છે; તે તો સર્વને ગ્રાહ્ય બને છે. જીવનની એ દીવાદાંડી છે.

સ્નાતક બનીને, પદવી મેળવી લીધી અને પછી જીવનનાં અનેક વ્યવહાર કાર્યોમાં ગૃહસ્થ અટવાઈ પડે છે. કેટલાક તો ભણેલી વિદ્યા ભૂલી જાય છે. 'હવે એ વિદ્યાનું શું કામ છે? ભણતા હતા; ત્યારે તો યાદ રહેતું. જીવનમાં તેનો ઉપયોગ તો રહ્યો નહિ;' આવું માનનારા પણ કેટલાક સજ્જનો છે; તેમનું ધ્યાન આ બાજુ દોરવામાં આવ્યું છે.

જે વિદ્યા મેળવી; તે ફક્ત આજીવિકાનું સાધન નથી. વિદ્યા તો જીવનને ઉન્નત અને ઉજ્જવલ બનાવે છે. દરરોજ સફાઇ કરવી પડે છે. દિન પ્રતિદિન શરીર વગેરેની શુધ્ધિ કરવી પડે છે; એજ રીતે વિદ્યા તાજી રાખવાની છે. બીજાં ધન સાધન તો મેળવી લીધા પછી સાચવી શકાય છે, પણ વિદ્યા યાદ કરવામાં ન આવે, તો ભૂલાઇ જાય. ભણેલું ભુલી જવું; એ અપરાધ છે, દોષ છે. સ્વાધ્યાય અને પ્રવચન તો જીવનનાં સાચાં ધન છે. વિદ્યા તો વાણીનું ભૂષણ છે. તે સાચું વિત્ત છે; તે વિષે આ બ્રહ્મવાદી જણાવે છે:

૧ નિત્ય નિરંતર સારા ગ્રંથોનાં પાઠ પારાયણ કરવાં, તે સ્વાધ્યાય છે. વિદ્યા ભણાવવી; ઉપદેશ આપવો, વિચાર પરિચય કેળવવો તે પ્રવચન છે. આ સ્વાધ્યાય અને પ્રવચન ઋત–સહજ સરળ જીવનની તુલનામાં છે. માનોને કે; એક ઋત છે; એજ રીતે સ્વાધ્યાય અને પ્રવચન છે. સત્ય છે, ને સ્વાધ્યાય અને પ્રવચન છે.

એજ પ્રમાણે માનવના જીવન વ્યવહારમાં અત્યંત ઉપયોગી ગુણોની સાથે સ્વાધ્યાય અને પ્રવચનની તુલના કરવામાં આવી છે. આ ગુણોમાં ઋત અને સત્યની સાથે તપ, દમ, શમ, અગ્નિનાં સેવન, અગ્નિહોત્ર, અતિથિપૂજન, માનવતાનો વ્યવહાર, પ્રજાઓનાં પોષણ, નવનવાં ઉત્પાદન; પરંપરાનાં રક્ષણ, આ બધાં કાર્યો જીવન વ્યવહારમાં જેટલાં ઉપયોગી છે; તેટલાં જ ઉપયોગી અને આવશ્યક સ્વાધ્યાય અને પ્રવચન છે.

એ જીવનના સંસ્કાર છે. તેનો સુમેળ જીવનના દરેક વ્યવહારમાં કરવાનો છે. તે હેતુથી આ બ્રહ્મવાદીએ દરેક ગુણની સાથે સ્વાધ્યાય–પ્રવચનને જોડી દીધાં છે. એ વિષે ત્રણ પ્રાચીન આચાર્યોના મત રજૂ કર્યા છે:

---

૧. તૈ. આ. ૭, ૯

રાથીતર જણાવે છે કે સત્ય વ્યવહાર એ ઉત્તમ જીવન છે; તે પ્રમાણેના તેમના આગ્રહથી સત્યવચા–સત્યવાદી નામે તે પ્રસિદ્ધ થયા. પૌરુશિષ્ટિ જણાવે છે કે; તપનાં અનુષ્ઠાન એ ઉત્તમ જીવન છે. તે પ્રમાણે તેમનું નામ તપોનિત્ય–નિત્ય નિરંતર તપ આચરનાર–પ્રસિદ્ધ થયું. મૌદ્દગલ્ય જણાવે છે: 'સ્વાધ્યાય અને પ્રવચન એ જીવનનો ઉત્તમ વ્યવહાર છે.' એ પ્રમાણે તેમણે જીવનભર સ્વાધ્યાય અને પ્રવચન સેવ્યાં અને તે બધા પ્રકારનાં દુઃખ તરી ગયા. તેથી તે નાક–જેને કદી દુઃખ આવ્યું નથી, સદા સુખી; એ રીતે પ્રસિદ્ધ થયા. એજ જીવનનું તપ છે. એજ એક તપ છે. આમ તે કહી ગયા છે.

વિદ્યા મેળવી લીધા પછી, ગૃહસ્થ જીવનમાં પ્રવેશ કરવો; તેને એક મહાન અનુષ્ઠાન ગણવામાં આવ્યું છે. જીવનના એક આદર્શ વ્રતની સ્થાપના કરવામાં આવી છે. માનવના જીવનને સેવા અને પરોપકારમાં જોડવાનો; એ ભાવ છે. સેવા ભાવને આ બ્રહ્મવાદીઓ યજ્ઞ કહે છે. દરરોજ સેવવાના પાંચ મહાયજ્ઞો છે; તેનું નિરૂપણ કરતાં, બ્રહ્મવાદીઓ જણાવે છે:

૧ 'આ પાંચ તો મહાયજ્ઞો છે. માનોને કે, આ તો મહાન સત્રો છે; જેનાં અનુષ્ઠાન જીવનભર કરવાનાં છે. ભૂતયજ્ઞ, મનુષ્યયજ્ઞ, પિતૃયજ્ઞ, દેવયજ્ઞ અને બ્રહ્મયજ્ઞ.

કીટપતંગ, ગો વાયસ આદિ ભૂત પ્રાણીને રોજે રોજ બલિ–પોષણ માટેનાં ધાન્ય આપવાનાં છે. આ રીતનાં બલિ–પ્રદાનથી તે ગૃહસ્થ ભૂતયજ્ઞનાં અનુષ્ઠાન કરે છે. એક જલપાત્ર ભરાય, એટલું અન્ન મનુષ્યને રોજે રોજ આપવાનું છે, એમ કરવાથી મનુષ્ય યજ્ઞનું અનુષ્ઠાન ગણાય છે. એજ રીતે જલપાત્ર દ્વારા શ્રાધ્ધ અને તર્પણ કરવાં; તેથી પિતૃયજ્ઞ થાય છે. એક એક કાષ્ટની સમિધા લઇને સ્વાહા બોલીને અગ્નિમાં આહુતિ આપવી; તેથી દેવયજ્ઞનું અનુષ્ઠાન થાય છે.

દિન પ્રતિદિન સ્વાધ્યાય અભ્યાસ પાઠ કરવા; તે બ્રહ્મયજ્ઞ ગણાય છે. જેમ અગ્નિમાં ઘીની આહુતિઓ જુહુ, ઉપભૃત, ધ્રુવા અને સ્રુવ નામના ચમચાથી અપાય છે; તેમજ બ્રહ્મયજ્ઞમાં વાણી એજ જુહુ છે, મન તો ઉપભૃત છે, ચક્ષુ ધ્રુવા છે, મેધા–બુદ્ધિ તે સ્રુવ છે. સત્યવ્યવહાર એ તો અવભૃથ–સમાધિનું સ્નાન છે. તેની સમાપ્તિ તો સ્વર્ગલોક છે.

એક ધન સાધન સંપન્ન ગૃહસ્થ ધરતીના જેટલું પાત્ર ભરીને દાન કરે; તેના પુણ્યે તે લોક પર વિજય મેળવી લે છે; તેની તુલનામાં રોજે રોજ કરવામાં આવતા બ્રહ્મયજ્ઞનું ફલ ત્રણગણું મળે છે; અર્થાત દાનના પુણ્યથી ધનિક એક લોક મેળવે, તો બ્રહ્મયજ્ઞ કરનાર ત્રણ લોક મેળવે; એટલું જ નહિ, તે સ્વાધ્યાય

શ. બ્રા. ૧૧, ૫, ૬ તૈ. આ. ૨, ૧૦

કરનાર અક્ષય્ય સુખને મેળવે છે. આને કારણે રોજે રોજ સ્વાધ્યાય કરતા રહેવું જોઇએ.

અહીં બ્રહ્મયજ્ઞને અગ્નિહોત્રનું રૂપક આપ્યું છે. તેમાં વપરાતા જુહુ, ઉપભૃત, ધ્રુવા અને સ્રુવ એ પારિભાષિક શબ્દો છે. જુહુમાં ઘી ભરવામાં આવે છે અને તેથી આહુતિ અપાય છે. એ રીતે સ્વાધ્યાયમાં વાણીનો ઉપયોગ મુખ્ય છે. જે ઉપભૃત–ભરેલો ચમચો છે; તેમાં ભરેલા ઘીને જુહુમાં લેવાય છે; એમજ મનમાં પહેલાં વિચાર આવે છે, પછી વાણીનો વ્યવહાર થાય છે, માટે મન ઉપભૃત છે. યજ્ઞની સમાપ્તિ સુધી ધ્રુવામાં ઘી રહે છે અને તે પાત્રને એકજ ઠેકાણે સ્થિર રાખવામાં આવે છે, એમજ સ્વાધ્યાય કરતી વખતે આંખને એક ઠેકાણે સ્થિર રાખવાની સૂચના છે.

જુહુ, ઉપભૃત અને ધ્રુવા આમ તો સામાન્ય રીતે કાષ્ટના ત્રણ ચમચા હોય છે; પરંતુ બ્રહ્મવાદીઓએ તેમને વિષે અનેક રૂપક બતાવ્યાં છે. તે ઉપરાંત સ્રુવ એ પણ લાકડાનો એક નાનો ચમચો છે, જે યજ્ઞમાં સામાન્ય રીતે આહુતિઓ આપવામાં વપરાય છે. અહીં સ્વાધ્યાયમાં મેધા–ધારણાને સ્રુવ કહેલ છે. સ્વાધ્યાય કરતાં કરતાં મેધા પણ જાગતી રહે; નહિ તો પાઠ પારાયણમાં જડતા આવી જાય છે.

સ્વાધ્યાયની પ્રશંસા કરતાં, આ બ્રહ્મવાદીઓ આગળ જણાવે છે :

[૧]'જેમ દેવોને રાજી કરવા માટે દૂધની આહુતિઓ આપવામાં આવે છે, એમજ સ્વાધ્યાયમાં ભણાતી વેદની ઋચાઓ દૂધ જેવી છે. આ ઋચાઓના જાણકાર વિદ્વાન રોજ રોજ સ્વાધ્યાય ભણે છે. તે તો સાચેજ દૂધની આહુતિઓ આપીને દેવોને તૃપ્ત રાખે છે. એથી તૃપ્ત થએલા દેવો તેને તૃપ્ત કરી દે છે. તેને માટે યોગ, ક્ષેમ, પ્રાણ, વીર્ય, પોતાનું સર્વસ્વ એમ બધીજ પુણ્યશીલ સંપત્તિઓથી તે અભ્યાસી વિદ્વાનને ભરી દે છે. તેના પિતરોને માટે પણ સ્વધા–શ્રાદ્ધતર્પણ નિમિત્તે ઘીથી ભરેલી કુપીઓ અને મધથી બરેલી કુપીઓ તૈયાર રહે છે.

'એજ રીતે, યજુઓના મંત્રો છે, એ તો દેવોને અપાતી ઘીની આહુતિઓ છે. આ યજુઓનો જાણકાર–વિદ્વાન રોજ રોજ સ્વાધ્યાય ભણે છે, તે તો સાચેજ ઘીની આહુતિઓ આપીને દેવો ને તૃપ્ત કરે છે. તે સ્વાધ્યાયશીલ વિદ્વાનને પુણ્યશીલ સંપત્તિથી ભરી દે છે અને પિતરોને સ્વધા રૂપે ઘી–મધથી ભરેલી કુપીઓ તૈયાર રહે છે.

'એ જ રીતે સામનાં ગાન છે. એ તો દેવોને અપાતી સોમરસની આહુતિઓ છે. આ સામગાનનો જાણકાર–વિદ્વાન રોજે રોજ સ્વાધ્યાય ભણે છે, તે તો સાચેજ

---

૧. શ. બ્રા. ૧૧, ૫, ૬ તૈ. આ ૨, ૧૦,

સોમની આહુતિઓ આપીને દેવોને તૃપ્ત રાખે છે. એથી તૃપ્ત દેવો તેને તૃપ્ત કરી દે છે. દેવો તે સ્વાધ્યાયશીલ વિદ્વાનને પુણ્યશીલ સંપત્તિથી ભરી દે છે અને તેના પિતરોને માટે સ્વધારૂપે ઘી–મધથી ભરેલી કુપીઓ તૈયાર રહે છે.

'એ જ રીતે અથર્વા અને અંગિરા ઋષિઓએ જોએલા બ્રહ્મમંત્રો છે, એ તો દેવોને અપાતા પાયસ પુરોડાશ વગેરે મેદ અન્નના રસની આહુતિઓ છે. આ અથર્વા–અંગિરાના મંત્રોનો જાણકાર–વિદ્વાન રોજે રોજ સ્વાધ્યાય ભણે છે; તે તો સાચેજ અન્ન–રસની આહુતિઓ આપીને દેવોને તૃપ્ત રાખે છે. એથી તૃપ્ત થએલા દેવો તેને તૃપ્ત કરી દે છે. દેવો તે સ્વાધ્યાય શીલ વિદ્વાનને પુણ્યશીલ સંપત્તિથી ભરી દે છે. અને તેના પિતરોને સ્વધારૂપે ઘી–મધથી ભરેલી કુપીઓ તૈયાર રહે છે.

'એ જ રીતે અનુશાસન–વેદનાં છ અંગ શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત છંદ અને જ્યોતિષ; તેમજ સર્પવિદ્યા, વાકોવાક્ય–સંવાદ નાટક, ઇતિહાસ–પુરાણ –પુરાતન વૃત્તાન્ત, ગાથા, નારાશંસ–જીવનચરિત, વગેરેનાં પઠન–પાઠન છે, એ તો દેવોને અપાતાં મધની આહુતિઓ છે. આ બધી વિદ્યાઓનો જાણકાર વિદ્વાન રોજે રોજ સ્વાધ્યાય ભણે છે. તે તો સાચેજ મધથી ભરેલી આહુતિઓ આપીને દેવોને તૃપ્ત રાખે છે. તેથી તૃપ્ત થએલા દેવો તેને તૃપ્ત કરી દે છે. દેવો તે સ્વાધ્યાય શીલ વિદ્વાનને પુણ્યશીલ સંપત્તિથી ભરી દે છે અને તેના પિતરોને સ્વધારૂપે ઘી–મધથી ભરેલી કુપીઓ તૈયાર રહે છે.

હવે જો કે પઠન–પાઠન માટે કેટલાક અનધ્યાય–રજાઓ હોય છે; પરંતુ આ સ્વાધ્યાય તો બ્રહ્મયજ્ઞ છે; તેનાં નિત્ય નિરંતર પઠન–પારાયણ કરવાં જોઇએ. આ સ્વાધ્યાય શીલ વિદ્વાન તો મૃત્યુના પાશથી છુટી જાય છે. સાચેજ,તે મૃત્યુપર વિજય મેળવે છે. તે તો બ્રહ્મરૂપ મંત્રની સાથે એકતા સાધી લે છે.

હવે ધારો કે, નિત્ય નિરંતર ચાલતા સ્વાધ્યાયમાં કોઇ વખતે સંકટ આવી પડે; તો એકાદ દેવપદ–દિવ્યવાણીનો પાઠ કરી લેવો. આમ કરવાથી તેની સામાન્ય પ્રાણીઓમાં ગણના થતી નથી, જેમને મૃત્યુ રોજે રોજ લઇ જાય છે'.

આ બ્રહ્મવાદી એજ ભાવનું સમર્થન કરતાં જણાવે છે:

[1]'રોજે રોજ જે સ્વાધ્યાય કરવાના છે તે પ્રમાણે એકાદી ઋચા કે યજુ કે સામનાં પારાયણ થાય; તો તે કરી લેવાં. આથી તે બ્રહ્મયજ્ઞનું અનુષ્ઠાન ગણાય છે.'

[2]'આ બ્રહ્મયજ્ઞ અનુષ્ઠાન છે. તેનાં પાઠન–પાઠન તો સવારે કરવાનાં છે. અરણ્યમાં એકાન્ત પ્રદેશમાં કરવાનાં છે. હવે એ શક્તિ ન હોય; તો ગામમાં પોતાને ઘેર રહીને કરવાં; સવારે ન થાય; તો દિવસે કે જ્યારે સમય મળે ત્યારે કરવાનાં.

---

૧. તૈ. આ. ૨, ૧૦ ૨. તૈ. આ. ૨, ૧૨

મનથી ન થાય, તો બોલીને કરવાં. આસન જમાવીને બેસવા જેટલો અવકાશ ન હોય, તો ઉભા ઉભા પાઠ કરવો. ચાલતાં ચાલતાં પણ પાઠ થાય. શક્તિ ન હોય, તો સૂતા સૂતા પણ પાઠ થાય.

ગમે તે રીતે પણ નિત્ય નિરંતર સ્વાધ્યાય પ્રમાણે પઠન પાઠન તો ચાલૂ રાખવાં. સ્વાધ્યાય કરનાર તો તપસ્વી અને પુણ્યશાલી બને છે.'

[૧] સ્વાધ્યાય–અનુષ્ઠાનના પ્રકાર બતાવી, આ બ્રહ્મવાદી જણાવે છે :

'વેદોમાં જેમનાં સ્તુતિ– પ્રશંસા કરવામાં આવેલાં છે; તે બધાજ ઈન્દ્રથી વિષ્ણુ સુધીના દેવો છે; તે આ જાણનાર અને બ્રહ્મયજ્ઞનાં અનુષ્ઠાન કરનાર વિદ્વાનના શરીરમાં નિવાસ કરે છે.

આ પ્રમાણેના અધ્યયનશીલ અને વેદ જાણનારા બ્રહ્મનિષ્ઠ શ્રોત્રિય વિદ્વાનોને રોજે રોજ નમસ્કાર કરવા. તેમની નિંદા કરવી નહિ. તેમને રાજી રાખવાથી તો તે બધા દેવોને રાજી રાખે છેઃ પ્રસન્ન કરે છે.'

[૨]આ સ્વાધ્યાય–બ્રહ્મયજ્ઞની પ્રશંસા બ્રહ્મવાદી આ પ્રમાણે કરે છે :

'હવે પછી આ સ્વાધ્યાયની પ્રશંસા બતાવી છે. જે વિદ્વાન રોજે રોજ બ્રહ્મયજ્ઞ કરે છે. તેની પર સ્વાધ્યાય અને પ્રવચન પ્રીતિ કરે છે; તેને તે અનુકૂળ બની જાય છે. તે પઠન–પાઠન અઘરાં લાગતાં નથી. હાં, રોજે રોજ સ્વાધ્યાય છોડી દ્યો ને શરુ કરો, ત્યારે વિદ્યા ઝેર જેવી લાગે છે.

સ્વાધ્યાય કરનારનું મન એકાગ્ર યોગમાં જોડાએલું રહે છે. તે કોઇને પરાધીન રહેતો નથી. તેની રોજે રોજની જરૂરિઆતો સધાતી રહે છે. તેનું ચિત્ત ચિંતા-વશ બની વ્યાકુલ રહેતું નથી; તેથી તે સુખે સુઇ જાય છે.

બીજા લોકો રોગવશ થતાં, વૈદ્યચિકિત્સક પાસે દોડી જાય છે, ત્યારે સ્વાધ્યાય કરનાર તો પોતેજ પોતાના શરીરની ચિકિત્સા કરી લે છે. અને શરીરમાં રહેલા રોગ પારખી તેના ઉપાય પણ સાધી લે છે. તેણે પોતાની બધીજ ઈંદ્રિયો પર સંયમ કેળવી લીધો હોય છે. તે પોતે પોતાને વિશેજ એકરામ મસ્ત બનીને રહે છે. સારા નરસા પદાર્થને જાણવાની તેની મતિ રોજેરોજ વધતી રહે છે. તેનાં યશ અને લોકપ્રતિષ્ઠા પરિપક્વ બને છે.

જેમ જેમ તેની પ્રજ્ઞા વધતી જાય; તેમ તેમ તે વિદ્વાન ચારેય ધર્મોનાં સંપાદન સારી રીતે કરી લે છે. ભણવું અને ભણાવવું, યજ્ઞ–સેવા પરોપકારનાં કાર્યો કરવાં અને કરાવવાં; આ ચાર ધર્મોને તે સારી રીતે પાળે છે. પરિણામે તે વિદ્વાન પોતાના બ્રહ્મ–મંત્ર સ્વરૂપને અનુરૂપ રહે છે, તે પ્રમાણેજ તેનાં વર્તન અને જીવન-

---

૧. તૈ. આ. ૨, ૧૫ ૨. શ. બ્રા. ૧૧, ૫, ૭

ચર્યા બની રહે છે. તેનાં યશ અને તેજ સારીરીતે પરિપકવ બને છે. આ પઠન પાઠનને અનુસરનાર વિદ્વાનની સેવા બધા લોકો સારી રીતે કરે છે, કારણકે તેની વિદ્યાના પરિપાક રૂપે બધા લોકોને વિદ્યા મળે છે. જેમણે આ ગુરુજન પાસે વિદ્યા મેળવી છે, તે એક એક વિદ્યાર્થી તેમની સેવા–પૂજા કરે છે; તેમને સાધન-સંપત્તિ આપે છે. તેમને કોઈપણ પ્રકારનાં નુકશાન શાય; તેવાં કાર્યો તે થવા દેતા નથી. વિશેષ કરીને એ વિદ્યાર્થીઓ જીવનના રક્ષક બની રહે છે. તેમના જીવનની પુરે-પુરી કાળજી લે છે.'

અહીં સ્વાધ્યાયને વ્યાપક અર્થમાં સમજવાનો છે. જીવનના વ્યવહાર નભાવવા અનેક વ્યવસાય કામધંધા હોય છે. સ્વાધ્યાય પણ એક વ્યવસાય ગણવામાં આવે; તો તેમાં શિક્ષકો, પ્રાધ્યાપકો, લેખકો, વિજ્ઞાનીઓ, સંશોધકો, કલાકારો, કવિઓનો સમાવેશ થઈ જાય છે. વિશેષ કરીને જેમણે પહેલો અક્ષર ઘુંટાવ્યો અને પહેલો પાઠ ભણાવ્યો; એ શિક્ષકનો ઉપકાર તો ભૂલાયજ નહિ. જે સમાજમાં શિક્ષક–ગુરુજન, દીન, દરિદ્ર, દુઃખી હોય, તે સમાજનો ઉદ્ધાર થઇ શકે નહિ. તે સાથે શિક્ષક, લોભી, સ્વાર્થી કે વ્યસની હોય; તેની આપેલી વિદ્યા તેજસ્વી બની શકતી નથી.

સમાજના બીજા કામ ધંધા–વ્યવસાય કરનારા સુખી અને ધનિક હોય; એજ રીતે શિક્ષક–ગુરુજન સાધન સંપન્ન અને સુખી હોય; નચિંત હોય; તો તે પોતાના સ્વાધ્યાયમાં નિત્યનિરંતર જોડાએલો રહે છે, નહિતો સારા બુદ્ધિશાળી શિક્ષક પણ બીજા ધન કમાવવાના ધંધામાં જોડાઈ જાય છે. આ વિષે બ્રહ્મવાદીએ જણાવેલ આ રહસ્ય ઘણું જ ઉપયોગી થઈ પડે છે:

[૧]'જેણે સ્વાધ્યાય કરવામાં પોતાના જીવનને જોડી દીધું છે; તેને પછી બીજાં વ્રત, તપ, સંયમ, યોગ વગેરે સાધન કરવાનાં રહેતાં નથી. તેને માટે વિશેષ પ્રકારના નિયમો રહેતા નથી.

'હાં, આ ગુરુજન પોતાના શરીરને તેલમાલીશ, સ્નાન વગેરેથી સુઘડ–સુંદર રાખે, સુંદર વેશ ભુષાથી, ચંદનમાળાથી શરીરને સારી રીતે શણગારે, પોષક અને મિષ્ટ પદાર્થો ખાઇને શરીરને હૃષ્ટપુષ્ટ રાખે, સુખસગવડ પ્રમાણે બેસવા અને આરામ કરવાનાં આસન શય્યા વગેરેનો ઉપયોગ કરે, એ રીતે પુરી સગવડમાં રહીને જે સ્વાધ્યાય કરે છે; તે ભલેને બીજાં વ્રત, તપ ન કરે; તે છતાં વિદ્યાના પ્રભાવે, તે આખા શરીરનાં તપ આચરે છે. આ પ્રમાણે બ્રહ્મયજ્ઞને અનુસરી વિદ્વાને સ્વાધ્યાય, પાઠ પારાયણ કરવાં જોઇએ.

---

૧. શ. બ્રા. ૧૧, ૫, ૭, ૪,

સ્વાધ્યાયમાં રત રહેનાર વિદ્વાનને વેદની ઋચાઓ મધજેવી, સામગાન ઘી જેવાં, યજુઓ અમૃત જેવાં; અથર્વાના મંત્રો અન્નરસ જેવા અને બીજી બધી વિદ્યાઓ તો દૂધનાં ભોજન અને શરીરને પોષણ આપનાર મિષ્ટાન્ન ભોજન જેવાં મીઠાં મધુરાં લાગે છે. આ વિદ્યાઓના સેવનથી તેને જીવનનો એક અનેરો આનંદ મળી રહે છે.

આ લોકમાં જલ, સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર વગેરે કુદરતી પદાર્થો પોતપોતાના સ્વભાવ-ધર્મને અનુસરી, કાર્યો કરતા હોય છે; એ પ્રમાણે આ વિદ્વાન સેવા પરોપકારનાં કાર્યો કરીને, પોતાના ધર્મને અનુસરે છે.

હવે ધારો કે આ કુદરતી પદાર્થો પોતાનાં કાર્યો કરવાનાં બંધ કરી દે. માનો ને કે આ લોકો અસહકાર કરી બેસે. જલ કહે, મારે વહેવું નથી અને નક્ષત્રો કહે, મારે ઉગવું નથી. ચંદ્ર કહે, કે મારે કલાનાં દાન કરવાં નથી અને નક્ષત્રો કહે કે અમે અમારા નિયમ પ્રમાણે ગતિ કરતા નથી, તો થાય શું ? એમજ જો સાચો વિદ્વાન પઠન–પાઠન છોડી દે, સ્વાધ્યાય કરે નહિ; બ્રહ્મયજ્ઞનાં અનુષ્ઠાન બંધ કરી દે; તો શું થાય ?

આ તો એક પ્રશ્ન છે, સમાજની એક સમસ્યા છે. કુદરતના નિયમોને જાણનાર વિદ્વાન પોતાના કર્તવ્ય કર્મને, પોતાના પ્રિય વ્યવસાયને, સ્વાધ્યાયને, પઠન–પાઠનને છોડતો નથી અને તે છોડે, તો સમાજનાં કાર્યો થંભી જાય. આ વિચારીને સ્વાધ્યાય, નિત્ય નિરંતર સ્વાધ્યાય કરતા રહેવું જોઈએ.

આખું જીવન સ્વાધ્યાય–વ્રતમાં ન આપી દેવાય; રોજના કલાકો ન અપાય; તેનો વાંધો નહિ. નિત્ય નિરંતર સ્વાધ્યાય–બ્રહ્મયજ્ઞના નિયમને સાચવવા માટે, એકાદી ઋચા ભણી લો, એકાદ યજુનો પાઠ કરો, એકાદ સામગાન કરી લેવું, એકાદી નાની ગાથા ગાઈ લેવી, એકાદી વ્યાખ્યા વાંચી લેવી. એમ કરીને પણ રોજનો સ્વાધ્યાય તો ચાલુ રાખવો.

આ તો જીવનનું વ્રત છે, તેના અનુષ્ઠાનમાં અંતરાય ન આવે, તેનો વિદ્વાને ખાસ વિચાર કરવો જોઇએ.

卐

આ એક તત્વજ્ઞાની છે. તે જુએ છે, વિચારણા કરે છે અને નિર્ણય લે છે. તેનાં મન અને મતિના સુયોગથી જીવનનું વિજ્ઞાન–રહસ્ય તેને સમજાય છે. જે વિજ્ઞાન વિચારમાં આવે છે, તેને વાણીમાં મૂર્ત કરે છે.

'જે કોઈ પ્રાણી જન્મ લે છે, તેની સાથે તેના શ્વાસ ચાલુ થાય છે. તેનામાં ચેતનાના સંચાર થાય છે. એ તો પ્રાણની ચેતના છે. પ્રાણ ચાલ્યા જતાં શ્વાસ બંધ પડે છે અને પ્રાણી મરણ પામે છે. ચેતના ચાલી જતાં, શરીર જડ બની જાય છે. તેનાં હલન ચલન થંભી જાય છે.

સાચેજ, પ્રાણીમાત્રનો આધાર પ્રાણ ચેતના છે આહાર અને વિહાર જીવનની પ્રકૃતિ છે. ખાવું, પીવું અને ખેલવું પ્રાણીનું જીવન છે. આ એક સામાન્ય કુદરતનો કાયદો છે: 'જન્મવું અને મરવું.'

જીવનની શરુઆત થઇ છે; એ જ બતાવે છે કે તેનો પરિપાક થશે. ઘાસનો અંકૂર ફૂટ્યો, તેમાંથી વધીને છોડ થયો; તે પાકટ થઈ ગયું અને તે સાથેજ તેનો વિનાશ થવાનો જ! રોજે રોજ કેટલાંય પ્રાણીઓ જન્મે છે અને મરે છે. જન્મ મરણનું આ ચક્ર ચાલ્યાજ કરે છે. જેનાં મરણ થયાં, તે પાછાં જન્મ લેવાનાં! જન્મ લેનારનો પરિપાક થવાનો અને પરિ-પાકનો વિરામ વિનાશ છે; પરંતુ વિનાશ

# ૪
# જીવન મહાવ્રત

જીવનનું પૂર્ણ વિરામ નથી, પેલો કવિ કહે છે :

૧ 'મરણ તો દેહધારીઓની પ્રકૃતિ છે. જીવનની અનેક ઘટમાળ જોતાં ડાહ્યાજનો જીવનને વિકૃતિ કહે છે.'

જેને હૈયે વિવેક પૂર્ણ વિજ્ઞાન જાગ્યું છે; તેણે જીવનના ધ્રુવનિયમનાં દર્શન કરી લીધાં છે. આ જીવન શું છે, તેની તે વિચારણા કરે છે :

૨ 'આ પાંચ મહાભૂતો છે : પૃથ્વી, જલ, તેજ, વાયુ અને આકાશ. એ પાંચની તન્માત્રાઓ છે, માતાઓ છે; સૂક્ષ્મ રૂપો છે; જે પાંચ મહાભૂતોને જન્મ આપે છે. પ્રાણ દેહ ધારણ કરે છે; જીવન શરુ કરે છે; તેમાં આ પાંચ પદાર્થોનાં સમર્પણ છે, સ્વીકાર છે, વિનિમય છે, પંચીકરણ છે. આ સર્જન–વિસર્જનનો ક્રમ છે. જીવનના પરિપાક શરુ થાય; તે સાથે આ પાંચ ભૂતો ક્ષીણ થતાં જાય છે. તેનાં પરિણામે પાંચ ભૂતોના વિગ્રહ છૂટવા લાગે છે. સમર્પણ, સ્વીકાર, વિનિમય–વ્યવહારનાં કાર્યો બંધ પડે છે. આનું નામ મરણ છે.

શરીર તો છૂટી ગયું; તે શરીરમાં જે પ્રાણ ચેતના છે, જે જીવ છે, તે છૂટી જતો નથી. જીર્ણ–શીર્ણ શરીર છોડી, તે બીજા રમણીય, મધુર, હૃષ્ટપુષ્ટ શરીરને ધારણ કરે છે.

જીવનના આ જન્મ મરણના ચક્રમાં દરેક જીવ આવી જાય છે દરેક જીવ, પ્રાણીને આ ઊંચી–નીચી દશા ભોગવવી પડે છે; પરંતુ દરેક જીવને જીવનનું આ દર્શન થતું નથી.

જે કો' ડાહ્યાજનને, તત્વજ્ઞાનીને જીવનના આ રહસ્યનાં દર્શન થયાં, તે જીવનની વિકૃતિને સંસ્કૃતિમાં ફેરવી નાખે છે. જીવનને એક કર્તવ્ય તરફ, ધ્યેય તરફ દોરી જાય છે. માનવના બાલકનો દેહ તો કુદરતે ઘડયો; પણ તેને સંસ્કાર આપવામાં નવા ઘાટ ઘડવામાં આવે, તો તેનું જીવન એક સામાન્ય જીવન રહેતું નથી.

જે માનવના બાલકને સંસ્કાર આપવામાં આવે છે, તેના જીવનના નવા ઘાટ ઘડવામાં આવે છે. ખાવું, પીવું, ખેલવું; એજ માત્ર તેનું જીવન બનતું નથી. તે માનવનો બાળક છે; તેણે માનવતાને જગાડવાની છે; જીવનને ઉન્નત, ઉર્ધ્વગામી બનાવવાનું છે.

તે જીવનને ઘાટ આપનાર કેળવણી છે, શિક્ષણ છે, સંસ્કાર છે. આ સંસ્કાર તેને અમર જીવન તરફ દોરી જાય છે. તેના શ્વાસે શ્વાસે રોમે રોમે જીવનની તાજગી

---

૧ मरणं प्रकृतिः शरीरिणां विकृतिर्जीवनमुच्यते बुधैः । કવિકાલીદાસ–રઘુવંશ સર્ગ ૬
૨. તૈ. આ. ૮, ૨

ભરી છે. તેણે કરેલી સેવાઓ, પરમાર્થનાં કાર્યો; કલાઓ, કૃતિઓ, વિદ્યાઓ અજર અમર બની જાય છે. તે મરીને અજર અમર બની જાય છે. માનવના જીવનનું એ ધ્યેય છે, આદર્શ છે.

આર્ષ દ્રષ્ટા ઋષિ મુનિઓએ માનવ જીવનના આ વાસ્તવિક સ્વરૂપનાં દર્શન કર્યાં છે અને દિવ્ય વાણીમાં તેની પ્રતિષ્ઠા કરી છેઃ

આ જીવન એક વ્રત છે, મહાવ્રત છે. તેની શરુઆતથી આ વ્રતનાં અનુષ્ઠાન ચાલૂ થાય છે અને જીવનનો પરિપાક થાય; મૃત્યુની ઘડી આવે. ત્યાં સુધી તેનાં અનુષ્ટાન ચાલૂ રહે છે. સાચેજ એ તો જીવનલક્ષી યાગ છે, સોમયાગ છે.

આ વિશાળ પ્રકૃતિના મંડળમાં અનેક સોમયાગ ચાલી રહ્યા છે. કુદરતના પદાર્થો એકમેકનાં આદાન–પ્રદાન કરે છે. શક્તિનાં સમર્પણ કરે છે. અને શક્તિઓનો સંગ્રહ કરે છે. આ વિનિમય વ્યવહાર એક યાગ છે.

આકાશ મંડળમાં સૂર્ય સદાય તપતો રહે છે. તેની અંદર જે તપન શક્તિ છે, તેજ તેની સર્જન શક્તિ છે. પોતાના તેજનાં વિસર્જન કરીને, તે નવી શક્તિઓનાં સર્જન કરે છે. તે સૂર્ય સવિતા બને છે. પૃથ્વી પરનાં વૃક્ષ વનસ્પતિઓને, અંતરિક્ષનાં મેઘ મંડળને અને આકાશ મંડળના ગ્રહ, ઉપગ્રહ નક્ષત્ર મંડળને તે સવિતા નારાયણ વિવિધ શક્તિઓ આપે છે.

પ્રકૃતિના મંડળમાં સૃષ્ટિના સર્જનકાળે એક સોમયાગ શરુ થયો હતો. આના પ્રતીકરૂપે એક સંવત્સર યાગ કરવામાં આવે છે, તેની વ્યવસ્થા બ્રહ્મવાદી આ રીતે જણાવે છે:

૧ 'આ પ્રકૃતિ મંડળમાં જે વાયુ વાય છે, તે માનોને કે એક યજ્ઞ છે. હવે જે યજમાન આ યજ્ઞનાં અનુષ્ઠાન કરવા માંગે છે, તેમણે એક વર્ષનાં વ્રત ધારણ કરવાં જોઈએ; યજ્ઞમાં દીક્ષા લેવી જોઈએ; કારણ કે આ તો એક વર્ષ ચાલનારૂં સત્ર છે. આમાં જે યજમાને ગૃહપતિ બનવાનું છે, તેણે સૌથી પહેલાં દીક્ષા લેવાની છે, કારણકે આ પૃથ્વી લોક તો ગૃહપતિ યજમાનનું સ્વરૂપ છે. ત્યારબાદ બ્રહ્માએ દીક્ષા લેવાની છે, કારણકે બ્રહ્મા ચંદ્રનું સ્વરૂપ છે. તે પછી ઉદ્દગાતાએ દીક્ષા લેવાની, કારણકે ઉદ્દગાતા પર્જન્ય મેઘનું સ્વરૂપ છે. ત્યારબાદ હોતાએ દીક્ષા લેવાની; કારણકે હોતા અગ્નિનું સ્વરૂપ છે. સૌથી છેલ્લે અધ્વર્યુએ દીક્ષા લેવાની છે, કારણકે અધ્વર્યુ મન છે અને મનનો સુયોગ યજ્ઞની સાથે થાય છે.

આ સંવત્સર યાગના એક મુખ્ય અંગરૂપે મહાવ્રત યાગ આવે છે. અહીં પ્રકૃતિયાગને અનુસરીને આ યજ્ઞની ભાવના બતાવવામાં આવી છે.

---

(૧) શ. બ્રા. ૧૨, ૧, ૧

મહાવ્રત વિષે આ ઋષિ એક પ્રાચીન કથા રજૂ કરે છે :

૧ ‘ત્યારે દેવરાજ ઇન્દ્રનો નિવાસ સ્વર્ગમાં હતો. ત્યાં તેને ખબર પડી કે. ‘વૃત્ર નામે કો અસુર પેદા થયો છે, જે દેવોનો શત્રુ છે.’ એ વૃત્ત સાંભળીને ઇન્દ્રના મનમાં એક ભય ઉભો થયો :

‘હવે આપણે બધે ઠેકાણે મનગમતા વિહાર કરી શકીશું નહિ. ગમે ત્યાંથી પેલો વૃત્ર આવી પહોંચે અને સ્વર્ગપર આક્રમણ કરી દે.’

મનમાં એ ચિંતા પેઠી કે, દેવરાજ ઇન્દ્રની તો ઊંઘજ ઉડી ગઈ. તેનાં ભૂખ અને તરસ પણ ચાલ્યાં ગયાં. તેના મનમાં તો વૃત્રના આક્રમણની ચિંતાજ રહ્યા કરતી. એકનો એક ભયજ હરઘડીએ સામે આવીને ઉભો રહે. આ ભયને કારણે તો ઇન્દ્રના જીવનનો આનંદજ લુંટાઈ ગયો.

ભયભીત ઇન્દ્ર પોતાના પિતા પ્રજાપતિને શરણે ગયો. ત્યાં જઈ તેણે જણાવ્યું. ‘મારો એક શત્રુ વૃત્ર પેદા થયો છે, તેને કારણે મારૂં તો હરવું–ફરવું બંધ થઇ ગયું છે. મનમાં ભય પેદા થયો છે અને તે દરરોજ વધતો જાય છે.’

પ્રજાપતિએ તે શત્રુના નાશનો ઉપાય બતાવ્યો. તે પ્રમાણે ઇન્દ્રે વજ્રની રચના કરી અને તેથી વૃત્રનો વધ કર્યો. એ વૃત્ર મરાયા પછી ઇન્દ્રનો ભય દૂર થયો અને તે બધે હરવા ફરવા લાગ્યો.’

આ વૃત્રવધની કથા વિષે બ્રહ્મવાદી જણાવે છે :

૨ ‘જ્યારે દેવરાજ ઇન્દ્રે વૃત્રનો વધ કર્યો, ત્યારે તે ઇન્દ્ર મહાન બની ગયો. જાણે કે વૃત્રનો નાશ કરવો, એ ઇન્દ્રનું વ્રત–જીવનનો ઉદ્દેશ બની ગયું. વૃત્રનો વધ કરવો, એ તો મોટું કામ હતું અને તે કામ ઇન્દ્રે પુરૂં પાડયું, માટે તે મહાવ્રત ગણાયું’

‘જે વ્રતથી જીવન મહાન બને’ એ મહાવ્રતની પહેલી વ્યાખ્યા. ‘ઇન્દ્ર કે જે મહાન દેવ છે, તેણે વૃત્રનો વધ કરવો; એ પ્રકારનું વ્રત કર્યું’ એ બીજી વ્યાખ્યા છે. ‘બીજાં બધાં વ્રતો છે, પણ જીવનમાં ઉન્નત બનવું, એ મોટું વ્રત છે’ એ પ્રકારે નિશ્ચય કરવો, તે ત્રીજી વ્યાખ્યા છે.

વેદોની કથાઓમાં વૃત્રવધનાં વૃત્તાંત અનેક રીતે રજૂ થયાં છે. ત્વષ્ટા વિશ્વકર્માએ ઇન્દ્રના નાશ માટે એક યજ્ઞ કર્યો. તેમાંથી એક અસુરને ઉત્પન્ન કર્યો, જેણે જન્મ લેતાંની સાથેજ બધા અવકાશ પ્રદેશોને ઘેરી–વૃત લીધા; જેથી બધે અંધકાર છવાઈ

૧. તૈ. સં. ૨, ૪, ૧૨, ૪ ૨. ઐ. આ. ૧, ૧, ૧

ANAND ARTS COLLEGE, ANAND.
Computer Library Acc No.

ગયો. ઇન્દ્રે વજ્રના પ્રહારથી આ વૃત્રનો નાશ કર્યો; ત્યારે એ ઘેરાએલા–વૃત પ્રદેશો સાવકાશ–વિસ્તૃત થઈ ગયા; જેથી દેવોના સંચાર સારી રીતે ચાલવા લાગ્યા.

આ મૂલકથાનું તાત્પર્ય આ છે: જે વૃત્ર ઉત્પન્ન થયો; તે કોઈ એક અસુર વ્યક્તિ નહિ; પણ તે એક રૂપક છે. એક અંતરાય, વિરોધના રૂપમાં તે દેવોની વચમાં આવી પડે છે; જે દેવોનાં કાર્યો સેવા અને પરોપકારનાં છે. ઇન્દ્ર, વરુણ, યમ, અગ્નિ, સૂર્ય, ચંદ્ર આ બધા દિવ્ય અને તેજસ્વી પદાર્થો છે. તેમનાં કાર્યો રોકાઈ જાય; તેનો ભાવ એટલો છે કે દેવો ભયભીત બની ગયા.

એજ રીતે દેવરાજ ઇન્દ્ર એ પણ કોઈ એક વિશેષ વ્યક્તિ નથી. તે તો અવકાશ, પ્રકાશ, ઉદારચરિતનું રૂપક છે. તે વૃત્રનો વિનાશ કરેઃ તો સૌ દેવોનાં જીવન વિશેષ પ્રફુલ્લ, વિકસિત અને મહાન બની જાય. આ સેવાનું કાર્ય ઇન્દ્રનું એક વ્રત બને છે, તે મહાવ્રત ગણાય છે.

એ મહાવ્રત વિષે એક ઋષિ આ રીતે જણાવે છે:

[૧] 'પહેલાં જ્યારે સૃષ્ટિનાં સર્જન કરવાનાં હતાં; ત્યારે પ્રજાપતિએ બધા પ્રકારની પ્રજાઓને પેદા કરી. આ સર્જન કાર્ય કરવાથી પ્રજાપતિ પોતે શ્રાન્ત–થાકી ગયા. શ્રાન્ત અને શક્તિહીણ થતાં, તો તે પ્રજાપતિ લાંબા થઈને સુઈ ગયા.

બધા દેવોએ સર્વ ભૂત–પદાર્થોના સાર રસને એકઠા કર્યા; તેમનાં તેજ–સામર્થ્ય ભેગાં કર્યાં. એ સારરૂપ તેજ પદાર્થથી દેવોએ ઇન્દ્રનાં અંગ પ્રત્યંગ જોડી દીધાં પ્રજાપતિને વિશેષ શક્તિ અને સામર્થ્ય આપવાનો આ ભિષગ–ઉપચાર હતો.

જીવન–ચેતનના એ રસથી દેવો પ્રજાપતિનાં અંગ જોડી રહ્યા હતા, ત્યારે તેમના મનમાં આજ એક ભાવ હતો કે; 'અમારા આ પ્રજાપતિ મહાન બની, જીવનનાં વ્રત આચરે, વર્તન કરે.'

તે ભાવને અનુસરી, પ્રજાપતિની શક્તિનાં સંયોજન કરવામાં આવ્યાં; તો પ્રજાપતિ પોતે દ્રઢિષ્ટ, બલિષ્ઠ બની ગયા. આજ મહાવ્રત શબ્દનું રહસ્ય છે. આ મહાન પુરુષનાં વ્રત–વર્તન છે; જેને લીધે જીવન એક મહાવ્રતના રૂપે ભિષગ–ઉપચાર, ઉપાય કરાને પ્રજાપતિને શક્તિનાં પ્રદાન કર્યાં; તે મહાવ્રતનું તાત્પર્ય બ્રહ્મવાદી આ રીતે રજૂ કરે છે:

[૨] 'પ્રજાપતિએ પ્રજાજનોનાં સર્જન તો કર્યાં; પરંતુ તેથી પ્રજાપતિ પોતે અતિરિક્ત–ખાલી થઈ ગયા; શક્તિહીન બની ગયા. આમ તે અતિરિક્ત શક્તિહીણ

૧. તૈ. સં. ૦. ૦. ૨. તાં મ. બ્રા. ૪, ૧૦, ૧

બની ગયા. તેથી તો તે પૃથ્વી પર પડી ગયા. તેમના ભિષગ–ઉપચાર કરવા, બધા દેવો તે પ્રજાપતિની પાસે પહોંચી ગયા. દેવોએ પરસ્પર વિચાર વિનિમય કર્યા પછી, જણાવ્યું:

'આપણા આ પ્રજાપતિ તો રિક્ત થઈ ગયા છે; તેમને ભરવા માટે, આપણે આ મહાવ્રતનો ઉપાય કરીએ. આના સંભરણથી આ પ્રજાપતિ પૂર્ણ બનીને તૃપ્ત થઈ જશે.'

આ તે દેવોના મનની ભાવના હતી. આ ભાવના પ્રમાણે તે દેવોએ અન્નનાં સંભરણ કર્યાં. અન્ન એક વર્ષની અવધિમાં પાકીને ખાવા લાયક બની જાય. આમ તે અન્નનાં સંભરણ કરી, દેવોએ, તે અન્ન પ્રજાપતિને આપ્યાં. પ્રજાપતિએ તે અન્નનાં ભક્ષણ કર્યાં અને તેથી પ્રજાપતિ પૂર્ણ તુષ્ટ–તૃપ્ત બની ગયા.

આ પ્રકારનો પૂર્ણ ઉપાય–એક પરિણામ જોવાને મળ્યું; તેથી દેવોએ મર્ત્ય માનવોને જણાવ્યું :

'હે માનવ ! આ વ્રત–અન્નથી અમે પ્રજાપતિને પૂર્ણ રીતે તૃપ્ત કર્યા હતા; માટે આ એક વ્રત–મહાવ્રત ગણાય છે; માટે તમે તે પ્રમાણે વ્રતનાં આચરણ કરો. સાચેજ, આ પ્રજાપતિ તો મહાન છે; તેમને માટે વ્રત–ઉપાય કરવામાં આવ્યો, માટે આ મહાવ્રત છે.

પ્રજાપતિને હૃષ્ટ પુષ્ટ કરવા માટે, ઋષિને જે ઉપચાર-ઉપાયનાં દર્શન થયાં; તેનાંજ રહસ્ય બ્રહ્મવાદીએ પોતાની રીતે રજૂ કર્યાં. આમાં આટલો તફાવત છે :

ઋષિ પ્રજાપતિની શક્તિહીન દશાને વૃત–વૃત્ત તરીકે ઓળખાવે છે, બ્રહ્મવાદી તેજ દશાને રિક્ત તરીકે જણાવે છે. ઉપર જણાવ્યા પ્રમાણે ઇન્દ્રનો વૃત્ર–વૃત્તની સાથે સંબંધ છે. એજ રીતે પ્રજાપતિનો અહીં વૃત્ર–વૃત સાથે સંબંધ બતાવ્યો છે. એ વૃત્ર સ્પષ્ટરીતે જ કોઈ એક અસુર નથી, કોઈ એક વ્યક્તિ નથી; પરંતુ પ્રજાપતિની એક દશા છે, જેને દેવોએ ભિષગ્–ઉપાયથી દૂર કરી છે.

આ એક ભાવ ઘટના છે, રૂપકનાં નિરૂપણ છે. જેથી વૃત્ર–વૃત્ત, રિક્ત, હીન જેવા શબ્દો દુર્બળતા અને શક્તિહીનતાને બતાવે છે. દેવોનાં કાર્યો જે કારણે રોકાઇ જાય છે, તે તો જીવનમાં અડચણો, અવરોધો, વિરોધો છે, જેને વૃત્રનાં રૂપક આપવામાં આવ્યાં છે.

આ વૃત્રની કથા મનુષ્યના જીવનને ઉન્નત કરવામાં પ્રેરણા આપે છે. જીવનમાં જે આત્માની શાંતિ, મનની તુષ્ટિ, તનની પુષ્ટિ વગેરે દિવ્ય ગુણો છે, તેનાં પ્રદાન કરનારા દેવો તો દિવ્ય પ્રેરણા શક્તિનાં રૂપક છે. એજ રીતે જીવનમાં અશાંતિ,

અસંતોષ, ચિંતા, નિર્બળતા, હીનતા, દીનતા વગેરે દોષો આવી પડે છે, તે તો અસુરોએ ઉભાં કરેલાં આવરણો છે, અડચણો છે. વૃત્ર આ અસુર ભાવનું એક રૂપક છે.

આ ઋષિઓ અને બ્રહ્મવાદીઓએ માનવ જીવનમાં દિવ્ય ભાવના જગાડવા અને આસુરીભાવ દૂર કરવા માટે, જે ભિષગ્–ઉપચારની વિચારણા કરી છે; તે ઉપાયને મહાવ્રત કહ્યું છે. એજ રીતે સેવા અને પરોપકારનાં કાર્યોને યજ્ઞનાં રૂપક આપીને સમજાવ્યું છે.

આમ તો યજ્ઞ એ જીવનનું એક મહાવ્રત ગણાય, પણ તે એક સ્વતંત્ર કાર્ય નથી. જીવનનું એક સહકારી બળ છે. સેવા અને પરોપકારનાં કાર્યો એક યજ્ઞ ગણાય; તો તેના સહકારમાં મહાવ્રત જોડાય છે.

પ્રાચીન ઋષિઓ અને બ્રહ્મવાદીઓએ એક વર્ષ સુધી ચાલતા સંવત્સર યજ્ઞનાં અનુષ્ઠાન કર્યાં હતાં. આ યજ્ઞ સોમયાગ હતો. તેમાં એક વિશેષ પ્રકારની વેદિ ચણવામાં આવતી, જેના ઉપર અગ્નિ રાખવામાં આવતો; માટે તે વેદિને અગ્નિ ચયન કહે છે. એમાં જે ઇષ્ટિકાઓ–ઈંટો ચણવામાં આવતી; તેની પ્રક્રિયા પણ એક વર્ષ સુધી ચાલતી.

આ સોમયાગમાં અધ્વર્યુ સોમગ્રહ તૈયાર કરે, ત્યારે હોતા વિશેષ પ્રકારનાં સૂક્તનાં શંસન કરે તેને મહદ–ઉકથ કહે છે; તેની સાથે ઉદ્‌ગાતા સ્તુતિ ગાય છે, તેને મહાવ્રત સ્તોત્ર કહે છે. આ ત્રણેય પ્રક્રિયા સાથે કરવામાં આવે છે. તેનું રહસ્ય આ બ્રહ્મવાદી રજુ કરે છે:

૧ 'પહેલાં તો અગ્નિનાં ચયન એક વર્ષમાં કરવામાં આવે; ત્યારપછી આ વિશેષ શસ્ત્ર–ઉકથનાં શંસન કરવામાં આવે. આનું કારણ એ છે કે; પ્રજાપતિના શરીરનાં અંગ છૂટાં પડી ગયાં હતાં, તે જોડવા માટે એક વર્ષ જેટલો સમય લાગ્યો હતો અને વર્ષને અંતે રસ ભરવામાં આવ્યો હતો, તેજ આ મહાન ઉકથ–શંસન છે.

હવે જે પ્રજાપતિનાં પર્વ અંગ ઉપાંગ છૂટાં પડી ગયાં, તે પ્રજાપતિને તો આ સંવત્સર જાણો અને જે પર્વ છૂટાં પડી ગયાં, તેને તો દિવસ અને રાત જાણો. આમ જે પ્રજાપતિ છૂટા પડી ગયા; તેને તો સંવત્સર ગણો; જેમનાં પર્વ જોડવા માટે અગ્નિ ચયન કરવામાં આવ્યાં. હવે જે પર્વ છૂટાં પડી ગયાં; તે તો

---

૧. શ. બ્રા. ૧૦, ૧, ૧  ૨. શ. બ્રા. ૧૦, ૫, ૨, ૧

દિવસ અને રાત ગણો અને જે ઇષ્ટિકાઓ–ઈંટો હતી, તે તો અગ્નિ ચયનના કામમાં આવી. એ રીતે ઇષ્ટિકાઓએ દિવસ–રાતનાં અનુસંધાન કર્યાં છે.

આ અગ્નિચયનની ઇષ્ટિકાઓની સાથે યજુઓના મંત્રોનો વિનિયોગ કરવામાં આવ્યો છે. હવે જેમ એક સંવત્સર–વર્ષના દિનરાતની સંખ્યા સાતસોની થાય છે; એ રીતે યજુઓની મંત્રસંખ્યા સાતસોની થાય છે, જેનો અહીં વિનિયોગ થયો છે, માટે તે ઈંટોને યજુષ્મતી–ઇષ્ટિકાઓ કહી છે; તેમનાં ચયનથી પ્રજાપતિનાં અંગો પૂર્ણ બને છે.

એ પ્રજાપતિનો જે રસ ઉંચે ચાલ્યો ગયો હતો, તે જ આ મહાન ઉકથ છે. ઋચાઓનાં શંસન–શસ્ત્ર અને સામનાં સ્તોત્ર તે બંનેના સાથ સહકારથી હોતા અને ઉદ્ગાતા તે રસને ભરી દે છે; પ્રજાપતિના શરીરમાં પાછો લાવી દે છે. આમાં અધ્વર્યુ યજુઓના મંત્ર સાથે પુરોગામી બને છે: અર્થાત્ રસને પાછો લાવવામાં યજુ, ઋચા અને સામ ત્રણેના સાથ સહકાર સધાય છે. સંવત્સરને છેલ્લે દિવસે જ્યારે મહાવ્રતનાં અનુષ્ઠાન કરવાનાં હોય છે; ત્યારે આ રસ પ્રજાપતિની પાસે આવી પહોંચે છે.

સોમયાગમાં અધ્વર્યુ આ રસને એક ગ્રહ–પાત્રમાં ગ્રહણ કરે છે. આ ગ્રહનું નામ મહાવ્રત છે; તેમાં રસ લેવામાં આવે છે; માટે તેને ગ્રહ કહે છે. જ્યારે અધ્વર્યુ આ રસને ગ્રહણ કરવાનું કાર્ય કરે છે, ત્યારે ઉદ્ગાતા સ્તોત્ર–સૂક્ત ભણીને રસને ગ્રહમાં મુકે છે. આ સ્તોત્ર સૂક્તનું નામ મહાવ્રત છે. સામાન્ય રીતે બધાંજ સામગાન મહાવ્રતમાં ગણાય છે. એ રીતે બધાંજ સામથી ઉદ્ગાતા એ મહાવ્રત ગ્રહમાં રસ ભરે છે; તે વખતે હોતા ઋચાઓનાં શસ્ત્ર ભણે છે; તેને મહદ્ ઉકથ કહે છે, જેમાં બધી ઋચાઓથી હોતા મહાવ્રતમાં રસ મુકે છે.

પ્રજાપતિના શરીરમાં રસનાં સિંચન કરવાની આ પ્રક્રિયા છે. જો રસનાં સિંચન કરવામાં ન આવે, તો શરીરનાં પર્વ જોડાય નહિ. આને કારણે ત્રણ પ્રક્રિયાઓ સાથે સાથે કરવામાં આવે છે.

આ પરથી એક સામાન્ય નિયમ ઘડવામાં આવ્યો છે, કે સોમ યાગના મુખ્ય દિવસે સ્તોત્ર, શસ્ત્ર અને ગ્રહ–હોમ ત્રણેય સાથે થાય. એ રીતે આ સંવત્સર યાગમાં ઉદ્ગાતા સામગાન સ્તોત્રથી સ્તુતિ કરે, હોતા ઋચાઓનાં સૂક્તથી શસ્ત્ર–શંસન ભણે; ત્યારે અધ્વર્યુ વષટ્ના ઉચ્ચારણની સાથે પ્રજાપતિરૂપ અગ્નિમાં સોમરસની આહુતિ આપે. આ પ્રક્રિયાથી પ્રજાપતિનાં અંગોમાં રસનો સંયોગ થઈ જાય છે.

આમ સ્તોત્ર અને શસ્ત્રથી સંસ્કૃત થએલ સોમરસના ગ્રહનો હોમ પ્રજાપતિ-રૂપ અગ્નિમાં કરવામાં આવ્યો છે. અહીં મહાવ્રત નામના સ્તોત્રની સ્તુતિ કરી; એથી પુરતું છે અથવા તો મહદુકથ નામના સૂક્ત–શસ્ત્રથી શંસન કર્યાં; એ પુરતું છે, એમ માનવાને કારણ નથી. અહીંતો બધા ઋત્વિજો મુખ્યત્વે પ્રજાપતિરૂપ અગ્નિનાં દર્શન કરે છે. આમાં અગ્નિચયન કરવામાં આવ્યાં; તે તો માનોને કે પ્રજાપતિરૂપ અગ્નિનો આત્મા=દેહ છે. મહાવ્રત અને મહદુકથ એ બંને તો એક રસરૂપ બની ગ્રહની સંગત કરે છે. જે મહદુકથ છે. તે ઋચા છે અને મહાવ્રત સામ છે. એ બંને ઋગ્ અને સામના સાથ સહકારથી યજુ ગ્રહને ગ્રહણ કરી હોમ આપે છે.'

સામાન્ય રીતે યજ્ઞમાં મુખ્ય સ્થાન યજમાનનું છે. તે યજમાન સૌ પહેલાં બ્રહ્માનાં વરણ કરે છે, જે યજ્ઞનો સાક્ષી ગણાય છે. તેને મૌન પાળવાનું હોય છે. યજ્ઞમાં કોઈ કર્મ વધારે પડતું થઈ જાય. આહુતિઓ વધારે અપાઈ જાય કે પ્રમાણ વધી જાય; તે પણ દોષ ગણાય છે, તે રીતે કોઈ કર્મ રહી જાય કે ઓછું થાય, તે પણ દોષ ગણાય છે. આ દોષની નિવૃત્તિ બ્રહ્માએ કરવાની છે. સાથે, સાથે પ્રાયશ્ચિત કર્મ બ્રહ્માને કરાવવાનાં છે. આથી બ્રહ્મા ચારેય વેદોનો વિદ્વાન જોઈએ. તેનો મુખ્ય વેદ તો અથર્વ વેદ ગણાય; તેમાં તેનું વિશિષ્ટ જ્ઞાન હોવું જોઇએ.

યજમાન અને બ્રહ્મા યજ્ઞનાં મુખ્ય અંગ ગણાય છે; તેમને અધ્વર્યુ, ઉદ્‌ગાતા અને હોતા વાણીનો સહકાર આપે છે. અધ્વર્યુ યજ્ઞનો નિયામક ગણાય છે, કારણકે તેણે બધી પ્રક્રિયાઓ કરવાની છે. તેનું મુખ્ય કામ હોમ કરવાનું છે, પણ તે એકલો હોમ કરી શકે નહિ; તેને ઉદ્‌ગાતા અને હોતાના સાથ સહકાર જોઇએ. ઉદ્‌ગાતા સામગીતિ ગાય, હોતા સૂક્ત શસ્ત્ર ભણે અને અધ્વર્યુ યજુની પ્રક્રિયા પ્રમાણે અગ્નિમાં આહુતિનાં પ્રદાન કરે.

આ રીતે ઋચાઓ, યજુઓ અને સામગીતિ એ પ્રક્રિયા સાથે સાથે ચાલે છે. આને કારણેજ વેદત્રયી કે ત્રયીવિદ્યાની પ્રસિદ્ધિ છે.

આ મૂલ પ્રક્રિયા યજ્ઞ પરક છે અને યજ્ઞજ જીવનના ઉદ્ધારનું મુખ્ય કાર્ય ગણાય છે. ઉપર પ્રજાપતિ–સંવત્સર યાગના અનુસંધાનનું રહસ્ય બતાવ્યું, તેને વિષે આ બ્રહ્મવાદી વિશેષ જણાવે છે:

[1] 'પહેલાં પ્રજાપતિ–સ્વયંભૂ બ્રહ્માએ આ ત્રણેય લોકોપર વિજય પ્રાપ્ત કરવાની ઈચ્છા કરી. તેમણે પોતાના સ્વરૂપને એક વિશાળ પક્ષીના રૂપે જોયું.

(૧) શ. બ્રા. ૧૦, ૧, ૨

તેના આકાર પ્રમાણે તેમણે યજુઓની ઇષ્ટિકાઓથી અગ્નિનાં ચયન કર્યાં. તેમણે વિશાળ પક્ષીના બીજા આકારનાં દર્શન કર્યાં; તેના આકાર પ્રમાણે મહાવ્રત સ્તોત્રની રચના કરી; ત્યાર પછી પક્ષીના ત્રીજા આકારનાં દર્શન કર્યાં, તેના આકાર પ્રમાણે મહદુકથ–શસ્ત્રની રચના કરી.

અગ્નિચયનથી તેમણે આ લોક, મહાવ્રતથી અંતરિક્ષલોક અને મહદુકથથી સ્વર્ગ લોક મેળવી લીધો. હવે ત્રણ લોકનાં સાથે સર્જન થયાં છે, તે મેળવી લેવા માટે અગ્નિચયન, મહાવ્રત અને મહદુકથ ત્રણેય સાથે કરવાં જોઈએ.

'આનું તાત્પર્ય આ છે: આ પૃથ્વી લોકનાં સર્જન છે, તે તો અગ્નિનાં ચયન છે, અંતરિક્ષનાં સર્જન તે મહાવ્રત છે અને સ્વર્ગનાં સર્જન તે મહદ્ઉકથ છે. આ ત્રણેય લોકોનાં સર્જન સાથે સાથે થયાં છે આમાં અગ્નિચયન પહેલાં થાય છે. કારણકે બધા લોકોમાં પહેલાં આ લોકનાં સર્જન થયાં છે.

આ ત્રણ લોક અને તેમાંના અધિષ્ઠાતા દેવો, એ તો પ્રજાપતિના અધિદેવ રૂપે છે: અર્થાત્ દેવ અગ્નિ સાથે ભૂલોક, વાયુ સાથે ભુવર્લોક અને સૂર્ય સાથે સ્વર્લોક તે પ્રજાપતિનું આધિદૈવિક શરીર છે.

હવે એ પ્રજાપતિના આધ્યાત્મિક શરીરનું વર્ણન કરે છે. મન એ તો અગ્નિ છે, પ્રાણ એ તો મહાવ્રત છે અને વાણી એ તો મહદુકથ છે. આમ ત્રણેને સાથે મેળવવાં જોઈએ. મન, પ્રાણ અને વાણી પણ આત્માશરીરમાં સાથે રહે છે. આમાં અગ્નિનાં ચયન પહેલાં કરવામાં આવે છે. એ રીતે બધા પ્રાણ અને ઇંદ્રિયોમાં મનનાં સર્જન પહેલાં થયાં છે.

એક રીતે જુઓ, તો આ સંવત્સર પ્રજાપતિનું એકજ શરીર છે. જે અગ્નિ-ચયન છે, તે તો આ યજ્ઞનું મસ્તક છે. જે મહાવ્રત છે, તે તો યજ્ઞના પ્રાણ છે અને જે મહદુકથ છે, તે તો યજ્ઞનો આત્મા મધ્ય દેહ રૂપે છે. આ ત્રણેય પ્રક્રિયાઓ સાથે સાથે કરવી જોઇએ. તેનું કારણ છે કે, શરીરમાં શિર, પ્રાણ અને મધ્યદેહ-આત્મા સાથેજ રહે છે. હવે જેમ અગ્નિનાં ચયન પહેલાં કરવામાં આવે છે; તેનું રહસ્ય આ છે: જ્યારે માનવના બાલકનો જન્મ થાય છે, ત્યારે પહેલાં શિર આવે છે, પછી શરીર.

હવે આ ત્રણ પ્રક્રિયાઓ સાથે સાથે ચાલે; એ તો બની શકે એમ નથી. સામાન્ય યજ્ઞ તો સરળ રીતે થઈ શકે છે; તેમાં આ બધી પ્રક્રિયા લેવાતી નથી. તો પછી આ ત્રણના સાથ સહકાર શી રીતે થાય?

આને માટે તો વિશેષ પ્રકારનો સોમયાગ કરવો જોઇએ, જેને જ્યોતિષ્ટોમ–અગ્નિષ્ટોમ કહે છે. જીવનની વિશેષ સિદ્ધિ મેળવવી હોય; તો વિશેષ પ્રકારનાં કાર્ય કરવાં જરૂરી છે.

સામાન્ય માનવી સેવા પરોપકારનાં કાર્ય કરી શકતો નથી. તેને તો સામાન્ય જીવન પસંદ છે. જેમ પશુઓ અને પક્ષીઓ સામાન્ય જીવન જીવે છે, એમ જ માનવ પણ ખાવા, પીવા અને ખેલવામાં પોતાનું જીવન પસાર કરે; તો તેથી લાભ શું ?

જીવનને ઉન્નત બનાવવા માટે આ સોમયાગ એક આદર્શ રજૂ કરે છે. કુદરતમાં આ સોમયાગ ચાલી રહ્યા છે. સૂર્ય સવિતા બનીને સોમયાગ કરે છે, વાયુ પર્જન્ય બની વૃષ્ટિનાં દાન કરે છે, અગ્નિ અન્નને પકાવે છે. આ ત્રણ લોક, ત્રણ દેવ પોત પોતાના ધર્મ અને સ્વભાવને અનુસરી સેવાનાં કાર્ય કરે છે, તે તો પ્રજાપતિનો અધિદેવ–યજ્ઞ છે. આ તેમનું આધિદૈવિક શરીર છે. એજ રીતે માનવનું શરીર છે, તે પ્રજાપતિનું આધ્યાત્મિક શરીર છે. એકે એક માનવ પ્રજાપતિ છે. સ્વયંભૂ–બ્રહ્મા છે અને તેથી તેણે સ્વયંભૂ બ્રહ્મા બની આત્મયજન કરવાનાં છે.

સામાન્ય જીવનથી આગળ વધી; જ્યારે માનવ સેવા અને પરોપકારનાં કાર્યો શરુ કરે છે, ત્યારે તેને વિશેષ સાવધાન રહેવું પડે છે. ખાવા, પીવા ને ખેલવામાં પ્રમાદ સેવો, તેથી ખાસ અહિત થતું નથી. કો'ક વખત તો વ્યસન સેવવામાં પ્રમાદ રાખવો, એ ગુણ ગણાયો છે; પરંતુ જેણે સમાજની સેવા કરવી છે, જેણે રાષ્ટ્રનાં કાર્યો કરવાનું સ્વીકાર્યું છે, તેણે તો ખૂબ જ સાવધાની રાખવી જોઈએ.

આથીય આગળ વધીને આખા વિશ્વનાં કલ્યાણ કરવાની ભાવના જાગી છે; તે સંત મહાત્મા તો એક ઘડી પણ પ્રમાદ સેવી શકે નહિ. તેમનાં જીવન તો દૈવી પ્રેરણા પ્રમાણે ચાલે છે. સામાન્ય યજ્ઞ કરવાથી દેવો રાજી થાય છે અને દેવો તેની અભિલાષા પૂરી પાડે છે, પરંતુ જેણે પોતાના જીવનનો પુરેપુરો વિકાસ સાધી લીધો છે, તેને તો પછી દેવયજ્ઞ કરવાના પણ રહેતા નથી.

સેવા અને પરોપકાર કરવાની વૃત્તિ તેની સહજ સ્વયંભૂ બની જાય છે. આ પરમાર્થનાં કાર્યો કરનારને પૂછવામાં આવે; કે તમે આ કષ્ટ અને તપ વેઠીને, રાત-દિવસના ઉજાગરા કરીને, જાતની પણ પરવા કર્યા વિના કાર્યો કરો છો; તેનો હેતુ શું છે, ઉદ્દેશ શું છે ?

આ પ્રકારના વિચાર કરવા જેટલો અવકાશ પણ આવા મહાપુરુષને મળતો નથી. બીજાને સંતોષ આપવા માટે, તે ઉત્તર આપે છે.

'આ તો મારી કુદરતી પ્રેરણા છે. આ સ્વયંભૂ ભાવના છે. તે ભાવના સિદ્ધ ન થાય, તો આત્માને ખેદ થાય. પોતાના આત્માને પ્રસન્ન કરવા, પોતાના અંતઃ-કરણને સુખ આપવા આ કાર્ય ચાલી રહ્યાં છે.

આજે જેમ સમાજ અને રાષ્ટ્રના ઉત્થાનનાં મોટાં મોટાં કાર્યો ચાલી રહ્યાં છે, તે વિષેની યોજનાઓ ઘડાય છે અને તેમાં ઘણા પુરુષો સક્રિય કાર્યમાં જોડાઈ ગયા છે. આ રીતે પહેલાં પણ સમાજનાં અને રાષ્ટ્રનાં પરમાર્થ કાર્યો થતાં હતાં. ઘણા લોકો તે સેવાનાં કાર્યોમાં જોડાતા, તે કાર્યોને યજ્ઞની પરિભાષા આપવામાં આવી હતી.

કોઈપણ યજ્ઞ એકલાહાથે થઈ શકતો નથી. પરસ્પરના સાથ સહકાર જોઈએ. અનેક પ્રજાજનો જોડાય અને સેવાનાં કાર્ય—યજ્ઞનાં કાર્ય શરુ કરે, એવા યજ્ઞો લાંબા વખત સુધી ચાલૂ રહેતા. મોટા મોટા યજ્ઞો થાય, સાથે બધાના સાથ સહકારથી સત્ર ચાલૂ થતા હતા, ક્ષેત્રો ખોલવામાં આવતાં, બુદ્ધિશાળી અને અનુભવી જ્ઞાની-ઓ અને વિજ્ઞાનીઓ પણ તે કાર્યમાં ભાગ લેતા હતા.

એવે સમયે સભાઓનાં આયોજન થતાં, સમિતિઓ રચાતી, યોજનાઓ ઘડાતી, સંવાદો રચાતા. આ સંવાદો નિરર્થક ન ગણાતા. તે પ્રકારના સંવાદો બ્રહ્મોદ્ય ગણાતા. વિસ્તૃત વ્યાપક બ્રહ્મને ઉદ્દેશીને જે ચર્ચા કરવામાં આવે, તેથી સમાજ અને રાષ્ટ્રનાં હિત સધાય. આવા પ્રકારની એક બ્રહ્મોદ્ય—સભા યોજાઈ હતી; તેમાં એક ચર્ચા વિચારણા માટે મુકવામાં આવી :

૧ 'વિશેષ હિત કલ્યાણ કરનાર—શ્રેયાન્ કોણ—આત્મયાજી કે દેવયાજી?' આ વિષય પર ઘણી ચર્ચા—વિચારણા કરવામાં આવી. એવા અનેક યજ્ઞો છે, જેમાં દેવોનાં યજન કરવામાં આવે છે. એ દેવો રાજી થઈ, યજમાનની કામનાઓ પુરી પાડે છે. આ બધા દેવયજ્ઞો ગણાય અને તેનાં યજન કરનાર દેવયાજી ગણાય.

હવે જે જ્ઞાની પુરુષ છે, જેણે સર્વ વિશ્વમાં આત્માના સ્વરૂપનું દર્શન કર્યું છે. આત્માને સર્વદેવરૂપે જોઈ, અનુભવી, સેવા અને પરમાર્થનાં કાર્યો કરે છે, તે આત્મજ્ઞાની તો આત્મયાજી ગણાય.

સર્વ ચર્ચા—વિચારણાને અંતે બ્રહ્મોદ્યમાં નિર્ણય લેવાયો : 'આત્મયાજી એજ એક શ્રેયાન છે,' એમ જણાવવામાં આવ્યું. આ આત્મમાજી તો એમ જાણે છે કે, જે કોઈ યજ્ઞયાગ ચાલે છે, તેથી તો મારા અંગોને સંસ્કાર મળે છે. મારાં જ અંગોનું અનુસંધાન કરવામાં આવે છે. આત્મયાજી તો સર્વ પ્રાણીઓમાં પોતાના સ્વરૂપને જુએ છે.

---

૧. શ. બ્રા. ૧૧, ૨, ૬, ૧૩

જેમ સાપ પોતાની જીર્ણ શીર્ણ કાંચળી ફેંકી દઈ, મુક્ત બની જાય છે, એમ જ આત્મયાજી સંકુચિત વિચાર છોડી, વિશાળ જીવનમાં પ્રવેશ કરે છે. તેનાં બધાં પાપ છૂટી જાય છે. તે પોતે તો ઋચાને રૂપે, આહુતિના રૂપે પોતાની જાતને બનાવી દે છે. સ્વર્ગ લોક પણ તેને મળી જાય છે. તે જીવન્મુક્ત બની જાય છે.'

ગીતાની વ્યાપક ભાવનાનાં અહીં દર્શન થાય છે :

'એ દેવ બ્રહ્મ છે, જેને હું અર્પણ કરું છું, એ હવિર્દ્રવ્ય બ્રહ્મ છે, જેની હું આહુતિ આપું છું. એ અગ્નિ બ્રહ્મ છે અને હું પોતે પણ બ્રહ્મ છું, જે યજ્ઞનાં કાર્ય કરે છે. બ્રહ્મની સાથે કર્મનું અનુસંધાન કરવામાં આવ્યું છે, માટે બધાં જ કાર્યો બ્રહ્મને મળી જાય છે :

'ब्रह्मार्पणं ब्रह्महवि र्ब्रह्माग्नौ ब्रह्मणाहुतम् ।
ब्रह्मैव तेन गन्तव्यं ब्रह्मकर्म समाधिना ।

શ્રીમદ્‌ભગવદ્ ગીતા ૪, ૨૪

卐

# ● પરિશિષ્ટ—૧

## વિષય સંકલન

કાંડાનુક્રમ અને બૌધાયન ગૃહ્યસૂત્રને અનુસરીને, પ્રયોગ તિલકમાં જે પાંચ કાંડોનો નિર્દેશ છે; તેનું વિશદ વર્ણન યજુર્વેદ પરિચયની પહેલી પુસ્તિકાના પરિ-શિષ્ટમાં રજૂ થયું છે. તે પ્રમાણે પાંચ કાંડ પર એક એક પુસ્તિકા અહીં રજૂ કરી છે.

પહેલી પુસ્તિકા : પ્રજાપતિનું વ્રત, બીજી પુસ્તિકા : સૌમ્ય અધ્વર, ત્રીજી પુસ્તિકા અગ્નિહોત્ર, ચોથી પુસ્તિકા વૈશ્વદેવ અને પાંચમી પુસ્તિકા સ્વાયંભુવ. એ ક્રમને અનુસરી તૈત્તિરીય, કાઠક, મૈત્રાયણી અને વાજસની સંહિતા તેમજ તૈત્તિરીય અને શતપથ બ્રાહ્મણના વિષયોનાં સાર કથાનક અહીં આવી જાય છે.

પાંચમા સ્વાયંભુવ કાંડને સ્વાધ્યાય બ્રાહ્મણ તરીકે જણાવેલ છે. આ વિષય તૈત્તિરીય આરણ્યકમાં આવેલ છે. તેમજ શતપથ બ્રાહ્મણના અગિઆરમા કાંડમાં પણ સ્વાધ્યાય બ્રાહ્મણ આવે છે. બૌધાયન ગૃહ્યસૂત્રમાં જણાવ્યું છે કે :

स्वायम्भुवं काण्डं काठके पठितो विधि :।

પ્રાચીન પરંપરામાં તૈત્તિરીય અને કાઠક પરસ્પર અનુ સંગત છે; તે પ્રમાણે કાંડાનુક્રમમાં કાઠકના આઠ વિભાગ તૈત્તિરીય પરંપરાની સાથે જોડી દીધા છે, તેનો નિર્દેશ ત્રીજી પુસ્તિકાના પરિશિષ્ટમાં પૃષ્ઠ એંસી પર કર્યો છે; તે પ્રમાણે તૈત્તિરીય આરણ્યકમાં રજૂ થએલ સ્વાધ્યાય બ્રાહ્મણનો સમાવેશ આ પાંચમા સ્વાયંભુવ કાંઠમાં કરવામાં આવ્યો છે.

આ પાંચ કાંડોને યજ્ઞની પરિભાષામાં ગુંથવામાં આવે; તો (૧) પ્રજાપતિ એ યજમાન (૨) સૌમ્ય અધ્વર તે અધ્વર્યુ (૩) અગ્નિ અને અગ્નિચયન તે હોતા (૪) વૈશ્વદેવ તે ઉદ્ગાતા અને (૫) સ્વાયંભુવ તે બ્રહ્મા : એ રીતે યજમાન સાથેના ચાર ઋત્વિજોની સંગતિ સરળ રીતે સધાય છે.

પહેલાં જણાવ્યા પ્રમાણે યજુર્વેદના વિષયોમાં મનોવિજ્ઞાનની ભૂમિકા રજૂ થઈ છે અને તેમાં યજ્ઞને માધ્યમ આપવામાં આવ્યું છે. યજ્ઞની એ પરિભાષાઓ

પ્રાચીન છે અને તેની રજૂઆત પણ તેજ રીતે કરવામાં આવી છે; પરંતુ યજ્ઞ દ્વારા માનવના મન પર જે જે અસરો થાય છે અને મનોવૃત્તિને કેળવવા માટે જે સાધન ઉપાય રજૂ કરવામાં આવ્યા છે, તે જોતાં તો યજુર્વેદ એક મનોવિજ્ઞાનનો જ ગ્રંથ છે, એ દૃષ્ટિએ આજના વિદ્વાનોએ તેનો અભ્યાસ કરવો જોઈએ. મૂલ સંહિતાઓ અને બ્રાહ્મણ ગ્રંથોમાં આ વિષેનાં ઘણાં પ્રમાણો મળી આવ્યાં છે, તેનો યથાસ્થાને ઉપયોગ કર્યો છે.

આ પુસ્તિકાઓના લેખનનો હેતુ કેવળ મનોવિજ્ઞાન રજૂ કરવાનો નથી. પહેલી પુસ્તિકામાં જણાવ્યા પ્રમાણે યજુર્વેદની સંહિતાઓ અને બ્રાહ્મણ ગ્રંથોમાં જે વિષયો જોવાને મળે છે; તેમને પ્રકરણોમાં ગુંથીને મૂળ ગ્રંથોનાં લખાણોને ગુજરાતી ભાષામાં ઉતારવાનો છે. એ રીતે યજુર્વેદનો પરિચય કરવામાં સરળતા થાય.

ઋગ્વેદની જેમજ યજુર્વેદનું સાહિત્ય પણ વિપુલ છે અને તેનો અભ્યાસ સ્વતંત્ર રીતે કરવો જોઈએ. અહીં તો કેટલાક વિષયોને સંકલિત કરીને, સાર–કથાનક રીતે આપવાનો પ્રયત્ન છે; તેમાં બધા જ વિષયો આવી જતા નથી. એક માર્ગદર્શન ગણી શકાય.

તૈત્તિરીય સંહિતાનો અંગ્રેજી અનુવાદ ડૉ. એ. બી. કીથે કર્યો છે. શરુઆતની ભૂમિકામાં કાંડાનુ ક્રમ, પ્રાતિશાખ્ય અને બૌધાયન સૂત્રમાં બતાવેલ વિષયોનો ઉલ્લેખ છે. તે પછી સંહિતાના વિષયોની સાથે બીજી સંહિતાઓની તુલના વીસેક પાનામાં રજૂ થઈ છે. અભ્યાસ શીલ પાઠકને આ સંહિતાઓનો પરિચય સાધવામાં એ માહિતી ઘણીજ ઉપયોગી થશે.

એકંદર આ પાંચમી પુસ્તિકામાં સ્વાધ્યાય બ્રાહ્મણ ત્રીજા અને ચોથા પ્રકરણમાંજ સારી રીતે રજૂ કર્યું છે. પહેલાં એ પ્રકરણનો નિર્દેશ નીચે પ્રમાણે કરવામાં આવે છે.

### (૧) મન–મતિનાં જોડાણ પૃ. ૭

શ્રૌતયાગઃ અગ્નિહોત્ર, ઈષ્ટિ અને સોમ પ્રકૃતિયાગ તરીકે કરવામાં આવે છે; તેમાં સોમયાગની એક વિશેષ પ્રક્રિયામાં प्रवर्ग्य याग રજૂ થાય છે. તૈત્તિરીય સંહિતામાં તેના મંત્રો રજૂ થયા છે; પરંતુ ત્યાં તેનો સ્વતંત્ર નિર્દેશ નથી.

प्रवर्ग्यमंत्रा : प्रोच्यन्ते चतुर्थेऽस्मिन् प्रपाठके ।
तद् ब्राह्मणं पंचमे स्यात् तावन्योन्याभिकांक्षिणौ ॥

—સાયણ ભાષ્ય

તૈતિરીય આરણ્યકના ચોથા પ્રપાઠકમાં મંત્રો અને પાંચમા પ્રપાઠકમાં બ્રાહ્મણ-

વિવેચન રજૂ થાય છે, જે એકમેકનાં પૂરક છે. મૈત્રાયણી સંહિતાના ખિલ કાંડના પ્રપાઠકમાં પ્રવર્ગ્ય મંત્રો રજૂ થયા છે. ત્યાં તેને વિષેનાં બ્રાહ્મણ–વિવેચન જોવાને મળતાં નથી.

કાઠક સંહિતામાં એ વિષેના મંત્રો નથી. તૈત્તિરીયારણ્યકના સાયણ ભાષ્યમાં પ્રવર્ગ્યકાંડને કાઠકમાં હોવાનું જણાવ્યું છે; તેમજ અરણ્યમાં આ વિષયનાં અધ્યાપન થતાં, માટે તેનો સમાવેશ આરણ્યક કાંડમાં કરવામાં આવ્યો છે. ઐતરેય બ્રાહ્મણ (૧, ૧૮–૨૨) અને કૌષીતકિ બ્રાહ્મણ (૮, ૩–૭)માં આ વિષયનો સમાવેશ કરવામાં આવ્યો છે.

શુક્લ યજુર્વેદ–વાજસનિ સંહિતાના છેલ્લા પાંચ અધ્યાયો (૩૬–૪૦) અને શતપથ બ્રાહ્મણનું ચૌદમું કાંડ આ પ્રવર્ગ્યયાગનું નિરૂપણ કરે છે. શતપથના આ છેલ્લા કાંડને ઉત્તર કાંડ અથવા બૃહદારણ્યક કાંડ કહે છે. આમાંના પહેલા ત્રણ અધ્યાયોને પ્રવર્ગ્ય કાંડ કહે છે. છેલ્લા છ અધ્યાયો બૃહદારણ્યકોપનિષદ્ ને નામે પ્રસિદ્ધ છે; તેમાં પહેલો (ચોથા) અને બીજો (પાંચમો) અધ્યાય મધુકાંડ; ત્રીજો (છઠ્ઠો) અને ચોથો (સાતમો) અધ્યાય મુનિકાંડ તેમજ પાંચમો (આઠમો) અને છઠ્ઠો (નવમો) અધ્યાય ખિલકાંડ તરીકે પ્રસિદ્ધ છે. મૂલના અનુક્રમ પ્રમાણે આ શતપથ ચૌદમા કાંડના ચારથી નવ અધ્યાય છે.

આજે મુખ્ય દશ ઉપનિષદોમાં પહેલું ઈશાવાસ્ય અને દશમું બૃહદારણ્યક ઉપનિષદ છે. તે કાણ્વ શાખાને અનુસરે છે. કાણ્વશાખાની શુક્લ યજુર્વેદ સંહિતા પ્રસિદ્ધ છે. તેના ચાલીશમા અધ્યાયમાં અઢાર મંત્રો છે, તે રીતે કાણ્વ શાખાના શતપથ બ્રાહ્મણમાં સત્તર કાંડ છે. સતરમું કાંડ બૃહદારણ્યક ઉપનિષદ છે, જેનો આરંભ :

ऊषा वा अश्वस्य मेध्यस्य शिर : થી થાય છે. તે બંને પ્રસિદ્ધ ઉપનિષદોનો ક્રમ અહીં લેવામાં આવ્યો નથી. ચૌદકાંડવાળા આ શતપથ બ્રાહ્મણ (કાંડ ૧૦,૬ ૪, ૪)માં उषा वा अश्वस्य० એ પ્રકરણ રજૂ થયું છે, તેનો સમાવેશ ત્યાંના અગ્નિ રહસ્ય કાંડની સાથે કરવામાં આવ્યો છે.

સર્વાનુક્રમ સૂત્રમાં જણાવ્યું છે કે :

इषे त्वादि खं ब्रह्मान्तं विवस्वान् अपश्यत् ।

શુક્લયજુર્વેદ માધ્યંદિનીય વાજસની શાખાની સંહિતાનો પહેલો મંત્ર इषे त्वा ऊर्जे त्वा છે. આ મંત્ર તૈત્તિરીય, કાઠક, મૈત્રાયણી, કાણ્વ વગેરે સંહિતાઓમાં પણ રહેલો છે. અર્થાત્ યજુર્વેદની દરેક સંહિતા इषे त्वा થી શરુ થાય છે, પરંતુ

સમાપ્તિનો મંત્ર 'खं ब्रह्म' ફક્ત માધ્યંદિની શાખાની સમાપ્તિમાં છે. ચાલીશ અધ્યાયવાળી આ સંહિતાના મંત્રોના ઋષિં સવિતા છે.

જેમ खं ब्रह्म એ અંતિમ મંત્ર છે, એજ રીતે માધ્યંદિનીય વાજસનેયી શાખાના શતપથ બ્રાહ્મણ (૧૪, ૯, ૪. ૩૩)નું અંતિમ વાક્ય આ છે :

आदित्यानीमानि शुक्लानि यजूंषि वाजसनेयेन याज्ञवल्क्येनाख्यायंते ।

આદિ વંશપ્રવર્તક આદિત્ય સૂર્ય પાસેથી આ શુક્લયજુઓના મંત્રો પ્રાપ્ત થયા છે, તે પર વાજસનેય યાજ્ઞવલ્કયે આખ્યાન પ્રવચન કર્યાં છે. તેજ આ ચૌદકાંડ સાથેનું શતપથ બ્રાહ્મણ છે.

આજે પ્રસિદ્ધ દશ ઉપનિષદોમાંના પહેલા ઇશાવાસ્ય–જે કાણ્વ સંહિતાનો ચાલીશમો અધ્યાય ગણાય છે. તેની સમાપ્તિમાં खं ब्रह्म મંત્ર નથી, તેમજ દશમા ઉપનિષદ–બૃહદારણ્યક (૬, ૪) ની સમાપ્તિમાં आदित्यानीमानि નથી; પરંતુ स्वयम्भु ब्रह्मणे नमः છે. જે કાણ્વશાખાના શતપથ બ્રાહ્મણના છેલ્લા વાજસનેયક કાંડના અઢાર મા અધ્યાયનું છેલ્લું વાક્ય છે.

કાણ્વ અને માધ્યંદિની એકજ શુક્લયજુર્વેદ વાજસનીની બે શાખાઓ છે. પરંતુ બંનેની સંહિતાઓં અને શતપથ બ્રાહ્મણ જુદાં છે, એની તુલના અભ્યાસક માટે ઉપયોગી છે.

અહીં શરુઆતમાં એક જ કથાનાં બે અવતરણ રજૂ કર્યાં છે. શતપથ બ્રાહ્મણના ચૌદમા કાંડની શરુઆતમાં ઈન્દ્ર વગેરે દેવોએ યજ્ઞ શરુ કર્યો; તેમાં વિષ્ણુએ પોતાનું કાર્ય પુરૂ કર્યું; એટલે દૂર જઈ, ધનુષ્ય ટેકવી આસન જમાવ્યું. દેવો તરફથી ઉપદીકા–ઉધાઈએ જઈને દોરી તોડી નાખી, તેથી વિષ્ણુનું મસ્તક ઉડી ગયું. ઈન્દ્ર વગેરે દેવોએ યજ્ઞો ચાલુ રાખ્યા; તેમાં તેમને સફળતા મળી નહિ.

(શ. બ્રા. ૧૪, ૧, ૧, ૧–૧૭)

'દધ્યઙ આથર્વણ આ શુક્ર અને આ યજ્ઞ જાણતા હતા; જેથી એ યજ્ઞનું શિર જોડાય અને જેથી આ યજ્ઞ પૂરો થાય. ઋષિને આ વિદ્યા પહેલાં ઈન્દ્ર પાસેથી મળી હતી. સાથે તેમણે જણાવ્યું હતું કે,આ વિદ્યા તમે કોઈને જણાવશો; તો તમારૂં મસ્તક છેદાઈ જશે. આ વાત અશ્વિનીકુમારોએ જાણી. તેમણે તે વિદ્યાની ઋષિ પાસે માંગણી કરી. તેમના શિરને સાચવી રાખ્યું અને અશ્વના શિરને જોડી દીધું. અશ્વમુખે તેમણે વિદ્યા કહી, જે ઈન્દ્રના વજ્રથી ઉડી ગયું.

(શ. બ્રા. ૧૪, ૧ ૧૮–૨૪)

આ મસ્તકને જોડવાની વિદ્યા ઈન્દ્ર પાસેથી મળી. સાયણાચાર્ય તો ઋષિએ આ વિદ્યા ઈન્દ્રને આપેલી, એમ જણાવે છે. ઈન્દ્રે તે વિદ્યાનો ઉપયોગ કર્યો નહિ. તેમને કદાચ મસ્તક છેદાઈ જવાનો ભય લાગ્યો હોય !

બીજી પરંપરા પ્રમાણે તો વેદસાહિત્યમાં દેવ ઈન્દ્ર ઉત્તમ દેવ છે અને બ્રહ્મ-વિદ્યા તેમની પાસેથી મળેલી જણાવે છેઃ ઋગ્વેદમાં અશ્વિનીકુમારોને આ વિદ્યા ઋષિ પાસેથી મળી, તેનો (ઋ. સં. ૧, ૧૧૬, ૧૨) સ્પષ્ટ નિર્દેશ છે. જે પ્રમાણો અહીં શતપથમાં રજૂ કર્યાં છે.

આ પ્રવર્ગ્ય યજ્ઞના મંત્રો વાજસની સંહિતાના (૩૬–૪૦) પાંચ અધ્યાયોમાં રજૂ થયા છે. છત્રીશમા અધ્યાયમાં શાંતિપાઠ છે, જેનો વિનિયોગ આ યજ્ઞની શરુ-આતમાં કરવાનો છે.

આ પ્રવર્ગ્યના મંત્રો તૈત્તિરીય આરણ્યકના ચોથા પ્રપાઠકમાં છે, જેની શરુ-આત શાંતિપાઠના મંત્રોથી કરી છે. ચોથા અનુવાકથી પ્રવર્ગ્ય યજ્ઞના મંત્રો શરુ થાય છે.

અહીં સાયણાચાર્યે પાંચમા પ્રપાઠકના અનુવાકોને સાથે જોડી દીધા છે, કારણ કે તે પ્રવર્ગ્ય યજ્ઞના મંત્રોની વ્યાખ્યા બ્રાહ્મણ છે, એ પ્રમાણે પાંચમા પ્રપાઠકની શરુઆતમાં વિષ્ણુના મસ્તકને છેદાવાની કથા આવે છે.

અહીં દેવોના કહેવાથી અશ્વિનીકુમારો આવીને યજ્ઞનું મસ્તક જોડી દે છે. તેની નોંધ છે; પરંતુ આ વિદ્યા ઋષિ પાસેથી મળેલી, તેનો નિર્દેશ નથી.

આ બંને કથાઓની તુલના કરતાં તો આટલું તાત્પર્ય મળે છે કે; કોઈપણ સારાં કાર્ય કરવાં હોય, સમાજ કે રાષ્ટ્રને ઉપયોગી સેવાનાં કાર્ય કરવાં હોય, તો તેમાં અંગત સ્વાર્થ કે પ્રતિષ્ઠા જોવામાં આવે, તો કાર્ય અધૂરાં રહે. તેથી રાષ્ટ્રને ઘણું જ નુકશાન થાય.

તે સાથે દરેક માનવીએ પણ મન મતિનાં જોડાણ કરીને, સારાં કાર્ય કરવાં જોઈએ; એ તાત્પર્ય પણ મળી આવે છે.

### (૨) જીવનનું માધુર્ય પૃ. ૨૭

આ કથાની પ્રેરણા ઋગ્વેદ (૧, ૧૧૯, ૯)ના આ મંત્રથી મળી છે:

उत स्या वां मधुमन्मक्षिका रपन् मदे सोमस्य औशिजो हुवन्यति ।
युवं दधीचो मन आविवासथो अथा शिरः प्रति वामश्व्यं वदत् ।

મંત્રમાં જણાવેલ મક્ષિકા બીજી કોઈ નહિ; પણ મધમાખની રાણી સરઘા છે, એનો નિર્દેશ સાયણાચાર્ય પોતાના ભાષ્યમાં કરે છે :

हे अश्विनौ । मधुमत् : मधुमन्तौ युवाम् । स्या सा मक्षिका सरघा मधुकामा सती अरपत् अस्तौत्...युवां च तस्यै मक्षिकायै मधु दातुं मधुविद्यार्थिनौ सन्तौ दधीचः आथर्वणस्य ऋषेः मनः= चित्तं शुश्रूषया आ विवासथ पर्यचरतम् ।

હે મધુવિદ્યા જાણનાર અશ્વિનીકુમારો ! પોતે મધ શા માટે ભેગું કરે છે; એનું રહસ્ય જાણવાની ઈચ્છાથી મધમાખની રાણી સરઘા તમારી પાસે આવી; મધુર ગુંજન કરવા લાગી. તેને જે મધુવિદ્યાનું રહસ્ય જાણવું હતું, તેના જાણનાર તો ઋષિ દધીચિ છે; એ વાત અશ્વિનીકુમારો જાણતા હતા, માટે તેમણે સેવા શુશ્રૂષા કરીને ઋષિના મનને રાજી કર્યું અને પછી અશ્વના શિરથી દધીચિએ મધુ-વિદ્યા અશ્વિનીકુમારોને આપી.

અશ્વિનીકુમારોએ એ રહસ્ય સરઘાને જણાવ્યું હશે કે નહિ; તે વાત મહત્વની નથી. ખરૂં પૂછો, તો સેવા અને પરોપકારની વૃત્તિ એ બહારથી આવતી નથી, એ સ્વયંભૂ છે. તેનું સ્થાન માનવનું હૃદય છે. અંદરની વૃત્તિ ન જાગે; તો બહારના ઉપદેશો નકામા છે. એ સ્વાંયભુવ–સ્વયં પ્રેરણા છે. જે આ પુસ્તિકાનો મુખ્ય વિષય છે.

આ પ્રવર્ગ્ય વિદ્યા અને મધુવિદ્યાનું અનુસંધાન આ રીતે છે. કાણ્વ શાખાના શતપથ બ્રાહ્મણનું સંપાદન કરનાર વીલ્લેમન કલંદ જણાવે છેઃ

'શતપથ બ્રાહ્મણની રચના પૂર્વે યજુર્વેદ સંહિતાની રચના થઈ છે, તેમજ શતપથ બ્રાહ્મણ સંહિતાને અનુસરે છેઃ અર્થાત્ કાણ્વશાખાના શતપથ બ્રાહ્મણના સત્તરમા કાંડ તરીકે જે બૃહદારણ્યક ઉપનિષદ છે, તે કર્મપદ્ધતિને અનુસરીને સંક-લિત કરેલ યજુર્વેદ સંહિતાના છેલ્લા અધ્યાયની વ્યાખ્યા છે, જે ચાલીશમો અધ્યાય 'ઈશાવાસ્ય ઉપનિષદ' તરીકે પ્રસિદ્ધ છે.

સંહિતા અને બ્રાહ્મણગ્રંથો પર ભાષ્યો રચનાર પ્રાચીન આચાર્યોમાં ઉવટ, મહીધર, સાયણ, શંકરાચાર્ય, સુરેશ્વરાચાર્ય વગેરેના મતો ઉપયોગી છે. સર્વાનુ-ક્રમ સૂત્રમાં જણાવ્યું છે કે :

ऋचं वाचं पंचाध्यायीं दध्यङ् आथर्वणो ददर्श ।

અથર્વાના પુત્ર દધીચિ તે યજુર્વેદના છેલ્લા પાંચ અધ્યાયોના દૃષ્ટા છે, જેનો આરંભ 'ऋचं वाचम्' મંત્રથી થાય છે. દધીચિએ જે મધુવિદ્યા અને પ્રવર્ગ્ય વિદ્યા મેળવી હતી. તેનો નિર્દેશ ઋચામાં છેઃ

'आथर्वणायाश्विनौ दधीचे अश्व्यं शिरः प्रत्यैरतम् ।
सर्वा मधु प्रवोचद् ऋतायन् त्वाष्ट्रं यद् दस्त्रावपि कक्ष्यं वाम्

ऋग्वेद १, ११७, २२

'હે અશ્વિનીકુમારો અથર્વા દધીચિને ઘોડાનું શિર જોડી આપ્યું; તે ઋત-સદાચારને પાળનાર ઋષિએ ત્વાષ્ટ્ર–વિશ્વકર્માની શિલ્પ વિદ્યા અને તેનાં ગુપ્ત રહસ્ય–કક્ષ્યને રજૂ કરનાર મધુવિદ્યા હતી, તે તમને બતાવ્યાં છે.' બૃહદારણ્યક ઉપનિષદમાં જ્યાં ઉપરનો મંત્ર પ્રમાણ તરીકે બતાવ્યો છે. તેના ભાષ્યમાં શ્રી શંકરાચાર્યે જણાવ્યું છે કે: 'બ્રહ્મવિદ્યાની સ્તુતિ કરવા મધુવિદ્યાની આ આખ્યાયિકા છે.'

પ્રવર્ગ્ય કર્મનું અંગભૂત જે વિજ્ઞાન છે, તેજ ત્વાષ્ટ્ર મધુ છે. યજ્ઞના શિરનું છેદન થતાં; તેને જોડવાની ક્રિયાનું દર્શન છે, તેને જ ત્વાષ્ટ્ર મધુ કહે છે, તેમજ પરમાત્મ સંબંધી જે આત્મ વિદ્યા છે, તેને વિજ્ઞાન મધુ કહે છે. તે કક્ષ્ય છે, અર્થાત્ તેજ રહસ્યપૂર્ણ મધુવિદ્યા છે. આ શાંકર ભાષ્ય પર વાર્તિક રચતાં શ્રી. સુરેશ્વરાચાર્યે કારિકામાં જણાવ્યું છે:

दध्यङ् आथर्वणो अश्विभ्याम् उवाच द्विविधं मधु ।
प्रवर्ग्यांग रविध्यानं ब्रह्मध्यानमिति द्वयम् ॥

અથર્વાના પુત્ર દધીચિએ અશ્વિનીકુમારોને બે પ્રકારની મધુવિદ્યા જણાવી હતી. એક તો પ્રવર્ગ્ય યજ્ઞના અંગરૂપે, જેમાં પ્રવર્ગ્ય, ધર્મ અને મહાવીરમાં સૂર્યનાં ધ્યાન કરવાની સૂચના છે અને બીજી મધુ બ્રાહ્મણમાં રજૂ થઈ છે, જેમાં બ્રહ્મનું ધ્યાન ધરવાનું છે. આ મધુવિદ્યા તે ઈશાવાસ્યની આત્મવિદ્યા છે.

યજ્ઞના શિરને જોડવાની ક્રિયાને પ્રવર્ગ્ય વિદ્યા કહે છે. અધ્વર્યુ અને ઋત્વિજો મંત્રો ભણીને કાંપની માટી અને બીજી સાધન સામગ્રી લાવે છે, તેના મંત્રો વાજસની સંહિતાના સાડત્રીશમા અધ્યાયમાં તેમજ તૈત્તિરીય આરણ્યકના ચોથા પ્રપાઠકમાં છે. એ માટીથી ઘડાના આકારની કુલડી બનાવવામાં આવે છે, તેને મહાવીર કર્મ કહે છે.

આ મહાવીરમાં ઘી ભરવામાં આવે છે. આડત્રીશમા અધ્યાયના મંત્રો ભણીને તે અગ્નિ પર ગરમ કરવા મુકે છે. જેમ જેમ ઘી ગરમ થાય, તેમ તેમ તેમાં દૂધ રેડતા જાય, આ ઘી–દૂધના સંમિશ્રણથી જે ઘટ્ટ પદાર્થ તૈયાર થાય, તેને ધર્મ કહે છે. આ ધર્મ દેવોની આહુતિમાં અપાય છે અને તે ધર્મનાં ભક્ષણ

કરવામાં આવે છે. આ પ્રવર્ગ્યમાં કોઈ ઉણપ રહી જાય; તેનું પ્રાયશ્ચિત જણાવ્યું છે અને તેના મંત્રો ૩૯મા અધ્યાયમાં છે.

શતપથ બ્રાહ્મણના ચૌદમા પ્રવર્ગ્ય કાંડમાં આ પ્રવર્ગ્ય અને ધર્મનો મહિમા ગાયો છે. દધીચિ ઋષિ–દધ્યઙ આથર્વણનું નામ ઋગ્વેદમાં મળે છે; પરંતુ ત્યાં મંત્રના દ્રષ્ટા ઋષિ તરીકે તેમનું નામ નથી. તેમણે બતાવેલ પ્રવર્ગ્ય વિદ્યા અને મધુવિદ્યા આ પાંચ અધ્યાયોમાં આવે છે. પ્રવર્ગ્ય વિદ્યાનાં વર્ણન ત્રણ અધ્યાયોમાં છે, તે પછીનો ચાલીશમો અધ્યાય આત્મવિદ્યા છે, જે ઈશાવાસ્ય તરીકે પ્રસિદ્ધ છે. આજ દધ્યઙની મધુવિદ્યા છે. જેમ સાધન સંપન્ન અધિકારીજન વેદાન્તનાં શ્રવણ કરે, તેને આત્મજ્ઞાનનો લાભ થાય, એ રીતે આત્મવિદ્યાને મધુવિદ્યારૂપે જાણવા માટે પ્રવર્ગ્ય વિદ્યા જાણવી જોઈએ. તેણે કર્મ અને જ્ઞાનનાં મિલન કરવાનાં છે. તેણે મન અને મતિને જોડવાનાં છે. એજ ભાવે શતપથના ચૌદમા કાંડમાં ચોથા અને પાંચમા અધ્યાયમાં મધુ બ્રાહ્મણ છે, તે મધુવિદ્યાનું રહસ્ય બતાવે છે. આ બૃહદારણ્યક પર શાંકર ભાષ્ય નથી; પરંતુ શ્રીમદ્ વાસુદેવ બ્રહ્મભગવત્કૃત વાસુદેવ પ્રકાશ નામનું ભાષ્ય તેમજ દ્વિવેદી ગાંગનું ભાષ્ય છે. મધુકાંડ બે અધ્યાયોમાં છે, તે પછીના બે અધ્યાયોમાં મુનિકાંડ છે, તેની શરુઆતમાં જણાવ્યું છે કે: મધુકાંડ આગમપ્રધાન છે, અર્થાત્ તે મધુવિદ્યા વેદમાં મળે છે. તે વેદની વિદ્યાને ઉપાય–ઉપપત્તિ દ્વારા દૃઢ કરવા હવે યાજ્ઞવલ્કય કાંડનો આરંભ થાય છે. તે પછીના ખિલકાંડમાં પરિશેષ રૂપે એજ રહસ્ય–મધુવિદ્યાને વિશેષ દૃઢ કરવાનું જણાવ્યું છે. કાણ્વ શતપથ બ્રાહ્મણના બૃહદારણ્યક ઉપનિષદ પર શાંકરભાષ્ય છે, તે પર સુરેશ્વરાચાર્યનું વાર્તિક છે, તેમાં જણાવ્યું છે:

महता च यतोऽश्विभ्याम् आयासेनार्जिता पुरा ।
ब्रह्मविद्या ततो नास्या मुक्तौ स्यात् साधनं परम् ।

અશ્વિનીકુમારોએ ઘણા મોટા પ્રયત્ને આ બ્રહ્મવિદ્યા મેળવી હતી. તેથી તે એક મુક્તિનું પરમ સાધન છે. આમ સર્વ રીતે ઈશાવાસ્ય ઉપનિષદ મધુવિદ્યા ગણાય છે.

### (૩) મૃત્યુ પર વિજય પૃ. ૪૪

ભરદ્વાજ ઋગ્વેદના છઠ્ઠામંડળના ઋષિ છે; તે વિગત આ પહેલા છપાએલ વેદપરિચયની ત્રીજી પુસ્તિકામાંથી લીધી છે. આ કથા તૈત્તિરીય બ્રાહ્મણ (૩, ૧૦ ૯,) માં રજૂ થઈ છે: ત્યાં વિશેષમાં જણાવ્યુ છે કે. ત્રણ સો વર્ષ અધ્યયન કર્યા પછી વૃધ્ધ બ્રાહ્મણના વેશે ઈન્દ્ર આવે છે અને તેઓ જણાવે છે કે, તમે જે વિદ્યા મેળવવાની ભાવના કરો છો, તે ત્રણ વેદની વિદ્યાઓ તો આ ત્રણ પર્વત જેવી છે, જેમાંથી તમે ત્રણ મુઠી જેટલી વિદ્યા મેળવી છે.

આમાં વિદ્યા અને સ્વાધ્યાયનો મહિમા ગવાયો છે. આજે તો એકાદ પદવી મેળવી લીધી કે માણસ પોતાની જાતને બીજા કરતાં ઊંચી માનવા લાગે છે. પદવી મળી પછી જાણે કે તેને ભણવાનું રહેતું નથી.

સ્વાધ્યાય, સારા ગ્રંથોનાં વાચન અને વ્યાખ્યાન પ્રવચન એ તો માનવ જીવનને ઉન્નત કરે છે. વાચનથી કાંઈને કાંઈ નવું મળ્યા કરે છે. એજ જીવન છે. નવું નવું જાણવા માટે જેના હૃદયમાં તાલાવેલી નથી; તેનું તો જીવન જ નથી. એજ પ્રમાદ છે, એજ મૃત્યુ છે.

પ્રાચીન ઋષિઓએ આ સ્વાધ્યાય અને વિદ્યાની પરંપરા જોડતાં, મૂલ પુરુષને સ્વયંભૂ પ્રજાપતિ કહ્યા છે. આ પણ એક રહસ્ય છે. જેમ સેવા અને પરોપકારનાં કાર્યો દેખાદેખીથી થતાં નથી. તે એક પ્રેરણા છે, હૃદયની ભાવના છે. જે સ્વયંભૂ–આપોઆપ જાગે છે. એજ રીતે જેને સ્વાધ્યાય કરવાનું મન થાય છે; તેને પછી બીજા વિનોદો શુષ્ક લાગે છે. સાધારણ ભોગવિલાસ તરફ તેનું મન જતું નથી. તેની વૃત્તિ શાંત રહે છે.

જીવનના નિર્વાહ માટે અનેક કામધંધા છે. શિક્ષણ પણ જીવન માટેનો એક વ્યવસાય છે, પણ તેનાં મૂલ્ય મર્યાદિત નથી. જેણે પ્રેમથી અને હૃદયના ભાવથી શિક્ષક થવાનું સ્વીકાર્યું છે, તેને તો એક અનેરો આનંદ મળે છે. મનુષ્યે ઘણી સિદ્ધિ મેળવી હોય, પણ તેનું મસ્તક ગુરુ પાસે નમી પડે છે. જેણે જીવનના આરંભમાં અક્ષરજ્ઞાન આપ્યું; તેના ઉપકાર જીવનભર ભૂલાય નહિ. બીજા વ્યવસાયમાં કંટાળો આવે, ત્યારે સ્વાધ્યાયમાં તો રોજેરોજ તાજગી નવાનવા જ્ઞાનની વૃદ્ધિ થતી રહે છે.

વેદના સ્વાધ્યાય કરનાર વેદવિત્ બ્રહ્મજ્ઞાનીના શરીરમાં સર્વે દેવો નિવાસ કરે છે:

यावतीर्वै देवताः ताः सर्वा वेदविदि ब्राह्मणे वसति । तस्माद ब्राह्मणेभ्या वेद–विद्भ्यो दिवे दिवे नमस्कुर्यात् । नाश्लीलं कीर्तयेत् । एता एव देवता प्रीणाति ।

—તૈ. આ. ૨, ૧૫.

આ પૃથ્વી પર ઘણી પ્રકારના શ્રમ, પ્રયત્ન કરવામાં આવે છે: પરંતુ જે સ્વાધ્યાયનો પરિશ્રમ છે, તે તો પરિશ્રમનો અવધિ છે:

ये ह वै के च श्रमाः इमे द्यावापृथिवी अन्तरेण । स्वाध्यायो हैव तेषां परमता काष्ठा । तस्मात् स्वाध्यायो ऽध्येतव्यः શ. બ્રા. ૧૧, ૫, ૭, ૨

यदि ह वा अप्यभक्तः अलंकृतः सुहितः सुखे शयने शयानः स्वाध्यायमधीते । आ हैव स आनखाग्रेभ्यस्तप्यते । य एवं विद्वान् स्वाध्यायमधीते । तस्मात् स्वाध्यायो ऽध्येतव्यः । શ. બ્રા. ૧૧, ૫, ૭, ૫,

આ વિદ્વાન પોતાના મનગમતો સ્વાધ્યાય કરે, તો પણ તેની બધી ઇચ્છાઓ પુરી થાય છે. જે માટે મોટા મોટા યજ્ઞો કરવામાં આવે છે:

यद् यद्ध वा अयं छन्दसः स्वाध्यायमधीयते। तेन तेन हैवास्य यज्ञ क्रतुनेष्टं भवति।
શ. બ્રા. ૧૧, ૫, ૭

જે વિદ્વાન સ્વાધ્યાય કરે છે. તેણે તો સારી રીતે સ્નાન કરવાં જોઈએ, સારાં વેશભૂષા ધારણ કરવાં જોઈએ. સુઘડ સભ્યવેશે રહેવું જોઈએ. તેનાં આસન શયન આરામ નિવાસ વગેરેની સારી વ્યવસ્થા હોવી જોઈએ. તેનો સ્વાધ્યાય સુખે ચાલવો જોઈએ:

## (૪) જીવન મહાવ્રત પૃ. ૬૦

પ્રજાપતિનું વ્રત એ વિષયથી યજુર્વેદ પરિચયની પહેલી પુસ્તિકા શરુ કરી હતી. આ પાંચમી પુસ્તિકા સ્વાયંભુવ પ્રજાપતિની ભાવનાને રજૂ કરે છે. સેવા, સ્વાધ્યાય અને યજ્ઞ એ જીવનને ઉન્નત બનાવનાર ઉત્તમ વ્રત છે. સ્વાધ્યાયને તો પરમ તપ કહ્યું છે. ગીતામાં જણાવ્યું છે :

यज्ञदानतपः कर्म न त्याज्यं कार्यमेव तत् ।
यज्ञो दानं तपश्चैव पावनानि मनीषिणाम् ॥ ગીતા ૧૮, ૫

વેદ સાહિત્યમાં વ્રત શબ્દ વિશેષ અર્થમાં વપરાયો છે. ઈન્દ્રનું વ્રત, વરુણનું વ્રત, સૂર્યનું વ્રત એ સંદર્ભમાં તેમનાં સેવા અને પરોપકારનાં કાર્યો વ્રત ગણાય છે.

યજ્ઞની શરુઆતમાં સંકલ્પ લેવાય છે; તેમાં 'હું વ્રતનાં આચરણ કરીશ', એ સામાન્ય સંકલ્પ ગણાય છે, ત્યાં યજ્ઞ અંગેના નિયમોનાં પાલનમાં વ્રત શબ્દનો ઉપયોગ છે.

પહેલાં ચારેય વેદોનાં પઠન-પાઠન થતાં હતાં. આ વેદો કંઠે કરવામાં આવતા, કાને સાંભળવામાં આવતા. કાનથી શ્રવણ કરવાને કારણે શ્રુતિ ગણાય અને તે મુખે રખાય; જે મૌખિક પરંપરામાં ગુરુ અને શિષ્ય, પિતા અને પુત્ર પરંપરામાં સચવાતા હતા માટે તે આમ્નાય–મુખપાઠ ગણાય છે.

આ મૌખિક પરંપરાને સાચવવા કુલ, ગોત્ર, પ્રવર, શાખા પ્રમાણે વેદોનાં અધ્યયન શરુ કરવામાં આવે. શાખા પ્રમાણે વેદ ભણાય. એ વેદના પઠનને સ્વાધ્યાય ગણાય. તેને વ્રત કહે છે. વેદના સ્વાધ્યાય પુરા થાય, તે વ્રત પુરાં થયાં ગણાય. આને માટે કેટલાક નિયમ પાળવાના હોય છે.

જેણે વ્રત પુરાં કર્યાં, તે સ્નાતક ગણાય. વેદસ્નાતક. વેદ ભણે વેદ અને વ્રત પાળે તે વેદવ્રતસ્નાતક, એકલાં વ્રત પુરાં કરે, તે વ્રતસ્નાતક. આ સ્નાતક શબ્દ આજે પણ વપરાય છે જીવનની શુદ્ધિમાં વિદ્યાનો વિશેષ હેતુ છે. જીવનમાં સંસ્કાર ઘડવાનું કાર્ય વિદ્યા કરે છે.

સ્વાધ્યાય જીવનના ઘડતરમાં એક આવશ્યક અંગ છે, તે પ્રયોગમાં આ વ્રત શબ્દ છે, તેને જ વિશાળ અર્થમાં સ્વીકારી યજ્ઞ, દાન અને તપ એ ત્રણ કર્મોને વ્રતમાં સમાવી લીધાં છે.

# • પરિશિષ્ટ ૨

## સ્વાધ્યાય-પ્રશંસા

—अथात : स्वाध्यायप्रशंसा ।

મનુષ્યે દરરોજ અમુક કામ કરવાં જોઇએ, એ રીતે તેણે દરરોજ સારાં ગ્રંથોનાં વાચન, પઠન, પાઠન, અભ્યાસ, વ્યાખ્યાન–વિવેચન વગેરેને એક સ્વાધ્યાય–અનુષ્ઠાન સમજી; તેનાં સેવન કરવાં, તે એક બ્રહ્મયજ્ઞ છે. તેની આ પ્રશંસા છે, મહિમા છે.

—प्रिये स्वाध्याय प्रवचने भवत : युक्तमना भवति ।

જેણે રોજે રોજનાં વિદ્યા વ્યાસંગ, પઠન–પાઠન, સારા ગ્રંથના અભ્યાસ વગેરે છોડી દીધાં હોય છે, તેને તો વાંચવાનું મન થતું નથી. નકામી વાતો કરવામાં અને રમત ગમતમાં તેનો વખત ચાલ્યો જાય છે. આમ અભ્યાસ છોડી દીધા પછી વિદ્યા–ભણતર ઝેર જેવાં લાગે છે. अनभ्यासे विषं विद्या ! ધીરે ધીરે અભ્યાસમાં મન પરોવવાથી; તે સ્વાધ્યાય અને પ્રવચન પ્રિય લાગે છે. રોજે રોજ સ્વાધ્યાય–પઠનપાઠન કરવાની રુચિ જાગે છે. તેમાં તેનું મન જોડાઈ જાય છે. ધીરે ધીરે તેમાં મન લાગી જાય છે. તેના મનની ચંચળતા દૂર થાય છે. મન એકાગ્ર બને છે.

—अपराधीनो अहरहरर्थान् साधयते ।

જેણે સ્વાધ્યાયને પોતાના જીવનની એક સાધના ગણી લીધી છે, તેને પછી બીજાને પરાધીન રહેવું પડતું નથી. તેને રોજે રોજના ઉપાયો જડી આવે છે. સ્વાધ્યાયને કારણે નવી નવી વાતો જાણવાની મળે છે અને તેને કારણે તે જીવન નિર્વાહ માટે નવાં નવાં ધન સાધન શોધી કાઢે છે. તેને જોઈતા અર્થ–પદાર્થો મળી આવે છે.

—सुखं स्वपिति । परमचिकित्सक्र आत्मनो भवति । इंद्रियसंयमश्च ।

જેને આજીવિકાનાં સાધન મળતાં નથી; તે ચિંતામાં ડૂબેલો રહે છે. તેને નીરાંતની ઉંઘ પણ આવતી નથી. હવે જેણે વિદ્યાનાં સેવન કર્યાં છે; તેને કોઈ ચિંતા

---

શ. બ્રા. ૧૧. ૫. ૭

રહેતી નથી. તેનાં કામ આપોઆપ બનવા લાગે છે. કોઇ અડચણ આવે, અંતરાય આવે, તનના કે મનના રોગ વિકાર જાગે; તો તેના ઉપાય તે પોતે કરી લે છે. તેને કોઈ વૈદ્ય ડૉકટરની સલાહ લેવી પડતી નથી. તે પોતે પોતાનો વૈદ્ય બની જાય છે અને પોતાની જાતને સુધારી લે છે. તેને આપોઆપ પોતાની ઇંદ્રિયો પર કાબૂ આવી જાય છે. ને તે સંયમ સેવવા લાગે છે.

—एकारामता च। प्रज्ञावृद्धिः। यशोलोकपक्तिः।

તે પોતે પોતાની અંદરજ આરામ શોધી લે છે. તેને મનોરંજન માટે બહારના ભોગવિલાસોની જરૂર પડતી નથી. નવાં નવાં પઠન-પાઠન કરવાને કારણે તેની પ્રજ્ઞા બુદ્ધિમાં વધારો થાય છે અને તેને સારા-નરસાની સમજ પડે છે. તેનાં યશ અને પ્રતિષ્ઠા વધવા લાગે છે. તેના પરિણામે લોકો તેની પાસે સલાહ સૂચન લેવા આવે છે.

—प्रज्ञा वर्धमाना चतुरो धर्मान् ब्राह्मणम् अभि निष्पादयति। ब्राह्मण्यं, प्रतिरुपचर्याम्, यशोलोकपक्तिम्।

જેણે વિદ્યાનાં સેવન શરુ કર્યાં; તે તો બ્રહ્મ-વેદોના મંત્રોનો અભ્યાસી બની જાય છે. વેદવિદ્યા સર્વ પ્રકારની વિદ્યાઓનું મૂળ છે, વિદ્યા તેનો એક પ્રિય વ્યવસાય બની જાય છે. તેને કારણે ભણવું અને ભણાવવું. તે પઠન-પાઠન, તે પ્રમાણે સેવા પરોપકાર-યજ્ઞનાં કાર્ય જાતે કરવાં અને બીજાને સેવાનાં કાર્યોમાં જોડવા: આ ચાર પ્રકારના ધર્મ આ કાર્ય તેના જીવન-નિર્વાહનાં સાધન બની જાય છે. હવે માણસ જેવા વ્યવસાય કરે, એવો બને. જીવનને ઘડનારાં આ કાર્યો છે. માણસ જૂઠના સોદા કરતો હોય, ખરાબ સાધન માર્ગે અટવાઈ પડયો હોય; તેની કોઈ આબરૂ રહેતી નથી; પણ સારા વ્યવસાય કરનારની આકૃતિ સૌમ્ય બને છે. તેના જીવનનાં કાર્યો પણ સરળતાથી ચાલવા લાગે છે. તેને કારણે લોકોમાં પણ તેની પ્રતિષ્ઠા વધતી જાય છે. વિદ્યાજ સાચા યશ અને પ્રતિષ્ઠા વધારે છે.

—लोकः पच्यमानः चतुर्भिर्धर्मैं ब्राह्मणं भुनक्ति अर्चया च दानेन च; अज्येयतया च अवध्यता च ॥ १ ॥

એ વિદ્યાપ્રેમી સજ્જનની પ્રતિષ્ઠા લોક સમાજમાં સારી રીતે જામી જાય; પછી તો બધા લોકો તે વિદ્યાગુરુ-બ્રહ્મનિષ્ઠ પુરુષના જીવનનિર્વાહનું કાર્ય ઉપાડી લે છે. પહેલું તો તેને બધા સારી રીતે આવકારે છે; તેનાં માન-સન્માન કરવા લાગે છે. તેને જે કોઈ ચીજ-વસ્તુની જરૂર પડે; તે તેને આપે છે. તેના યોગ

અને ક્ષેમ બંને લોકો ચલાવે છે. તેનાં જાન-માલની હાનિ થવા દેતા નથી. તેનો વધ કરવાની વૃત્તિજ જાગતી નથી. તેનો કોઈ વિરોધી બનતો નથી. તે સમાજમાં નિર્ભય બની જાય છે.

—ये ह वै के च श्रमाः, इमे द्यावापृथिवी अन्तरेण । स्वाध्यायो हैव तेषां परमता काष्ठा । य एवं विद्वान् स्वाध्यायमधीते । तस्मात् स्वाध्यायो ऽध्येतव्यः ॥ २ ॥

આકાશથી પૃથ્વી સુધીના લોકોને જીવનનિર્વાહ માટે ઘણા શ્રમ પ્રયત્નનાં કાર્યો કરવાં પડે છે. એ રીતે સ્વાધ્યાય-પઠનપાઠન પણ એક મહાન પરિશ્રમ છે. એમ માનોને કે બીજા પરિશ્રમ સહેલા છે; સ્વાધ્યાય માટેના શ્રમ-પ્રયત્ન બધા કરી શકતા નથી. વિદ્યાનાં અર્જન કરવાં, વિદ્યા મેળવી લેવી; એ તો બધા પ્રકારના કામધંધાની અવધિ છે. સ્વાધ્યાયની એ પ્રતિષ્ઠા છે, પ્રશંસા છે; એ બાબતને સારી રીતે જાણી લીધા પછી, વિવેકી બુદ્ધિશાળી પુરુષે સ્વાધ્યાય-પઠન પાઠનનાં સેવન કરવાં જોઇએ. માનવ જીવન મેળવી લીધા પછી; આ એકજ પરિશ્રમ કરવાનો છે અને તે સ્વાધ્યાયનાં અધ્યયન.

—यद् यद् ह वा अयं छंदसः स्वाध्यायमधीते । तेन तेन हैवास्य यज्ञक्रतुनेष्टं भवति । य एवं विद्वान् स्वाध्यायमधीते । तस्मात् स्वाध्यायोऽध्येतव्यः ॥ ३ ॥

બીજાં વ્રત, તપ વગેરેનાં અનુષ્ઠાનમાં તો કેટલાક નિયમો પાળવાના અને મર્યાદાઓ સેવવાની હોય છે; ત્યારે સ્વાધ્યાય તો વિદ્વાન સ્વચ્છંદે પોતાની મરજી પ્રમાણે કરે. એક એક યજ્ઞ જેવા મહાન કાર્યથી જે પ્રકારનાં ઇષ્ટ કાર્ય સધાય; એ પ્રકારેજ વિદ્યાસેવી વિદ્વાનનાં ઈષ્ટ કાર્ય સિધ્ધ થાય છે અને તેના મનોરથ સફળ બને છે. આને કારણે વિવેકી વિદ્વાન સારી રીતે સ્વાધ્યાય-પઠન પાઠન કરતો રહે છે. સ્વાધ્યાય પ્રમાણે અધ્યયન કરવાં; એમ તે સમજતો હોય છે.

—यदि ह वा अप्यभक्तः अलंकृतः सुहितः सुखे शयने शयानः स्वाध्यायमधीते । आ हैव स नखाग्रेभ्यस्तप्यत । य एवं विद्वान् स्वाध्यायमधीते । तस्मात् स्वाध्यायोऽध्येतव्यः ॥ ४ ॥

જે અભ્યાસી વિદ્વાન છે; તેની દિનચર્યા સુખે ચાલવી જોઈએ. તેનાં વેશ ભૂષા સુઘડ સભ્ય હોવાં જોઇએ; એને કારણે તે રોજે રોજ શરીર પર તેલની માલીશ કરી સારી રીતે સ્નાન કરે, સ્વચ્છ સુઘડ વેશભૂષા ધારણ કરે. ખાનપાન વગેરે હિતકારી આહાર-વિહારનાં સેવન કરે. તેનાં આસન, શયન, નિવાસ વગેરે સુખ સગવડ પ્રમાણે ગોઠવેલાં રહે. આમ સરળ, સભ્ય, સુઘડ રહીને તે પોતાના સ્વાધ્યાય. પઠનપાઠનનાં સેવન કરે. સાચેજ, તે રોજે રોજના સ્વાધ્યાય કરે છે, તેજ તેનાં

મોટામાં મોટાં તપ છે. તે તો પોતાના પગના નખથી શિર સુધી તપતો રહે છે. આમ વિવેકી વિદ્વાન સ્વાધ્યાય કરતો રહે. એ સ્વાધ્યાય તેણે રોજે રોજ કરવાના છે.

—मधु ह वा ऋचः। घृतं ह सामानि। अमृतं यजूंषी। यध्ध वा अयं वाकोवाक्यमधीते। क्षीरौदनमिश्रौद[1]नौ हैव तौं ॥ ५॥

એ વિદ્યાસેવી રોજે રોજ વેદોના સ્વાધ્યાય કરે છે; તેમાં ઋચાઓ મધના રૂપે, સામ–ગીતિઓ ઘીના રૂપે અને યજુના મંત્રો અમૃતના રૂપે છે. તે બાદ જે સંવાદ, આખ્યાન–પ્રવચન વગેરે છે, તે તો દૂધપાક અને મિશ્ર સુગંધિત મીઠાભાત જેવાં છે.

—मधुना ह वा एष देवान् तर्पयति। म एवं विद्वान् ऋचोऽहरहः स्वाध्यायमधीते। त एनं तृप्तास्तर्पयन्ति सर्वैः कामैः सर्वैं र्भोगैः ॥ ६ ॥

તે વિદ્યાસેવી વેદપાઠી રોજે રોજ ઋચાઓનાં પઠન–પાઠન કરે છે, તેતો મધનાં નૈવેદ્ય ધરી, દેવોને તૃપ્ત કરે છે. તેથી તૃપ્ત થએલા દેવો તેને બધી કામનાઓ અને ભોગ સાધનોથી રાજી રાખે છે.

—घृतेन ह वा एष देवान् तर्पयति। य एवं विद्वान् सामान्यहरहः स्वाध्यायमवीते। त एनं तृप्तास्तर्पयन्ति सर्वैः कामैः सर्वैं र्भोगैः ॥ ६ ॥

જે વિદ્યાપ્રેમી વિદ્વાન રોજે રોજના સ્વાધ્યાયમાં સામગાનનાં પઠન પાઠન કરે છે, તે ઘીનાં પદાર્થોનાં નૈવેદ્ય આપીને દેવોને રાજી કરે છે. તેથી રાજી થયેલ દેવો તેને બધી કામનાઓ અને સુખભોગનાં સાધનોથી રાજી રાખે છે.

—अमृतेन ह वा एष देवान् तर्पयति। य एवं विद्वान् यजूंषि अहरहः स्वाध्यायमधीते। त एनं तृप्ताः तर्पयन्ति सर्वैः कामैः सर्वैं र्भोगैः ॥ ८ ॥

તે વિદ્યાસેવી વિદ્વાન રોજે રોજના સ્વાધ્યાયમાં યજુ–મંત્રોનાં પઠન પાઠન કરે છે, તે અમૃત સમાન નૈવેદ્યથી દેવોને રાજી રાખે છે. તેથી રાજી થયેલ દેવો તેને બધી કામનાઓ અને સુખ ભોગનાં સાધનોથી રાજી રાખે છે.

—क्षीरौदनमिश्रौदनाभ्यां ह वा एष देवान् तर्पयति। य एवं विद्वान् वाकोवाक्यमितिहास-पुराणमिति अहरहः स्वाध्यायमधीते। त एनं तृप्ताः तर्पयन्ति सर्वैः कामैः सर्वैं र्भोगैः ॥ ९ ॥

---

૧. અહીં મૂલમાં **मांसौदनौ** પાઠ છે, ત્યાં માંસથી મેદમાંસ વધારનારા વાજીકરણ પદાર્થો સમજવાના છે. વેદસેવી માટે માંસભક્ષણ અત્યંત નિષિદ્ધ છે.

તે વિદ્યાસેવી વિદ્વાન રોજે રોજના સ્વાધ્યાયમાં સંવાદ, ઇતિહાસ, પુરાણ વગેરેનાં પઠન પાઠન કરે છે, તે દૂધપાક, મિષ્ટાન્નભાત વગેરેનાં નૈવેદ્યથી દેવોને રાજી રાખે છે. તેથી રાજી થએલા દેવો તેની બધી કામનાઓ અને સુખભોગનાં સાધનોથી રાજી રાખે છે.

—यंति वा आप : । एति आदित्य : । एति चन्द्रमा : । यन्ति नक्षत्राणि । यथा ह वा एता देवता नेयुर्न कुर्यु : । एवं हैव तदहर्ब्राह्मणो भवति यदह : स्वाध्यायं नाधींते । तस्मात् स्वाध्यायोऽध्येतव्य : । तस्मादपि ॠचं वा यजुर्वा साम वा गाथा वा कुम्ब्यां वा अभिव्याहरेत्–व्रतस्याव्यवच्छेदाय ॥ १० ॥

જેમ નદીઓનાં જલ કુદરતી પ્રેરણાથી વહેતાં રહે છે, સૂર્ય આકાશમાં ગતિ કરે છે, ચંદ્ર વનસ્પતિઓમાં ગતિ કરે છે અને તારા નક્ષત્રો પોત-પોતાના નિયમ પ્રમાણે ગતિ કરે છે, એમજ વેદસેવી વિદ્વાન જે રોજે રોજનાં સ્વાધ્યાય-પઠન પાઠન કરે છે, તે તેને માટે સહજ-સ્વાભાવિક કુદરતી નિયમ જેવાં બની જાય છે. આ સૂર્ય, ચંદ્ર, નક્ષત્ર, નદીઓ વગેરે તો કુદરતને અનુસરીને સેવા પરોપકારનાં કાર્યો કરનારા દેવો છે. એ દેવો પોતાના રોજે રોજના વ્યવહારો બંધ કરી દે, એવું તો ન બને ને ? એમજ બ્રહ્મ-વેદમંત્રોના સ્વાધ્યાય કરનાર વિદ્યાસેવી વિદ્વાન એકાદ દિવસ પઠનપાઠન સ્વાધ્યાય છોડી દે, એવું તો ન બને. ધારોકે, વેદપાઠીના સ્વાધ્યાય એકાદ દિવસ ન થાય; એ તો કુદરતના નિયમનું ઉલ્લંઘન થયું ગણાય ! માટે રોજેરોજ ના સ્વાધ્યાય કરતાં રહેવું જોઇએ.

આ તો એક વ્રત છે, જીવન ભરનું અનુષ્ઠાન છે, તે એકાદ દિવસ માટે પણ છૂટે નહિ; એ નિયમ સાચવવા માટે એકાદી ઋચા, યજૂનો મંત્ર, સામનું ગાન કે એકાદી ગાથા કે વ્યાખ્યા જેવો સ્વાધ્યાય તો કરવોજ.

卐ANAND ARTS COLLEGE, ANAND.
LIBRARY
Computer Code No. ______
Computer Library Acc No. ______

# વિદ્યાનાં રક્ષણ અને સ્વાધ્યાય

## –રામેન્દ્ર સુંદર ત્રિવેદી

ગૃહસ્થોએ હંમેશાં કરવાના પંચ મહાયજ્ઞની વાત દરેક હિંદુ જાણે છે. મનુષ્યમાત્ર જન્મથી જ કેટલાંક ઋણોથી બંધાઈ અવતરે છે. દેવો મનુષ્યના ભાગ્યના વિધાતા છે. પિતરોએ તેને મનુષ્ય જન્મ આપ્યો છે ઋષિઓ જે વિદ્યા ફેલાવી ગયા છે, તે વિદ્યાએજ તેમને બીજો ઉત્તમ જન્મ આપ્યો છે; સગાં વહાલાં, પડોશીઓથી માંડીને સમાજની દરેક વ્યક્તિ તેમનાં રક્ષા કરે છે. માટે એ બધાંના દેવામાં મનુષ્યો બંધાએલા છે.

જગતમાં તે એકલો આવ્યો નથી અને એકલો જવાનો નથી. આખા જગતે એકી સાથે મદદ કરી, તેની હયાતી ટકાવી રાખી છે; આ વાત સ્મરણમાં રાખી જગતનાં બધાં પ્રાણીઓ પાસે ઋણ સ્વીકારવાને તે બંધાએલો છે. વાસ્તવિક રીતે આ ઋણ કોઇ વાળી શકે તેમ નથી; તો પણ આ ઋણનો સ્વીકાર ન કરવાથી જગતની વ્યવસ્થા પ્રતિ, વિશ્વના વ્યાપાર પ્રતિ, ઉધ્ધતાઈ અને અવજ્ઞા બતાવાય છે. માનવ, વિશ્વવ્યાપારને તું પ્રણામ કર.

નવાઈ એ છે કે, આ યજ્ઞોમાં ઋષિયજ્ઞને બધા યજ્ઞોની ઉપર, એટલું જ નહિ પણ દેવયજ્ઞની પણ ઉપર સ્થાન આપવામાં આવ્યું છે. આ ઋષિયજ્ઞ તે વેદાધ્યયન અથવા વિદ્યા પ્રાપ્ત કરવી એ છે. એનુંજ બીજું નામ બ્રહ્મયજ્ઞ છે. એ વિદ્યાના જે ઋષિ છે, તેઓજ સમાજની વિશિષ્ટ સંસ્કૃતિના પ્રતિષ્ઠાતા છે.

તૈત્તિરીય આરણ્યક કહે છે કે– 'સમાજના એ આદિ પ્રતિષ્ઠાતાએ તપ કર્યું એટલે સ્વયંભૂ પોતે તેની આગળ આવી ઉભા અને તેઓએ બ્રહ્મયજ્ઞનો ઉપદેશ આપ્યો; ત્યારથી તેઓ ઋષિ થયા.'

વેદપંથી સમાજના દરેક ગૃહસ્થને એ ઋષિઓ પાસેથી વેદવિદ્યા મળી છે. અને તે વિદ્યાનું રક્ષણ કરવાને તેઓ બંધાએલા છે. એ વિદ્યાના રક્ષણ માટે દરરોજ તેનું અધ્યયન કરવાની જરૂર છે અને એ અધ્યયન એજ બ્રહ્મયજ્ઞ છે. યજ્ઞ કરવા માટે નાના પ્રકારના સામાનની જરૂર પડે છે. નાના પ્રકારની ક્રિયાની જરૂર પડે છે. શતપથ બ્રાહ્મણ કહે છે:

'આ જે બ્રહ્મયજ્ઞ છે તેનું વાકય એ જુહુ છે, મન ઉપભૃત છે, ચક્ષુ ધ્રુવા છે, મેધા સ્રુવ છે સત્ય અવભૃથ સ્નાન છે અને સ્વર્ગલોક તેની સમાપ્તિ છે. ઋગ્મંત્ર આ યજ્ઞમાંની ક્ષીરાહુતિ છે. યજુમંત્ર એ આજ્યાહુતિ છે, સામંત્ર એ સોમાહુતિ છે અથર્વાંગિરસ મંત્ર એ મેદાહુતિ છે, પુરાણ, ઇતિહાસ વગેરે એની મધુ આહુતિ છે.

'પાણી ચાલે છે, આદિત્ય ચાલે છે, ચંદ્ર ચાલે છે. નક્ષત્રો ચાલે છે ગતિક્રિયા શાંત થતાં જગતરૂપી યંત્રની જે અવસ્થા થાય, તેવી જ અવસ્થા અધ્યયન ન કરનાર ગૃહસ્થના ઘરની થાય છે.' આ છેલ્લું વાકય આપણી યુનીવર્સિટીના સેનેટ હાઉસના દરવાજા પર કોતરી રાખવું જોઈએ.

–યજ્ઞરહસ્ય પૃષ્ઠ : ૧૭૬, ૧૭૮

ANAND ARTS COLLEGE, ANAND
LIBRARY
Computer Code No
Computer [illegible] 9

ANAND ARTS COLLEGE, ANAND.
LIBRARY
Computer Code No.
Computer Library Acc No.
12581

## વેદ પરિચય (ઋગ્વેદ) પુસ્તિકા : ૧ થી ૬ : મૂલ્ય રૂા. ૧૨–૫૦

### કેટલાક અભિપ્રાયો

આપણા વિષ્ણુદેવ પંડિત વેદને પચાવી શકયા છે; તેથી તેમની પાસેથી જે 'વેદ પરિચય' મળે છે તે વેદ સમજવા માટે અત્યંત ઉપયોગી છે જ, પણ એથીય વિશેષ એમની વાણીથી વેદ વિશે ઉત્સાહ અને પ્રેમ પેદા થાય છે.

શ્રમમાંથી જે શ્રી પેદા કરે છે, તે શ્રમ આશ્રમને લાયક છે; બાકીના બધા શ્રમો થકવે છે. હું સ્પષ્ટ જોઉં છું કે, વિષ્ણુદેવે વેદ ઉપર પરિશ્રમ કરી, વૈદિક ઋષિઓના આશીર્વાદ મેળવ્યા છે અને તેથીજ એમના લખાણમાંથી આપણને પ્રસન્નતાની શ્રી મળે છે. ખરો વેદપ્રચાર આવા શ્રીયુકત પંડિતો દ્વારાજ થઇ શકે છે.

— કાકાસાહેબ કાલેલકર

## યજુર્વેદ પરિચય પુસ્તિકા : ૧ થી ૫ : મૂલ્ય રૂા ૧૦–૦૦

વેદના જે ઉત્તમ અંશો છે એ હંમેશાં તાજગીભર્યા લાગે છે અને સમગ્ર માનવકુળની મોંઘી સંપત છે. વેદમાં કવિત્વથી અને અધ્યાત્મથી ધબકતો શબ્દ સાંપડે છે. આવા અંશોનું ચયન કરી, તેના શબ્દાર્થ પાશ્ચાત્ય મહાવિદ્વાનોએ કરેલા પરિશ્રમોનો લાભ લઈ સુરેખપણે રજૂ કરી, ભાષાન્તર સાથે આપવામાં આવે એ જરૂરી છે. આ સ્તુત્ય કાર્ય આપણા નવા વિદ્વાનોની રાહ જુએ છે.

દરમ્યાન મારા મિત્ર શ્રી વિષ્ણુદેવ પંડિત, જેઓની વૈદિક સાહિત્યમાં અકુતોભય ગતિ છે; તેમના હાથે વેદપરિચયની પુસ્તિકાઓની શ્રેણી તૈયાર થતી આવે છે. એથી વેદમાં રસ લેનારાઓ માટે એક મદદરૂપ કેડી અંકાતી આવે છે.

વિષ્ણુદેવમાં કલ્પક શક્તિ પણ છે, શાસ્ત્રભાર ખંખેરી નાખી, વૈદિક સાહિત્યમાંથી રોચક અને દ્યોતક કોઇ ને કોઇ કથાતંતુ પકડી લઈ તેઓ નમૂનાઓ રજૂ કરે છે અને વાચકના માનસને શબ્દના ભાર નીચે દબાવા દેવાને બદલે વાતાવરણ જમાવીને વેદની ફોરમથી ભરી દે છે — ઉમાશંકર જોષી

આર્યાવર્તે આવા ઘણા દિવસો જોયા છે, જ્યારે વેદનાં અધ્યયન અધ્યાપન દ્વારા વેદોની રક્ષા કરતા રહ્યા છે. આજે તે પ્રાચીન દિવસો વીતેલા દિવસો રહ્યા નથી; છતાં તેનું સ્મરણ બ્રાહ્મણના મસ્તિષ્કમાં આજે પણ છે. ભારતમાતાની કુક્ષિને દીપાવનારા આચાર્યશ્રી વિષ્ણુદેવ પંડિત જેવા વિદ્વાન આજે પણ ભારતીય ધરાને શોભાવનારા છે.

તેઓએ અનેક દિશાઓમાં પરિભ્રમણ કર્યા પછી પોતાના સ્થાને આવી જવાનું છેવટે વિચાર્યું, તે ઘણું સારૂં થયું. આચાર્યશ્રી સુંદર વિચારક અને વેદચિંતક છે. ચિંતન પછીજ વેદોનું રહસ્ય જાણી શકાય છે. ખરૂં રહસ્ય તો આનો ઉપદેષ્ટાજ જાણતો હશે, પણ તેણે જે મેધા આપણને આપી છે; તેનો ઉપયોગ અવશ્ય ફળદાયી નિવડે છે. આચાર્યશ્રી વિષ્ણુદેવજી અત્યારે વેદનાજ તત્વચિંતનમાં તલ્લીન છે અને વેદોમાંથી નવીન અર્થ શોધવા માટે પ્રયત્નશીલ છે.

— પંડિતરાજ સ્વામિશ્રી ભગવદાચાર્યજી

**યજુર્વેદ પરિચય પુસ્તિકા છઠ્ઠી થોડા સમયમાં બહાર પડશે.**